ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-06

# ભારતનો ઈતિહાસ

(ઈ.સ. ૧૮મી સદીના મધ્ય ભાગથી ૧૯મી સદીના મધ્ય ભાગ સુધી)

(મુખ્ય વિષય)

વિભાગ

# 3

# બ્રિટિશ જીત અને સત્તાનું દઢીકરણ

# (British Conquest and Consolidation)


| | |
|---|---|
| એકમ : 8 પૂર્વ ભારતમાં અંગ્રેજો - બક્સર સુધી<br>British in Eastern India upto Buxar) | 7 |
| એકમ : 9 સંઘર્ષ અને વિસ્તરણ - દક્ષિણ ભારત<br>(Conflict and Expansion : South India) | 15 |
| એકમ : 10 આંગ્લ-મરાઠા અને મૈસૂર વિગ્રહો<br>(Anglo - Maratha and Mysore Wars) | 24 |
| એકમ : 11 બ્રિટિશ વિસ્તરણ - ઉત્તર ભારત<br>(British Expansion - North India) | 31 |
| એકમ : 12 ભારતીય સરહદો પાર બ્રિટિશ વિસ્તરણ<br>(British Expansion Beyond Indian Frontiers) | 39 |
| એકમ : 13 સામ્રાજ્યવાદી વિચારસરણી : પૌર્વાત્યવાદીઓનો ભારત વિશેનો ખ્યાલ અને ઉપયોગિતાવાદીઓ (Imperial Ideology : Orientalist Construction of India and The utilitarions) | 49 |
| સંદર્ભ-ગ્રંથો | 58 |

## Expert Committee

Prof. K. N. Panikkar (Chairman)
Prof. B. D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi
Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad
Prof. A. J. Syed
History Department
Bombay University
Bombay
Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History and Culture
Calcutta University
Calcutta
Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi
Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad
Dr. Kapil Kumar (Convenor)
Dr. A. R. Khan
IGNOU,
New Delhi

## Course Team

Mr. Salil Misra
Mrs. Indira Sharma
Mr. Ajay Mahurkar } Course
Mr. Swaraj Basu } Co-ordinator

## Block Preparation Team

| Unit No. | Contribution | Faculty Members |
|---|---|---|
| 8 & 10 | Mr. Swaraj Basu<br>School of Social Sciences<br>IGNOU | Mr. Ajay Mahurkar |
| 9 | Mrs. Vishalakshmi Menon<br>Deptt. of History<br>Jessu and Mary College<br>New Delhi | Mr. Salil Misra |
| 11 | Dr. Shashi Bhushan Upadhyay<br>Research Associate<br>University Grants Commission | Mr. Swaraj Basu |
| 12 | Dr. Rajiv Lochan<br>Deptt. of History<br>Punjab University<br>Chandigarh | Mr. Salil Misra |
| 13 | Mr. Ajay Mahurkar<br>School of Social Sciences<br>IGNOU | Mr. Swaraj Basu |

## Course Editor

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

© *Indira Gandhi National Open University, 1989*

આ પુસ્તિકામાંની મૂળ પ્રત ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

| | |
|---|---|
| ડૉ. એસ. વી. જાની | 'શિવમ્',<br>સેતુબંધ સોસાયટી,<br>મહિલા કોલેજ પાછળ,<br>રાજકોટ-360 001. |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. કે. સી. બારોટ | પ્રાધ્યાપક,<br>એલ. ડી. આર્ટ્સ કોલેજ,<br>અમદાવાદ-380 009. |
| ડૉ. એમ. એમ. પઢિયાર | પ્રાધ્યાપક,<br>એલ. ડી. આર્ટ્સ કોલેજ,<br>અમદાવાદ-380 009. |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | રીડર<br>ભાષા સાહિત્ય ભવન,<br>ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ-380 009. |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. પી. કે. મહેતા | નિયામક,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ-380003 |

## સંયોજન સહાય :

| | |
|---|---|
| શ્રી એસ. એચ. બારોટ | મદદનીશ કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ-380003 |


: પ્રકાશક :

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481


© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ : 3 બ્રિટિશ જીત અને સત્તાનું દૃઢીકરણ (British Conquest and Consolidation)

તમે પ્રથમ વિભાગમાં મોઘલ સામ્રાજ્યનું વિઘટન અને પ્રાદેશિક સત્તાઓના ઉદયની પ્રક્રિયાનો અભ્યાસ કરી ગયા. તે સમયે અંગ્રેજ સત્તાધીશો આ પ્રાદેશિક સત્તાઓને 'દેશીય સત્તાઓ' તરીકે ઓળખાવતા હતા. આ સમયે ભારતમાં રાજકીય સત્તા અને વ્યાપારમાં હિસ્સો મેળવવા માટે સ્પર્ધા કરનારી વિદેશી સત્તાઓમાં મુખ્યત્વે બ્રિટિશ અને ફ્રેંચ હતા. તમે બીજા વિભાગમાં શીખી ગયા કે કેવા સંજોગોમાં વ્યાપારી મૂડીવાદના વિકાસની પ્રક્રિયાના ભાગ તરીકે યુરોપીય ઇસ્ટ ઇન્ડિયા કંપનીઓનો વિકાસ થયો. આ ત્રીજા ભાગના એકમોમાં તમે અભ્યાસ કરશો કે 18મી સદીના મધ્ય ભાગથી 19મી સદીના મધ્ય સુધીમાં ભારતીય રાજ્યવ્યવસ્થામાં કેવું પરિવર્તન આવ્યું અને કેવી રીતે અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં બ્રિટિશ આધિપત્ય સ્થાપ્યું. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં કહીએ તો 'આ ભૂમિ પર અંધકારના ઓળા ફેલાયા અને વેપારીઓના હાથમાં રહેલાં ત્રાજવાં સામ્રાજ્યવાદી રાજદંડમાં પરિવર્તિત થયાં.'

અહીં આપણે ઇસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા ભારતની જીતના દરેક તબક્કા અને તેને લગતી વિગતોનો ઇતિહાસ તપાસવાનો પ્રયાસ નથી કરતા. આપણે માત્ર કેવા સંજોગોમાં પ્રાદેશિક સત્તાઓ બ્રિટિશ આક્રમણનો સામનો કરવામાં નિષ્ફળ ગઈ તેની સ્પષ્ટતા કરવા પર ભાર મૂકીશું. સાથે એ પણ તપાસીશું કે સમગ્ર ભારતીય રાજ્યતંત્ર અને તેને સંબંધિત પ્રાદેશિક ઘટકોની નબળાઈઓ માટેનાં પાયાનાં કારણો ક્યાં હતાં. તેથી આપણે તવારીખવાર અને ક્રમાનુસાર આવતા બ્રિટિશ ગવર્નર અને તેમના વિજયોની વિગત કે માહિતી આપતા નથી. તેને બદલે આપણે અગાઉ વિભાગ એકમાં (તમે વિભાગ એક અને ત્રણને સાથે વાંચશો તો વધારે સ્પષ્ટ ખ્યાલ આવશે) દર્શાવ્યા મુજબ વિવિધ પ્રાદેશિક વિસ્તારોમાં જે સ્વરૂપમાં બ્રિટિશ સત્તાનો વિકાસ થયો તે તપાસીશું. અહીં પ્રથમ ચાર એકમો (નં. 8 થી 11)નો આ મુખ્ય હેતુ છે. ત્યાર પછી આપણે ભારતીય ઉપખંડના સરહદી વિસ્તારોમાં બ્રિટિશ સત્તાનો ફેલાવો કેવી રીતે થયો તે ટૂંકમાં (એકમ 12માં) જોઈશું. છેવટે તમને ઉદ્‌ભવતી બ્રિટિશ સામ્રાજ્યવાદી વિચારસરણી સાથે ભારતમાં બ્રિટિશ શાસન કેવી રીતે દૃઢીભૂત કરવામાં આવ્યું તેની રીતરસમનો ખ્યાલ આપવામાં આવશે (એકમ 13).

એક વ્યાપારી કંપની-પેઢીમાંથી પ્રાદેશિક વિસ્તરણ અને રાજકીય આધિપત્ય સ્થાપવા માટે અંગ્રેજો ક્યાં કારણોસર પ્રેરાયા ? ઇસ્ટ ઇન્ડિયા કંપનીના માધ્યમ દ્વારા ભારતમાં બ્રિટને સામ્રાજ્ય સ્થાપ્યું તેથી તેને આર્થિક રીતે કેવો ફાયદો થયો ! ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ કેવા પ્રકારની આર્થિક નીતિ અખત્યાર કરી, અને આ નીતિ તેમજ ખાનગી વ્યાપારને ક્ષેત્રે તેની પ્રવૃત્તિની ભારત પર કેવી અસર થઈ ? આવા કેટલાક પ્રશ્નો આપણને આ વિભાગના અભ્યાસની પ્રક્રિયાને સમજાવવામાં મદદરૂપ થશે. ચોથા વિભાગના એકમોમાં આ સવાલો રજૂ કરવામાં આવશે.

# એકમ : 8 પૂર્વ ભારતમાં અંગ્રેજો - બકસર સુધી (The British in Eastern India upto Buxar)

રૂપરેખા


8.0 હેતુઓ અને પ્રસ્તાવના
8.1 બ્રિટિશ જીત પહેલાં બંગાળ
8.2 અંગ્રેજો દ્વારા બંગાળની જીત, 1757-65
8.2.1 સિરાજ-ઉદ્-દૌલા અને અંગ્રેજો
8.2.2 મીરજાફર અને અંગ્રેજો
8.2.3 મીરકાસીમ અને અંગ્રેજો
8.2.4 મીરકાસીમ પછી
8.3 રાજકીય કાયાપલટ માટેનો ખુલાસો
8.4 બ્રિટિશ સફળતાનું મહત્ત્વ
8.5 સારસંક્ષેપ
8.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
8.7 ચાવીરૂપ શબ્દો


## 8.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

બ્રિટિશ સામ્રાજ્યવાદી પ્રથા હેઠળ બંગાળની જીત સાથે ભારતમાં બ્રિટિશ આધિપત્યના ઇતિહાસની શરૂઆત થાય છે. આ એકમને વાંચ્યા પછી તમે -

- અંગ્રેજો દ્વારા બંગાળની જીતની પૂર્વભૂમિકા સમજી શકશો.
- બંગાળના નવાબોના હાથમાં સત્તા અંગ્રેજો પાસે કેવી રીતે આવી તે શીખી શકશો.
- સત્તાના પરિવર્તન માટેનાં પરિબળો અને તેનું મહત્ત્વ સમજી શકશો.

આ એકમમાં 1757થી 1765ના ગાળા દરમિયાન બંગાળના નવાબો પાસેથી સત્તા અંગ્રેજોના હાથમાં ક્રમશઃ કેવી રીતે આવી તેની ચર્ચા કરવામાં આવી છે, વિભાગ-1ના બીજા એકમમાં બ્રિટિશ સામ્રાજ્યવાદી પ્રથા હેઠળ બંગાળની જીતનો ખ્યાલ તમે મેળવ્યો છે. આ એકમમાં એ જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે કેવી રીતે અંગ્રેજો અને બંગાળના નવાબો વચ્ચેની વ્યાપારી હરીફાઈએ એકંદરે 1750ના દાયકાના બનાવોની દિશા નક્કી કરી. કેટલાક ઇતિહાસકારોએ જે રીતે જોવાનો પ્રયાસ કર્યો છે તેમ કોઈ એક નવાબની વ્યક્તિગત નિષ્ફળતા બ્રિટિશ સત્તાના વિકાસ માટે નિર્ણાયક પરિબળ ન હતું. તેમ છતાં બંગાળના સ્વતંત્ર શાસનના છેવટના પતન માટે 18મી સદીમાં શરૂ થયેલો વહીવટી ભ્રષ્ટતાનો ફાળો પણ મહત્ત્વનો તો હતો જ. અહીં આપણે પ્રથમ બંગાળની બ્રિટિશ જીતની પૂર્વભૂમિકા તથા 1757 થી 1765ના સમય દરમિયાનની રાજકીય ઘટનાઓની ચર્ચા કરી છે. ત્યાર પછી આ સત્તાપલટા માટેનાં કારણો તેમજ પ્લાસી અને બકસરના યુદ્ધનું મહત્ત્વ સમજાવ્યું છે. એ ભૂલવું ન જોઈએ કે આ બંને યુદ્ધ ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યના વિસ્તરણની પ્રક્રિયા માટેનાં મહત્ત્વના સીમાચિન્હ હતાં.

## 8.1 બ્રિટિશ જીત પહેલાં બંગાળ (Bengal Before the British conquest)

તમે બીજા વિભાગમાં જોઈ ગયા છો કે યુરોપમાં અર્થતંત્રે સામંતશાહી પ્રથામાંથી મૂડીવાદી અર્થતંત્રનું સ્વરૂપ ધારણ કર્યું અને ત્યાર પછી રાજ્યનિયંત્રિત વ્યાપારી મૂડીવાદમાંથી ઔદ્યોગિક મૂડીવાદ પરિણમ્યો, જેને પરિણામે કેટલીક યુરોપીય સત્તાઓ વચ્ચે સાંસ્થાનિક સામ્રાજ્ય સ્થાપવા માટે તીવ્ર સ્પર્ધા શરૂ થઈ. સામ્રાજ્યવાદી વિસ્તરણની આ પ્રક્રિયામાં 17મી સદીથી ડચ, ફ્રેંચ તથા અંગ્રેજ કંપનીઓએ પોતાનું ધ્યાન બંગાળ પર કેન્દ્રિત કર્યું. કારણ કે આ વિદેશી કંપનીઓ માટે બંગાળની સંપત્તિ અને ઊજળું વ્યાપારી ભવિષ્ય મુખ્ય આકર્ષણ હતાં. બંગાળ અંગે ઉલ્લેખ કરતાં ઔરંગઝેબના શાસન દરમિયાન આવેલ પ્રવાસી ફ્રાંકોઈ બર્નિયર લખે છે : ''આ પ્રદેશની વિપુલ સમૃદ્ધિએ પોર્ટુગીઝ, અંગ્રેજો તથા ડચમાં પ્રચલિત એવી કહેવતને જન્મ આપ્યો છે કે બંગાળ રાજ્યમાં આવવા માટે સેંકડો દરવાજા ખુલ્લા છે, પરંતુ અહીંથી બહાર જવા માટે એક પણ નથી.''

18મી સદીમાં બંગાળમાંથી યુરોપમાં જે નિકાસ થતી હતી તેમાં મુખ્યત્વે સુરોખાર, ચોખા, ગળી, મરી, ખાંડ વગેરે જેવો કાચો માલ ઉપરાંત રેશમ, સુતરાઉ કાપડ તથા હસ્ત-કારીગરીની બીજી વસ્તુઓનો સમાવેશ થતો હતો. 18મી સદીની શરૂઆતમાં એશિયામાંથી થતી બ્રિટિશ આયાતનો 60% જેટલો માલ બંગાળમાંથી આવતો હતો. અંગ્રેજો આ પ્રદેશમાં જે રસ દાખવ્યો તેનાં મહત્ત્વના કારણમાં બંગાળ સાથેનો વ્યાપાર મુખ્ય હતો.

અંગ્રેજોએ 1630ના દાયકાથી બંગાળ સાથેનો સંપર્ક શરૂ કર્યો. પૂર્વ ભારતમાં પ્રથમ અંગ્રેજ કંપની ઓરિસ્સાના બાલાસોરમાં 1633માં સ્થપાઈ અને ત્યાર બાદ હુગલી, કાસીમબજાર, પટણા અને ઢાકામાં સ્થપાઈ. 1690ના દાયકાથી અંગ્રેજ કંપનીએ સુતનતી, કલકત્તા અને ગોવિંદપુર જેવાં ત્રણ ગામની જમીનદારીના હક મેળવ્યા અને કલકત્તાની સ્થાપના સાથે બંગાળમાં અંગ્રેજ વ્યાપારી વસાહતની આ પ્રક્રિયા પૂરી થઈ. 1680થી બંગાળમાં અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું વાર્ષિક રોકાણ £ 1,50,000 જેટલું થયું.

17મી સદીથી અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને બંગાળમાં મુક્ત રીતે વ્યાપાર કરવાની છૂટ મળી. તેના બદલામાં કંપની મોઘલ સમ્રાટને વાર્ષિક રૂ. 3000 (£ 350) જેટલી રકમ આપતી. આ નાની રકમના બદલામાં કંપની દર વર્ષે બંગાળમાંથી £ 50,000થી પણ વધારે કિંમતના માલની નિકાસ કરતી.

બંગાળ પ્રાંતના સૂબાઓ કંપનીને પ્રાપ્ત થયેલા આ વિશેષાધિકારની તરફેણમાં ન હતા, કારણ કે તેને લીધે પ્રાંતની આવકને મોટું નુકસાન થતું હતું. તેથી પ્રાંતીય સૂબાઓ અંગ્રેજ કંપનીને વ્યાપારના બદલામાં વધારે રકમ આપવાની ફરજ પાડવા માટે મોઘલ સમ્રાટો પર હંમેશાં દબાણ કરતા. જ્યારે અંગ્રેજો જુદા-જુદા ઉપાયો દ્વારા વ્યાપાર પર પોતાનો સંપૂર્ણ અંકુશ સ્થાપવા પ્રયાસ કર્યા. મુર્શિદકુલીખાને બંગાળમાં પોતાની સ્વતંત્ર હકૂમત સ્થાપી. તે અંગ્રેજોના વ્યાપારી વિશેષાધિકારોની તરફેણમાં ન હતો. કારણ કે તેને લીધે બંગાળની આવકમાં ઘણો ઘટાડો થતો હતો. આમ, 18મી સદીના મધ્ય ભાગ પહેલાં જ બંગાળની સ્થાનિક સરકાર અને અંગ્રેજ વ્યાપારી હિતો વચ્ચે સંઘર્ષ શરૂ થયો.

જ્યારે એક બાજુ બંગાળના નવાબી શાસન માટે વ્યાપારી હિતો ગંભીર ખતરારૂપ હતાં, તો બીજી બાજુ બંગાળના પ્રાંતીય વહીવટીતંત્રમાં કેટલીક નબળાઈઓ પણ હતી. તમે વિભાગ 1ના બીજા એકમમાં જોઈ ગયા છો કે મોઘલ સામ્રાજ્યના વિઘટનને પરિણામે બંગાળમાં સ્વતંત્ર સત્તા કેવી રીતે ઉદ્‌ભવી.

આ પ્રાદેશિક સત્તાની સ્થિરતાનો આધાર નીચે દર્શાવેલ કેટલીક શરતો પર હતો :

- નવાબનું શાસન સ્થાનિક ઉમરાવોના વગદાર જૂથના ટેકા પર આધારિત હતું.
- નવાબને હિંદુ મુતાસેદ્દી(Mutaseddis)ના ટેકાની જરૂર હતી. કારણ કે નાણાકીય વહીવ. તેમના હાથમાં હતો.
- નવાબને મોટા જમીનદારોના ટેકાની પણ જરૂર હતી. કારણ કે તેમના તરફથી પ્રાપ્ત થતી મહેસુલી આવક ઉપરાંત તેઓ જરૂર પડે ત્યારે નવાબને લશ્કરી મદદ પણ કરતા, અને પોતાના વિસ્તારમાં કાયદો-વ્યવસ્થા જાળવતા.
- શરાફો તથા વ્યાપારી પેઢીઓના ટેકાની અને તેમાં પણ ખાસ કરીને બંગાળની સૌથી મોટી શરાફી પેઢી એવી જગત શેઠની પેઢીના ટેકાની નવાબને જરૂર હતી.

આ બધાં વિવિધ જૂથો પોતપોતાનાં હિતોને અનુલક્ષીને નવાબ પાસેથી જુદી જુદી અપેક્ષાઓ રાખતાં હતાં. આ વિવિધ હિતો ધરાવતાં જૂથો વચ્ચે યોગ્ય સમતુલા જળવાય તેના પર નવાબના શાસનનો આધાર હતો. સામાન્ય લોકોને શાસક તથા આ વિવિધ જૂથો વચ્ચેના સત્તાના સમીકરણમાં ક્યાંયે સ્થાન ન હતું. આમ પ્રજા તો જમીનદારોની વધતી જતી માગણીઓનો ભોગ બનતી હતી; જ્યારે નવાબ તરફથી તેમને કોઈ રક્ષણ મળતું ન હતું. આમ પ્રજાને સામ્રાજ્યવાદ વિરોધી સંઘર્ષમાં સામેલ કરવાની શાસકોની કોઈ ઇચ્છા ન હતી. કારણ કે તેમની પાસે એવી ઇતિહાસદષ્ટિનો જ અભાવ હતો.

## 8.1.2 અંગ્રેજો દ્વારા બંગાળની જીત : 1757-65 (The British Conquest of Bengal : 1757-65)

1757થી 1765 સુધીનો બંગાળનો ઇતિહાસ વાસ્તવમાં નવાબો પાસેથી અંગ્રેજોના હાથમાં સત્તા કેવી રીતે આવી તેનો ઇતિહાસ છે. આ આઠ વર્ષના ટૂંકા ગાળા દરમિયાન બંગાળ પર ત્રણ નવાબો - સીરાજ-ઉદ્-દૌલા, મીરજાફર અને મીરકાસીમે શાસન કર્યું. પરંતુ તેઓ નવાબ તરીકેની પોતાની સર્વોપરિતા ટકાવવામાં નિષ્ફળ ગયા, અને છેવટે સત્તા અંગ્રેજોના હાથમાં આવી. આપણે હવે બંગાળમાં 1757થી 1765ના સમયગાળા દરમિયાન જે ઘટનાઓ બની તેની ચર્ચા કરીશું અને જોઈશું કે છેવટે કેવી રીતે અંગ્રેજોએ બંગાળ પર કબજો જમાવ્યો.

## 8.2.1 સિરાજ-ઉદ્-દૌલા અને અંગ્રેજો (Siraj-ud-daula and the British)

1756માં બંગાળમાં અલીવર્દીખાનના ઉત્તરાધિકારી તરીકે સિરાજ-ઉદ્-દૌલા સત્તા પર આવ્યો. પરંતુ તેની કાકી ઘાસીતી બેગમ(Ghasiti Begam)અને તેના પિતરાઈભાઈ અને પૂર્ણીઆના સૂબા શૌકતજંગે તેનો વારસદાર તરીકે વિરોધ કર્યો. નવાબના દરબારમાં પણ સિરાજના વિરોધીઓનું એક જૂથ હતું. જેમાં જગતશેઠ, અમીચંદ, રાજવલ્લભ, રાયદુર્લભ, મીરજાફર અને અન્યનો સમાવેશ થતો હતો. આ આંતરિક વિખવાદ ઉપરાંત અંગ્રેજ કંપનીની વધતી જતી વ્યાપારી પ્રવૃત્તિએ નવાબની સત્તા માટે ખતરો પેદા કર્યો. નવાબ અને અંગ્રેજ કંપની વચ્ચે વ્યાપારી હકો અંગેનું ઘર્ષણ એ નવી બાબત ન હતી. પરંતુ સિરાજ-ઉદ્-દૌલાના શાસન દરમિયાન બીજાં કેટલાક પરિબળોએ પણ બંને વચ્ચેના સંબંધોને વધારે ઘર્ષણયુક્ત બનાવ્યા એ હતાં :

- નવાબની પરવાનગી વગર અંગ્રેજોએ કલકત્તાની આસપાસ કિલ્લેબંધી કરી.
- અંગ્રેજ કંપનીના અધિકારીઓએ પોતાના વ્યક્તિગત ખાનગી વ્યાપારના હેતુસર કંપનીને આપવામાં આવેલા દસ્તક અધિકારોનો દુરુપયોગ કર્યો.
- અંગ્રેજ કંપનીએ કલકત્તામાં રાજવલ્લભના પુત્ર કૃષ્ણદાસને આશ્રય આપ્યો હતો. કૃષ્ણદાસ નવાબની ઈચ્છા વગર મોટો ખજાનો લઈને ભાગી છૂટ્યો હતો.

આ કારણોસર સિરાજ-ઉદ્-દૌલા અંગ્રેજોથી નારાજ હતો. અંગ્રેજોને પણ સિરાજની નીતિ અંગે એ ચિંતા હતી કે સિરાજ બંગાળમાં ફ્રેંચો સાથે જોડાણ કરીને અંગ્રેજ કંપનીના વ્યાપારી અધિકારો પર અંકુશ મૂકશે. કલકત્તાના અંગ્રેજ કિલ્લા પરના સિરાજના હુમલાએ બંને પક્ષ વચ્ચે ખુલ્લું ઘર્ષણ પેદા કર્યું.

મદ્રાસથી રોબર્ટ ક્લાઇવની આગેવાની હેઠળ અંગ્રેજ લશ્કરી ટુકડી કલકત્તા આવી પહોંચતાં બંગાળમાં અંગ્રેજોની સ્થિતિ મજબૂત બની. નવાબના દરબારમાંના કાવતરાખોરોએ અંગ્રેજો સાથે ગુપ્ત સમજૂતી કરી તેથી કંપનીની સ્થિતિ વિશેષ મજબૂત બની. પરિણામે પ્લાસીના મેદાનમાં યુદ્ધ લડાયું (જૂન 1759) તે પહેલાં જ અંગ્રેજોની જીત નિશ્ચિત બની. અહીં ચઢિયાતી લશ્કરી તાકાત કરતાં નવાબના અધિકારીઓના કાવતરાએ અંગ્રેજોને જીત અપાવી, સિરાજ-ઉદ્-દૌલા વખતસર પગલાં લેવામાં શા માટે નિષ્ફળ ગયો તે નક્કી કરવું મુશ્કેલ છે. તે પોતાનો જાન પણ બચાવી ન શક્યો અને મીરજાફરના પુત્ર મીરાનના આદેશથી તેનું ખૂન કરવામાં આવ્યું.



આકૃતિ-1 મીરજાફર અને તેના પુત્ર મીરાન સાથે 1757ની સંધિની વાટાઘાટો કરતો વિલિયમ વૉટ્સ

### 8.2.2 મીરજાફર અને અંગ્રેજો (Mir Jafar and the British)

પ્લાસીના યુદ્ધ પહેલાં જ ક્લાઇવે મીરજાફરને બંગાળની નવાબી આપવાનું વચન આપ્યું હતું. મીરજાફરે સિરાજ વિરુદ્ધ અંગ્રેજોને આપેલા ટેકાનો આ બદલો હતો. હવે બંગાળનો રાજવી કોણ બને તે નક્કી કરવાની સત્તા અંગ્રેજો પાસે આવી. મીરજાફરે પ્રાપ્ત કરેલા આ અંગ્રેજ મિત્રોના ટેકા માટે તેને ભારે કિંમત ચૂકવવી પડી. પરંતુ ક્લાઇવ અને તેના અંગ્રેજ સાથીઓની માગણીઓ સંતોષવા માટે મુર્શિદાબાદની તીજોરીમાં પૂરતાં નાણાં ન હતાં. મીરજાફરે અંગ્રેજોને ભેટ-સોગાદ અને વળતર તરીકે રૂ. 17,50,000 જેટલી રકમ ચૂકવી.

સત્તા પર આવ્યા પછી તરત જ મીરજાફરને કેટલીક આંતરિક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો, તે હતી -

- મીદનાપોરના રાજા રામસિંહ અને પૂર્ણીઆના હીઝીર અલીખાન જેવા કેટલાક જમીનદારોએ મીરજાફરનો શાસક તરીકે સ્વીકાર ન કર્યો.
- મીરજાફરના સૈનિકો પણ નિયમિત પગાર ન મળતાં બળવાના મિજાજમાં હતા.
- રાયદુર્લભ જેવા કેટલાક અધિકારીઓની વફાદારી અંગે મીરજાફર શંકા સેવતો હતો. તેણે માની લીધું કે રાયદુર્લભે તેની વિરુદ્ધ જમીનદારોને બળવા માટે ઉશ્કેર્યા હતા. પરંતુ રાયદુર્લભ અંગ્રેજોના રક્ષણ હેઠળ હોવાથી મીરજાફર તેને કંઈ પણ ન કરી શક્યો.
- મોઘલ સમ્રાટના પુત્રે (જે પાછળથી શાહ આલમ તરીકે ઓળખાયો) બંગાળની ગાદી મેળવવા પ્રયાસ કર્યો.
- આવકનાં સાધનોના ગેરવહીવટ અને અંગ્રેજોની માગણીને લીધે નવાબની નાણાકીય સ્થિતિ વધારે નબળી બની. આ બધાં કારણોસર મીરજાફરને અંગ્રેજો પર વધારે આધાર રાખવો પડ્યો. પરંતુ કંપની પણ કેટલાંક કારણોસર નવાબથી અસંતુષ્ટ હતી.

- અંગ્રેજ કંપનીએ એવી શંકા સેવી કે મીરજાફર ડચ કંપની સાથે મળીને બંગાળમાં અંગ્રેજોની વધતી વગ પર અંકુશ મૂકવાનો પ્રયાસ કરતો હતો.
- અંગ્રેજોની વધતી જતી માગણીઓને સંતોષવામાં પણ મીરજાફર નિષ્ફળ ગયો.

એ દરમિયાન મીરજાફરના પુત્ર મીરાનના મૃત્યુને લીધે તેના વારસદારને લગતા પ્રશ્ને ઘર્ષણ પેદા કર્યું. આ અંગે મુખ્ય વિવાદ મીરાનના પુત્ર અને મીરજાફરના જમાઈ મીરકાસીમ વચ્ચે હતો. કલકત્તાના ગવર્નર તરીકે આવેલા વાન્સીટાર્ટે મીરકાસીમનો પક્ષ લીધો. મીરકાસીમે વાન્સીટાર્ટ સાથે ગુપ્ત સમજૂતી કરી, જે મુજબ જો કંપની મીરકાસીમના બંગાળના નવાબ તરીકેના દાવાને ટેકો આપે તો મીરકાસીમ કંપનીને મોટી રકમ આપવાનો હતો. મીરજાફરે તો અંગ્રેજોનો વિશ્વાસ ગુમાવ્યો હતો. મીરજાફરના સૈન્યે પગાર ન મળવાના કારણસર બળવો કર્યો, તેથી અંગ્રેજો માટે મીરજાફરને સત્તા પરથી દૂર કરવાનું સરળ બન્યું.

### 8.2.3 મીરકાસીમ અને અંગ્રેજો (Mir Kasim and The British)

જે રીતે મીરજાફર સત્તા પર આવ્યો તે જ પદ્ધતિથી મીરકાસીમ પણ બંગાળની ગાદી પર આવ્યો. મીરજાફરની જેમ મીરકાસીમને પણ અંગ્રેજોને મોટી રકમ આપવી પડી. આ ઉપરાંત તેણે અંગ્રેજ કંપનીને ત્રણ જિલ્લાઓ-બર્દવાન, મીદનાપોર અને ચિત્તાગોંગ - સુપરત કર્યા. સત્તા પર આવ્યા પછી મીરકાસીમે જે બે મહત્ત્વની વસ્તુઓ કરી તે હતી :

- કલકત્તા ખાતેની અંગ્રેજ કંપનીથી પોતાને સુરક્ષિત રાખવા માટે મીરાકાસીમે પોતાની રાજધાની મુર્શિદાબાદને બદલે બિહારમાં મોંઘીરમાં રાખી, અને
- પોતાની પસંદગીના માણસો સામેલ કરીને તેણે વહીવટીતંત્ર બદલાવ્યું અને લશ્કરી તાકાત વધારવા તેણે તેનું પુનર્ગઠન કર્યું.
- મીરકાસીમના શાસનના શરૂઆતના થોડા મહિના સારી રીતે ગયા; પરંતુ ધીમેધીમે અંગ્રેજો સાથેના તેના સંબંધોમાં કડવાશ પેદા થઈ. તેનાં કારણો હતાં :
- બિહારનો નાયબ સૂબો રામનારાયણ નવાબની વારંવાર માગણી છતાં પોતાના હિસાબ રજૂ કરતો ન હતો. રામનારાયણને અંગ્રેજ અધિકારીઓનો ટેકો હતો. આ અંગ્રેજ અધિકારીઓ હવે નવાબ વિરોધી થતા ગયા.
- કંપનીના અધિકારીઓ કંપનીના વેપાર માટેના પરવાનાનો પોતાના ખાનગી વેપાર માટે દુરુપયોગ કરતા હતા. તેને લીધે પણ નવાબ અને અંગ્રેજો વચ્ચે ઘર્ષણ વધ્યું.

કંપનીના નોકરો પોતાના માલ પર કોઈ જકાત ભરતા ન હતા; જ્યારે સ્થાનિક વેપારીઓને જકાત ભરવી પડતી હતી. આમ, એક બાજુ નવાબને આ કારણને લીધે કરવેરાની આવક ગુમાવવી પડતી હતી, જ્યારે બીજી બાજુ સ્થાનિક વેપારીઓને કંપનીના વેપારીઓ સામે અસમાન હરીફાઈનો સામનો કરવો પડતો હતો. વધારામાં કંપનીના અધિકારીઓ નવાબના અધિકારીઓ પ્રત્યે સંપૂર્ણ ઉપેક્ષા સેવતા હતા અને સ્થાનિક લોકોને ઓછી કિંમતે માલ તેમને વેચવાની ફરજ પાડતા હતા. મીરકાસીમે આ અંગે ગવર્નર વાન્સીટાર્ટને ફરિયાદ કરી, પરંતુ તેનું કંઈ પરિણામ ન આવ્યું.

જેમ મીરજાફરની બાબતમાં બન્યું તેમ હવે અંગ્રેજોને લાગ્યું કે મીરકાસીમ તેમની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયો છે, એટલે તરત જ તેની જગાએ બીજા નવાબને ગાદીએ બેસાડવાની પ્રવૃત્તિ હાથ ધરી દીધી. પરંતુ મીરજાફરની જેમ મીરકાસીમ એટલી સરળતાથી શરણાગતિ સ્વીકારે તેમ ન હતું. મીરકાસીમે મોઘલ સમ્રાટ શાહઆલમ અને અયોધ્યાના નવાબ સુજા-ઉદ્-દૌલાની મદદથી સંયુક્ત રીતે અંગ્રેજોનો સામનો કર્યો. પરંતુ પોતાની ગાદી બચાવવામાં તે નિષ્ફળ ગયો. આમ, બકસરના યુદ્ધ (1764)માં જીત મેળવીને અંગ્રેજોએ પૂર્વ ભારતમાં પોતાનું આધિપત્ય સ્થાપી દીધું.


### 8.2.4 મીરકાસીમ પછી (After Mir Kasim)

ફરીથી બંગાળની ગાદી પર મીરજાફરને બેસાડવામાં આવ્યો. બીરજાફરે અંગ્રેજ કંપનીના લશ્કરના નિભાવ ખર્ચ પેટે ત્રણ જિલ્લા-મીદનાપોર, બર્દવાન અને ચિત્તાગોંગ અંગ્રેજોને સુપરત કરવા સંમત થયો અને બંગાળમાં મુક્ત વ્યાપાર (સિવાય કે મીઠા પર 2%ની જકાત)ની પણ છૂટ આપી. પરંતુ મીરજાફર થોડા સમયમાં મૃત્યુ પામ્યો. તેથી તેના સગીર વયના પુત્ર નાજીમ-ઉદ્-દૌલાને નવાબ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. જ્યારે વાસ્તવમાં વહીવટની જવાબદારી નાયબ સૂબેદારને સોંપવામાં આવી. આ નાયબ સૂબેદારને અંગ્રેજો નિયુક્ત કરતા કે બરતરફ કરી શકતા.

1765ના ઉનાળામાં ક્લાઇવ બંગાળના ગવર્નર તરીકે આવ્યો. ફરી એક વાર ક્લાઇવ પોતાનું અધૂરું રહેલું કાર્ય - બંગાળમાં બ્રિટિશ સર્વોપરિતા સ્થાપવાનું-પૂર્ણ કરવા પ્રવૃત્ત થયો. તે નવી સમજૂતી માટે મોઘલ સમ્રાટ શાહઆલમને મળ્યો. 1761થી શાહઆલમ અયોધ્યાના નવાબ શુજા-ઉદ્-દૌલાનો લગભગ કેદી જેવો હતો. શાહઆલમે ક્લાઇવના પ્રસ્તાવનો સાનુકૂળ જવાબ આપ્યો, પરિણામે ઑગસ્ટ, 1765માં શાહઆલમ અને ક્લાઇવ વચ્ચે સમજૂતી પર હસ્તાક્ષર થયા. આ સમજૂતી મુજબ શાહઆલમને અલાહાબાદ અને તેની નજીકના પ્રદેશો આપવામાં આવ્યા. જ્યારે સમ્રાટે ફરમાન દ્વારા બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની ઈસ્ટ ઇન્ડિયા કંપનીને આપી. આ દીવાનીના અધિકારથી અંગ્રેજોએ હવે બંગાળની મહેસૂલ અથવા ત્યાંના નાણાકીય વહીવટ પર સંપૂર્ણ અંકુશ સ્થાપ્યો. જ્યારે નવાબો પાસે સંરક્ષણ, કાયદો-

વ્યવસ્થા અને ન્યાયતંત્રની જવાબદારી રહી. બક્સરના યુદ્ધ પછી નવાબોએ પોતાની લશ્કરી સત્તા ગુમાવી દીધી હતી. આમ, અંગ્રેજોએ દીવાની પ્રાપ્ત કર્યા પછી નવાબોની સત્તા નામની જ રહી.

ઉપરોક્ત ચર્ચા દર્શાવે છે કે 1757થી 1765ના સમયના રાજકીય બનાવો દ્વારા બંગાળમાં નવાબો પાસેથી સત્તા કેવી રીતે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા આ કંપનીના હાથમાં આવી.



આકૃતિ-2 ક્લાઇવ મોગલ સમ્રાટ શાહઆલમ પાસેથી બંગાળની દીવાની મેળવે છે

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. બ્રિટિશ અને બંગાળના નવાબો વચ્ચેના સંબંધોમાં શા માટે ઘર્ષણ પેદા થયું ?

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

2. બંગાળના રાજ્યશાસનનું સ્વરૂપ કેવું હતું ?

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

3. નીચેનાં વિધાનો વાંચીને ખરાં (√) અથવા ખોટાં (×)ની નિશાની કરો :

(અ) બંગાળમાં કંપનીના વધતા જતા વ્યાપારથી બંગાળના શાસકોની નાણાકીય આવકમાં વધારો થયો.

(બ) બંગાળમાં અંગ્રેજ કંપનીના મુક્ત વ્યાપાર સામે બંગાળના નવાબોએ વાંધો ન લીધો.

(ક) બંગાળમાં કંપનીના અધિકારીઓ દ્વારા વ્યાપારી વિશેષાધિકારોના દુરુપયોગ સામે સિરાજ-ઉદ્-દૌલાએ વાંધો લીધો.

(ડ) મીરજાફરના સૈન્યે તેની સામે બળવો કર્યો, કારણ કે તેણે સૈન્યને પગાર ચૂકવ્યો ન હતો.

(ઇ) અંગ્રેજો મીરકાસીમના વિરોધી બન્યા, કારણ કે તે પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપવા માગતો હતો.

(ઈ) દીવાનીના અધિકાર દ્વારા અંગ્રેજોએ બંગાળની નાણાકીય અને વહીવટી બાબતો પર સંપૂર્ણ અંકુશ સ્થાપ્યો.

3. બંગાળમાં અંગ્રેજોને મળેલ દીવાની અધિકારોની અસરો પાંચ વાક્યોમાં લખો.

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

### 8.4.3 રાજકીય કાયાપલટ માટેનો ખુલાસો (Explanation for the Political Transformation)

1757થી 1765 સુધીના સમયના ઉપર દર્શાવેલા રાજકીય બનાવોનું વર્ણન બતાવે છે કે ધીમેધીમે કેવી રીતે અંગ્રેજોએ નવાબો પાસેથી સત્તા લઈને બંગાળમાં પોતાનો સંપૂર્ણ અંકુશ સ્થાપ્યો. બંગાળમાં આ વખતે જે બન્યું તેનો ઘણા ઇતિહાસકારો ''રાજકીય ક્રાંતિ'' તરીકે ઉલ્લેખ કરે છે. પરંતુ આ ક્રાંતિ માટેના કારણો વિશે ઇતિહાસકારોમાં મતભેદ છે. કેટલાક ઇતિહાસકારો આ કારણોમાં નવાબોની વ્યક્તિગત નિષ્ફળતાને જવાબદાર ગણે છે. પરંતુ આ દલીલને સમર્થન આપી શકાય તેમ નથી. સિરાજનો ઘમંડ અથવા મીરજાફર દ્વારા વિશ્વાસઘાત કે મીરકાસીમની વ્યક્તિગત મર્યાદાઓ માત્રથી બંગાળના સત્તા-માળખામાં પરિવર્તન આવી ન શકે. પરંતુ અંગ્રેજો અને નવાબો વચ્ચેના ઘર્ષણમાં જે મુદ્દા અભિપ્રેત હતા તેનું મહત્ત્વ વિશેષ છે.

કેટલાક ઇતિહાસકારો એવી દલીલ કરે છે કે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકારીઓનાં ખાનગી વ્યાપારી હિતોને લીધે નવાબ સાથે સંઘર્ષ થયો. આ અધિકારીઓ હજી વધારે વિશેષાધિકારો અને વળતરની અપેક્ષા રાખતા હતા. ઉપરાંત તેમની વ્યક્તિગત ધન કમાવવાની લાલસાને લીધે તેમણે નવાબની સત્તાનો અનાદર કર્યો હતો. આમ, નવાબ અને કંપનીના અધિકારીઓ વચ્ચેના ઘર્ષણ માટે વ્યાપારી અધિકારોનો પોતાના ખાનગી વ્યાપાર માટે કરેલો દુરુપયોગ કારણભૂત હતો. 1717માં મોઘલ સમ્રાટ ફરૂખશિયરે ફરમાન દ્વારા અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને માત્ર તેની આયત-નિકાસ માટે જકાતમાંથી મુક્તિની છૂટછાટ આપી હતી; તેનો ઉપયોગ કંપનીના નોકરોના ખાનગી વ્યાપાર માટે થઈ ન શકે. આ રીતે અધિકારીઓના ખાનગી વ્યાપાર માટે કંપનીના વ્યાપારી અધિકારોના દુરુપયોગને લીધે નવાબોની આવકમાં મોટી ખોટ જતી હતી. સિરાજ-ઉદ્-દૌલા તથા મીરકાસીમે આ દુરુપયોગ અંગે કંપનીને ફરિયાદ પણ કરી હતી; પરંતુ પરિસ્થિતિમાં કંઈ પણ સુધારો ન થયો.

નવાબો સાથેના સંઘર્ષ માટે વ્યક્તિગત રીતે અંગ્રેજોનાં ખાનગી હિતો જવાબદાર હતાં, તે જ રીતે આ ઘર્ષણ માટે કંપની પોતે પણ ઓછી જવાબદાર ન હતી. કંપની નવાબો પર વધારે વ્યાપારી અધિકારો માટે દબાણ કરતી હતી. ઉપરાંત કંપની બંગાળના વ્યાપાર પર સંપૂર્ણ ઇજારો સ્થાપીને ત્યાંથી ફ્રેંચ અને ડચ કંપનીઓને હાંકી કાઢવા માગતી હતી. અંગ્રેજ કંપનીએ નવાબની ઇચ્છા વિરુદ્ધ જઈને કલકત્તાની કિલ્લેબંધી કરી અને લશ્કરી તાકાતમાં વધારો કર્યો. આ રીતે કંપનીએ નવાબની સત્તાને સીધી રીતે પડકારી, પ્લાસીના યુદ્ધ પછી કંપનીએ નવાબ પર વધારે છૂટછાટો માટે દબાણ કર્યું અને કંપનીના સૈન્યના ખર્ચને પહોંચી વળવા માટે નવાબ પાસેથી કેટલાક વિસ્તારની જમીનદારીની માગણી કરી. બીજી બાજુ કંપનીએ નવાબના દરબારના રાજકારણમાં સંડોવાઈને નવાબના ઉચ્ચ અધિકારીઓની પસંદગીમાં પણ દરમિયાનગીરી કરી. આમ, કંપનીની વધતી જતી સત્તા અને સ્થાનિક રાજકારણમાં તેની દરમિયાનગીરીએ નવાબોની સત્તાને ગંભીર રીતે પડકારી.

1757થી 1765ના ગાળા દરમિયાન બનેલા બનાવોને આકાર આપવામાં એ રીતે કંપની અને તેના અધિકારીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેમ છતાં બંગાળમાં બ્રિટિશ સર્વોપરિતા સ્થાપવામાં કેટલાક સ્થાનિક વેપારીઓ, અધિકારીઓ અને જમીનદારોનો પણ ઓછો ફાળો ન હતો સિરાજ-ઉદ્-દૌલા સત્તા પર આવ્યો તે બંગાળની સૌથી મોટી શરાફી પેઢી એવી જગત શેઠની પેઢીને તેમજ અમીચંદ જેવા ધનાઢ્ય વેપારીઓને ન ગમ્યું. આ સમૃદ્ધ શરાફો અને વેપારીઓ નવાબના ખજાનાના રખેવાળ હતા. વળી, તેઓ નવાબના વહીવટીતંત્ર પર પણ અંકુશ ધરાવતા હતા. આ વેપારીઓ ઉપરાંત નવાબના દરબારમાં લશ્કરી અધિકારીઓ અને જમીનદારોનું પણ વગદાર જૂથ હતું. આ જૂથને પણ એ દહેશત હતી કે અગાઉના નવાબોના સમયમાં તેઓ જે વિશેષાધિકારો ભોગવતા હતા તે હવે સિરાજ-ઉદ્-દૌલાના લશ્કરી અને વહીવટીતંત્રના પુનર્ગઠનને લીધે ગુમાવવા પડે. નવાબે હવે મોહનલાલ, મીરમદન અને ખ્વાજા અબ્દુલ હદીખાન જેવા ઉમરાવોના નવા જૂથને પ્રોત્સાહન આપ્યું, જે ઉમરાવોના જૂના જૂથને ન ગમ્યું. એ રીતે તેમની નવાબ પ્રત્યેની સહાનુભૂતિ ઓછી થઈ. આ બધાં કારણોને લીધે ઉમરાવો તથા શેઠીઆઓના આ સત્તાજૂથે સિરાજ-ઉદ્-દૌલા વિરુદ્ધ કાવતરું કર્યું.

અંગ્રેજોને પોતાના હેતુઓ માટે આવા જૂથના ટેકાની ખાસ જરૂર હતી. જેમ અંગ્રેજો વધારે વ્યાપારી અધિકારો મેળવવા અને બંગાળની સમૃદ્ધિ પર એકાધિકાર જમાવવા માગતા હતા તેવી રીતે તેમના હિંદી ટેકેદારો બંગાળમાં પોતાની રાજકીય સત્તા સ્થાપવા માગતા હતા. આ કારણસર તેમનો બધાનો મુખ્ય હેતુ સિરાજ-ઉદ્-દૌલાને સ્થાને પોતાની પસંદગીના ઉમેદવારને બેસાડવાનો હતો. આ પ્રકારના કાવતરાને લીધે બંગાળના નવાબ પર અંકુશ સ્થાપવાનું અંગ્રેજો માટે સરળ બન્યું.

ટૂંકમાં, અંગ્રેજ કંપની તથા તેના અધિકારીઓનાં આર્થિક હિતો અને મુર્શિદાબાદના દરબારમાં સર્જાયેલી રાજકીય જૂથબંધી, તેમજ નવાબના દરબારનાં વિવિધ સત્તાજૂથોના હિતો વચ્ચેના સંઘર્ષ જેવાં કેટલાંક પરિબળોને લીધે 1757થી 1765 વચ્ચે બંગાળમાં સત્તાપલટો આવ્યો.

### 8.1.4 બ્રિટિશ સફળતાનું મહત્ત્વ (Significance of British Success)

આપણે અગાઉ જોઈ ગયા કે કેવી રીતે પ્લાસી (1757) અને બકસર (1764)ની લડાઈઓ જીતીને અંગ્રેજોએ

બંગાળમાં પોતાની રાજકીય સર્વોપરિતા સ્થાપી. બ્રિટિશ વિજયના સંદર્ભમાં આ યુદ્ધોનું એકંદરે મહત્ત્વ હોવા ઉપરાંત બંગાળના ઇતિહાસમાં પણ આ યુદ્ધોનું વિશિષ્ટ મહત્ત્વ છે.

- પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજોના દગાથી અથવા બીજા કોઈ પણ પ્રકારના વિજયથી બંગાળમાં નવાબનું સ્થાન નબળું પડ્યું.
- દેખીતી રીતે સરકારમાં ખાસ ફેરફાર ન થયા, અને નવાબની સત્તા સર્વોપરી રહી; પરંતુ વ્યવહારમાં નવાબ કંપનીની સત્તા પર આધારિત રહ્યો, અને કંપની નવાબના અધિકારીઓની નિયુક્તિમાં દરમિયાનગીરી કરવા લાગી.
- નવાબના વહીવટીતંત્રમાં જે આંતરિક સાઠમારી હતી તે હવે છતી થઈ અને હરીફ જૂથોના અંગ્રેજો સાથેના કાવતરાએ છેવટે વહીવટીતંત્રની તાકાત ક્ષીણ કરી.
- નાણાકીય ફાયદાઓ ઉપરાંત અંગ્રેજ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ફ્રેંચ અને ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીઓનું મહત્ત્વ ઘટાડીને બંગાળના વ્યાપાર પર એક હથ્થુ કબજો જમાવ્યો.

બકસરના યુદ્ધને પરિણામે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ બંગાળ પર રાજકીય અંકુશ સ્થાપ્યો. વાસ્તવમાં આ સત્તા સ્થાપવાની પ્રક્રિયાની શરૂઆત પ્લાસીના યુદ્ધથી થઈ હતી તે હવે બકસરના યુદ્ધને અંતે સમાપ્ત થઈ. બકસરના યુદ્ધે બંગાળના નવાબોના રાજકીય ભાવીનો અંત આણ્યો અને બંગાળમાં વ્યાપારી બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો રાજકીય સત્તા તરીકે ઉદ્ભવ થયો.

મીરકાસીમ અંગ્રેજો વિરુદ્ધ મોઘલ સમ્રાટ શાહઆલમ બીજો અને અયોધ્યાના નવાબ શુજા-ઉદ્-દૌલા સાથે જોડાણ કરવામાં સફળ થયો. પરંતુ તેમનું સંયુક્ત લશ્કર અંગ્રેજ સૈન્ય સામે ટકી ન શક્યું. બકસરના યુદ્ધમાં બ્રિટિશ વિજયે પોતાની લશ્કરી તાકાતનું ચઢિયાતાપણું પુરવાર કર્યું, અને તેમનામાં નવો આત્મ-વિશ્વાસ પેદા કર્યો. કારણ કે આ વિષય માત્ર બંગાળના નવાબ સામેનો જ ન હતો પરંતુ મોગલ સમ્રાટ અને અયોધ્યાના નવાબ સામેનો પણ હતો. આ વિજયે એ સ્પષ્ટ કર્યું કે ભારતના બીજા વિસ્તારોમાં પણ બ્રિટિશ સત્તાની સ્થાપના માટેનો દિવસ દૂર ન હતો.

**તમારી પ્રગતિ ચકાસો-2**

1. તમે એમ માનો છો કે નવાબોની વ્યક્તિગત નિષ્ફળતાને લીધે બંગાળમાં સત્તાપરિવર્તન આવ્યું ?

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

2. બકસરના યુદ્ધનું મહત્ત્વ સમજાવો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

3. બંગાળમાં અંગ્રેજોની સફળતાનાં કારણો વાક્યોમાં નિરૂપો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

## 8.5 સારસંક્ષેપ Conclusion

આ એકમમાં આપણે 1757થી 1765 વચ્ચે બંગાળમાં બનેલા રાજકીય બનાવોની પ્રક્રિયા તપાસી છે. આશા છે કે તમે એ સમજી શક્યા છો કે અંગ્રેજોનો શરૂઆતના તબક્કામાં મુખ્ય હેતુ બંગાળની સંપત્તિ પર અંકુશ જમાવવાનો હતો, અને એશિયન વ્યાપારના સંદર્ભમાં બંગાળના વ્યાપાર પર એકાધિકાર સ્થાપવાનો હતો. અંગ્રેજ ઈસ્ટ ઇન્ડિયા કંપની તેના અધિકારીઓનાં વધતાં જતાં ખાનગી વ્યાપારી હિતોને લીધે બંગાળના નવાબો સાથે સીધા સંઘર્ષમાં આવી. તે સમયની બંગાળની નબળી શાસનવ્યવસ્થાને લીધે અંગ્રેજોએ નવાબો સામે જીત મેળવી અને શાસકોથી વિમુખ થયેલાં વિવિધ રાજકીય જૂથોએ આ વિદેશી દુશ્મનો માટે આ જીત મેળવવાનું શક્ય બનાવ્યું.

## 8.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. તમારા જવાબમાં નવાબ અને અંગ્રેજો વચ્ચે હિતસંઘર્ષ, બંગાળના શાસનતંત્રની આંતરિક બાબતોમાં વધતી જતી બ્રિટિશ દરમિયાનગીરી વગેરેનો સમાવેશ થવો જોઈએ. જુઓ પેટા વિભાગ 8.2.1.
2. તમારો જવાબ વિવિધ રાજકીય જૂથો પર નવાબનો આધાર અને તેની મર્યાદાઓ, વહીવટીતંત્રમાં એકતાનો અભાવ વગેરે બાબતો પર કેન્દ્રિત થવો જોઈએ. જુઓ પેટા વિભાગ 8.2.2.
3. (i) × (ii) × (iii) × (iv) √ (v) √ (vi) ×
4. વિભાગ 8.2.4 જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. વિભાગ 8.4માં આપેલા અર્થઘટનના સંદર્ભમાં તમારો જવાબ લખો.
2. તમારા જવાબમાં બંગાળ અને ભારતના બીજા ભાગોમાં યુદ્ધનો પ્રભાવ ખાસ કરીને ભારતમાં બ્રિટિશ જીતની પ્રક્રિયાને કઈ રીતે તે મદદરૂપ થયાં તેનો સમાવેશ થવો જોઈએ. જુઓ વિભાગ 8.4.
3. વિભાગ 8.4 જુઓ.

## 8.7 ચાવીરૂપ શબ્દો

**મુતાસેદ્દી** - બંગાળના નવાબોને નાણાં ધીરનાર તથા નાણાકીય વહીવટ કરનાર હિન્દુ શાહુકારો (શરાફ).

**દસ્તક** - બંગાળના નવાબો મારફત અંગ્રેજ કંપનીના અમલદારોને અપાયેલ વેપારના વિશિષ્ટ પરવાના અધિકાર.

**ફરમાન** - મુગલ બાદશાહ શાહઆલમે અંગ્રેજ કંપનીને બંગાળ, બિહાર તથા ઓરિસ્સાની દીવાની આપતું જાહેર કરેલું હુકમનામુ.

**બક્સર** - બક્સર મુકામે લડાયેલ લડાઈમાં (1764) બંગાળના નવાબના રાજકીય ભાવિનો અંત અને બંગાળમાં બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો રાજકીય સત્તા તરીકે ઉદય.

# એકમ : 9 સંઘર્ષ અને વિસ્તરણ : દક્ષિણ ભારત (Conflict and Expansion : South India)

## રૂપરેખા

9.0 હેતુઓ અને પ્રસ્તાવના
9.1 ભારતમાં અંગ્રેજો અને ફ્રેંચ : તેમની તાકાત અને મર્યાદાઓ
9.2 પ્રથમ કર્ણાટક વિગ્રહ (1740-48)
9.2.1 કર્ણાટકના નવાબની ભૂમિકા
9.2.2 ફ્રેંચ નૌકાઅધિકારી દ્વારા દુપ્લેની અવગણના
9.2.3 પ્રથમ કર્ણાટક વિગ્રહમાં ફ્રેંચ સરસાઈ
9.3 બીજો કર્ણાટક વિગ્રહ (1751-1755)
9.3.1 કર્ણાટક અને હૈદ્રાબાદમાં ગાદીવારસા માટે હરીફાઈ
9.3.2 દુપ્લેની દરમિયાનગીરી
9.3.3 અંગ્રેજોનો પ્રવેશ
9.3.4 દુપ્લેને પાછા બોલાવવું
9.3.5 હૈદ્રાબાદ પૂરતી મર્યાદિત ફ્રેંચ વગ
9.4 ત્રીજો કર્ણાટક વિગ્રહ
9.4.1 કર્ણાટકમાં ફ્રેંચ આક્રમણ
9.4.2 ફ્રેંક લશ્કરની મુશ્કેલીઓ
9.4.3 નૌકાદળનો વિનાશ
9.4.4 વાંદીવાશનું યુદ્ધ
9.5 ફ્રેંચ નિષ્ફળતાનાં કારણો
9.6 પરિણામો
9.7 સારસંક્ષેપ
9.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 9.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમ વાંચ્યા પછી તમે નીચે જણાવેલ મુદ્દાઓ શીખશો :

- 18મી સદીમાં દક્ષિણ ભારતમાં બે મુખ્ય વિદેશી વ્યાપારી કંપનીઓ - અંગ્રેજ અને ફ્રેંચ હતી, તેમની તુલનાત્મક તાકાત અને નબળાઈઓ,
- ક્યાં સુધી ભારતીય સત્તાઓ તેમની આંતરિક બાબતોમાં તેમજ તેમની સામેના આક્રમણમાં વિદેશી સત્તાઓ સામે ટકી શકી.
- અંગ્રેજ તથા ફ્રેંચ કંપનીઓ વચ્ચે 1740થી શરૂ થયેલ સંઘર્ષનું સ્વરૂપ, અને
- આ સંઘર્ષનું પરિણામ નક્કી કરનારાં આર્થિક, રાજકીય અને લશ્કરી પરિબળો.

આ વિભાગમાં ભારતીય ઉપખંડના વિવિધ ભાગોમાં અંગ્રેજોની જીતો અને હરીફ સત્તાઓને દૂર કરીને બ્રિટિશ સત્તાના દઢીકરણની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ એકમમાં તમે દક્ષિણ ભારત વિશે વાંચશો. દક્ષિણ ભારતમાં બ્રિટિશ સત્તાનું વિસ્તરણ વાસ્તવમાં અંગ્રેજ અને ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીઓ વચ્ચેની દુશ્મનાવટનું પરિણામ હતું. દક્ષિણ ભારત ફ્રેંચ પ્રવૃત્તિઓનું મુખ્ય ક્ષેત્ર હતું, પોંડીચેરીને પોતાનું સત્તાકેન્દ્ર બનાવીને ફ્રેંચોએ હૈદ્રાબાદ અને મૈસૂર જેવાં પડોશી રાજ્યોમાં પોતાની વગ જમાવી હતી. વધુમાં વધુ નફા માટે વ્યાપારી કંપની માટે હરીફોને નાબૂદ કરીને પોતાનો ઈજારો જમાવવો આવશ્યક હતું. તેથી અંગ્રેજો માટે આ પ્રદેશમાંથી ફ્રેંચ વગ નાબૂદ કરવી જરૂરી હતી. 1761 સુધીમાં અંગ્રેજોએ આ કાર્ય પૂરું કર્યું, અને હવે પછીના વર્ણનમાં આ પ્રક્રિયાના તબક્કાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## 9.1 ભારતમાં અંગ્રેજો અને ફ્રેંચ : તેમની તાકાત અને મર્યાદાઓ (The English and the French in India : Their Strengths and weaknesses)

ફ્રેંચ અને ઇંગ્લિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીઓ બંને યુરોપમાં વ્યાપારી મૂડીવાદના ઉદયનું પરિણામ હતી. મૂડીવાદનો આ તબક્કો પ્રારંભિક તબક્કો ગણવામાં આવે છે કે જ્યારે મૂડીના સંચયની પ્રક્રિયાને મદદરૂપ થવા માટે એશિયા અને લેટિન (દક્ષિણ) અમેરિકા સાથે વ્યાપાર કરવામાં આવતો હતો. આ વ્યાપારમાં મુખ્યત્વે ભારતમાં બનેલા માલનો સમાવેશ થતો હતો. યુરોપમાં આ માલની ખૂબ માગ હતી.

પરંતુ પૂર્વના દેશો સાથે વ્યાપારમાં લાભ લેનાર આ બંને કંપનીઓની પદ્ધતિ અલગ-અલગ હતી. અંગ્રેજ કંપની પાસે વિશાળ જહાજી કાફલા સહિત ચઢિયાતી તંત્રવ્યવસ્થા હતી. જ્યારે ફ્રેંચોનું વેપારને લગતું જ્ઞાન પણ ઓછું હતું. અંગ્રેજ કંપની સમૃદ્ધ કંપની હતી અને વારંવાર દરિયાઈ વ્યાપારની ખેપ કરતી હતી. ફ્રેંચ કંપનીની તુલનામાં પૂર્વ સાથેના તેના વ્યાપારના ઇતિહાસમાં સાતત્ય જળવાયું હતું, જો આપણે બંને કંપનીઓના ઊગમનું સ્વરૂપ તપાસીએ તો ખ્યાલ આવશે કે બંને વચ્ચે ગુણાત્મક તફાવત હતો. ફ્રેંચ કંપની રાજ્ય રક્ષિત હતી. તેની મુખ્ય આવક તમાકુના વ્યાપારના ઇજારામાંથી થતી હતી; જ્યારે અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપની મોટી ખાનગી વ્યાપારી કંપની હતી. વ્યક્તિગત સાહસથી તે સ્થપાઈ હતી અને એ રીતે તેનું સંચાલન થતું હતું, એ કોઈ પણ રીતે રાજ્ય પર આધારિત ન હતી. વાસ્તવમાં રાજ્ય તેનું દેવાદાર હતું. બંને વચ્ચેના આ તફાવતની અસર પ્રબળ હતી, જે હવે પછીના બનાવો દ્વારા જોવા મળશે.

ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપની 1664માં સ્થપાઈ; જ્યારે અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના 1600માં થઈ. મોઘલ બાદશાહ જહાંગીરનું ફરમાન પ્રાપ્ત કરીને તેણે 1613માં ભારત સાથે સુતરાઉ કાપડ અને બીજા કાપડને લગતો વેપાર શરૂ કર્યો. જોકે અંગ્રેજ કંપનીને વેપાર કરવાનો આ અધિકાર માત્ર પશ્ચિમ કિનારા પર સુરત, અમદાવાદ, ખંભાત અને ગોવા પૂરતો જ પ્રાપ્ત થયો હતો, ફ્રેંચ કંપનીએ પણ 1668માં સુરત ખાતે પોતાની પ્રથમ ફેક્ટરી સ્થાપી. પરંતુ તે અંગ્રેજ કંપની માટે પડકારરૂપ ન હતી. કારણ કે તે સસ્તી વસ્તુઓ લઈને મોંઘા ભાવે વેચી શકતી ન હતી. તે માત્ર યુરોપીય માલની કિંમત ઘટાડીને ભારતીય માલની કિંમત વધારવામાં સફળ થઈ.

સુરત પછી 1669માં ફ્રેંચ કંપનીએ મસુલીપટ્ટમ ખાતે ફેક્ટરી સ્થાપી. ત્યાર પછી ફ્રાંકોઈ માર્ટિને 1674માં પોંડીચેરી વસાવ્યું, જે પાછળથી ભારતમાં મુખ્ય ફ્રેંચ સત્તાકેન્દ્ર બન્યું. પોંડીચેરી મદ્રાસનું હરીફ હતું. તેના વિસ્તાર અને તાકાતમાં વધારો થયો અને તે પણ અંગ્રેજોની મદ્રાસની વસાહત જેમ પ્રભાવકારક બન્યું. પરંતુ વ્યાપારની વિવિધતા અને વિસ્તારને ક્ષેત્રે મદ્રાસ સાથે તે સ્પર્ધા કરી ન શક્યું. 1690 અને 1692 વચ્ચે પૂર્વમાં ચંદ્રનગર ખાતે ફ્રેંચોએ ફેક્ટરી સ્થાપી. પરંતુ ચંદ્રનગર અંગ્રેજોએ વસાવેલ કલકત્તાને પડકારી ન શક્યું.

18મી સદીની શરૂઆતમાં ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના વ્યાપારમાં ઘટાડો થયો, અને સુરત, બાંટમ અને મસુલીપટ્ટમ ખાતેની તેની ફેક્ટરીઓને બંધ કરવી પડી. જોકે તે થોડા સમય માટેની જ પીછે હઠ હતી, અને 1720ના દાયકાથી તેના વ્યાપારમાં વૃદ્ધિ થઈ, કારણ કે વ્યાપારી મધ્યમ વર્ગ તેમાં વધારે રસ દાખવતાં કંપનીની પુનર્રચના કરવામાં આવી અને હવે તે 'પરપેચ્યુઅલ કંપની ઑફ ધી ઇન્ડિઝ'ના નવા નામથી ઓળખાવા લાગી. ફ્રેંચ નૌકાતાકાતમાં પણ સુધારો થયો અને મોરેશિયસ ખાતે નૌકામથક સ્થાપવામાં આવ્યું. એવો પણ ઉલ્લેખ છે કે આ ફ્રેંચ કંપની માટે ઇંગ્લેન્ડમાં 10થી 12 જહાજો બાંધવા લાગ્યાં. 1725માં ફ્રેંચોએ મલબારના કિનારા પર માહેમાં અને 1739માં પૂર્વ કિનારા પર કરાઈકલમકાં ફેક્ટરીઓ સ્થાપી.

## 9.2 પ્રથમ કર્ણાટક વિગ્રહ (1740-48) (The First Carnatic war 1740-48)

આ બંને વ્યાપારી કંપનીઓ વચ્ચે સત્તાઘર્ષણ માટેની પૂર્વભૂમિકા સર્જાઈ. યુરોપમાં ઑસ્ટ્રિયાનો વારસા વિગ્રહ શરૂ થયો. યુદ્ધમાં ફ્રાંસ અને ઇંગ્લેન્ડ એકબીજાના વિરોધી જૂથમાં હતાં. ભારતમાં પણ બંને વચ્ચે સંઘર્ષ થવાની સંભાવના સર્જાઈ. પરંતુ ફ્રેંચો તે માટે તૈયાર ન હતા. ભારતમાં પ્રમાણમાં તેમનું સ્થાન નબળું હોવાથી ફ્રેંચોએ યુરોપીય સંઘર્ષ ભારત સુધી ન લંબાય તે જોવાના પ્રયાસ કર્યા. પરંતુ અંગ્રેજોએ ઇરાદાપૂર્વક આક્રમક નીતિ અપનાવી અને ભારતના દક્ષિણ-પૂર્વ કિનારા પાસે લાંગરેલાં કેટલાંક ફ્રેંચ જહાજો પર કબજો જમાવ્યો. ભારતમાં ફ્રેંચો પાસે યુદ્ધજહાજો ન હોવાથી મોરેશિયસથી જહાજોનો કાફલો આવી પહોંચે ત્યાં સુધી તેમને રાહ જોવી પડી. આ કાફલો આવતાની સાથે જ ફ્રેંચોએ જમીન અને સમુદ્રમાર્ગે અંગ્રેજો પર આક્રમણ કર્યું, એક જ અઠવાડિયામાં મદ્રાસે ફ્રેંચોની શરણાગતી સ્વીકારી અને તે સાથે પ્રથમ કર્ણાટક વિગ્રહ શરૂ થયો.

### 9.2.1 કર્ણાટકના નવાબની ભૂમિકા (Role of the Nawab of Carnatic)

અંગ્રેજોએ કર્ણાટકના નવાબ અન્વર-ઉદ્-દીનને રક્ષણ તેમજ મદદ માટે વિનંતી કરી. અન્વર-ઉદ્-દીને દુપ્લેને મદ્રાસનો ઘેરો ઉઠાવી લેવા માટે વિનંતી કરી, પરંતુ ફ્રેંચોએ તેનો અસ્વીકાર કર્યો, જેવી રીતે અંગ્રેજોએ પણ તે પહેલાં અન્વર-ઉદ્-દીન પ્રત્યે ઉપેક્ષા સેવી હતી. નવાબ પાસે નૌકાદળ ન હોવાથી તે અસરકારક રીતે દરમિયાનગીરી કરવાની સ્થિતિમાં ન હતો. તેમ છતાં તેણે ફ્રેંચોને જમીન પર પાઠ ભણાવવા માટે મદ્રાસને ઘેરી વળેલાં ફ્રેંચ સૈન્યો સામે લશ્કર મોકલ્યું. નવાબનું લશ્કર મોટું હોવા છતાં તેને ફ્રેંચોને હાથે નામોશીભરી હાર સહન કરવી પડી. યુરોપિયનો માટે ભારતમાં આ ચકિત કરનારી ઘટના હતી. તેમને એ સ્પષ્ટ થયું કે નાનું, શિસ્તબદ્ધ યુરોપીય સૈન્ય પણ મોટા ભારતીય લશ્કરને સહેલાઈથી હરાવી શકે છે, ભવિષ્યમાં ભારતીય રાજાઓ સાથેના તેમના સંબંધમાં આ જ્ઞાનનું મહત્ત્વ વિશેષ હતું.

### 9.2.2 ફ્રેંચ નૌકાઅધિકારી દ્વારા દુપ્લેની અવગણના (Defiance of Dupleix by the French Admiral)

મોરેશિયસથી આવેલા એડમિરલ લા બુર્દોનેર્સ (Baurdaunairs)ના નૌકાદળની મદદથી શરૂઆતમાં મદ્રાસ પરનો કબજો શક્ય બન્યો. પરંતુ લા બુર્દોનેર્સે ત્યાર પછી દુપ્લેને સહકાર આપવાની ના પાડી, તેણે એવો દાવો કર્યો કે તે દુપ્લેની સત્તા હેઠળ ન હોવાથી માત્ર ફ્રાન્સની સરકારના આદેશોનું પાલન કરશે. ગવર્નર-જનરલ તરીકે દુપ્લેની નાખુશી હોવા છતાં બુર્દોનેર્સે અંગ્રેજો સાથે સીધી વાટાઘાટ કરી, જે મુજબ £ 4,00,000ની રકમના બદલામાં મદ્રાસ અંગ્રેજોને પાછું આપવામાં આવે. આ બાબત અંગે ગવર્નર-જનરલ તરીકે દુપ્લેની સલાહ પણ ન લેવામાં આવી. જો તેનું ચાલ્યું હોત તો દુપ્લેએ કોઈ પણ સંજોગોમાં મદ્રાસ અંગ્રેજોને પાછું સોંપ્યું ન હોત. લા બુર્દોનેર્સ ભારતમાં પોતાનું કાર્ય પૂરું કરીને મોરેશિયસ પાછો ફર્યો એટલે દુપ્લે અંગ્રેજો સામે વળતાં પગલાં લેવા સ્વતંત્ર હતો. સપ્ટેમ્બર, 1746માં તેણે ફરી મદ્રાસ પર આક્રમણ કર્યું અને મદ્રાસ કરી ફ્રેંચોના કબજામાં આવ્યું.

આ જીત પછી ફ્રેંચોએ પોંડીચેરીની દક્ષિણે આવેલા ફોર્ટ સેંટ ડેવિડ નામના નાના મથક પર હુમલો કર્યો. પરંતુ આ વખતે અંગ્રેજોની સારી તૈયારી હોવાથી નૌકાદળની મદદથી તેઓ ફ્રેંચોનો સામનો કરી શક્યા. ફોર્ટ સેંટ ડેવિડનો ઘેરો અઢાર મહિના ચાલ્યો. છેવટે યુરોપમાં 1748માં એ-લા-ચાપેલા (Aix-La-Chappella)ની સંધિની સાથે યુદ્ધનો અંત આવતાં અંગ્રેજોને મદ્રાસ પાછું સુપરત કરવામાં આવ્યું અને ફોર્ટ સેંટ ડેવિડનો ઘેરો પણ ઉઠાવી લેવામાં આવ્યો, એ જ રીતે ઉત્તર અમેરિકાનો ફ્રેંચ પ્રદેશ તેમને પાછો આપવામાં આવ્યો.

### 9.2.3 પ્રથમ કર્ણાટક વિગ્રહમાં ફ્રેંચ સરસાઈ (Superiority of french in the first Carnatic war)

નૌકાદળ નબળું હોવા છતાં એકંદરે ફ્રેંચોએ પ્રથમ કર્ણાટક વિગ્રહમાં સારો દેખાવ કર્યો હતો. જો દુપ્લે અને લા બુર્દોનેર્સ વચ્ચે વિવાદ થયો ન હોત તો અંગ્રેજોને ભારતમાં સંપૂર્ણ સહન કરવું પડ્યું હોત. ભારતના બ્રિટિશ ઇતિહાસકાર પી. ઈ. રોબર્ટ્સના મંતવ્ય મુજબ આ વિધાન અત્યુક્તિવાળું છે. તેના મંતવ્ય મુજબ કોરોમાંડલ કિનારાના આ યુદ્ધે અંગ્રેજોની માત્ર એક જ પ્રેસીડેન્સી પર અસર કરી અને આ પ્રેસીડેન્સી અંગ્રેજોની સૌથી નબળી પ્રેસીડેન્સી હતી.

ફ્રેંચ લશ્કરી સરસાઈ અંગ્રેજો ઉપરાંત ભારતીય સત્તાઓ સામે પણ પુરવાર થઈ. ભારતીય સત્તાઓ પાસે નૌકાદળ ન હોવાથી ભારતમાંના કોઈ પણ યુરોપીય સંઘર્ષમાં તે દરમિયાનગીરી કરી શકે તે સ્થિતિમાં ન હતી. તેમનાં ભૂમિદળો પણ સંખ્યાની દૃષ્ટિએ પ્રભાવકારક હોવા છતાં યુરોપીય લશ્કરનો મુકાબલો કરી શકતાં ન હતાં. મોઘલ સામ્રાજ્યના ઉત્તમ દિવસો દરમિયાન સ્થાનિક સત્તાઓ કેન્દ્રની મદદ મેળવી શકતી હતી. પરંતુ મોઘલ સામ્રાજ્યના વિઘટનની સાથે તે પણ શક્ય ન બન્યું.

પ્રથમ કર્ણાટક વિગ્રહમાંથી દુપ્લેને એ ખાતરી થઈ કે ભારતીય સત્તાઓ વચ્ચેના સંઘર્ષમાં તેનું શિસ્તબદ્ધ સૈન્ય વધારે અસરકારક બની શકે, અને રાજકીય અસ્થિરતાના એ દિવસોમાં પોતાની તરફેણમાં સત્તાનું પલ્લું નમાવવા દુપ્લેની મદદ લેવા માટે સ્થાનિક રાજવીઓની ખોટ ન હતી.

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપની પર સરસાઈ માટે કઈ અનુકૂળતા હતી ?

   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................

2. નીચેનાં વિધાનો વાંચીને ખરાં (√) અથવા ખોટાં (×)ની નિશાની કરો :

   (અ) અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપની 1664માં સ્થપાઈ.
   (બ) પ્રથમ ફ્રેંચ ફેક્ટરી સુરતમાં સ્થપાઈ.
   (ક) અઢારમી સદીના પ્રથમ દાયકામાં ફ્રેંચ કંપનીનાં વળતાં પાણી હતાં.
   (ડ) તમાકુના વેપારનો ઇજારો અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપની પાસે હતો.
   (ઇ) અંગ્રેજો કરતાં ફ્રેંચો સસ્તો માલ લઈને મોંઘા ભાવે વેચવામાં વધારે સફળ થયા હતા.
   (ઈ) પ્રથમ કર્ણાટક વિગ્રહમાં પ્રથમ આક્રમણ અંગ્રેજોએ કર્યું.
   (ફ) ફોર્ટ સેંટ ડેવિડ એ પોંડીચેરીને દક્ષિણે આવેલું નાનું ફ્રેંચ સંસ્થાન હતું.

3. પ્રથમ કર્ણાટક વિગ્રહમાં કર્ણાટકના નવાબે લીધેલા ભાગનું મહત્ત્વ પાંચ પંક્તિમાં લખો.

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

## 9.3 બીજો કર્ણાટક વિગ્રહ (The Second Carnatic War)

પ્રથમ કર્ણાટક વિગ્રહની જેમ બીજા કર્ણાટક વિગ્રહ માટે અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે યુરોપીય યુદ્ધ જેવું કોઈ બહાનું ન હતું. આ યુદ્ધ માટે ભારતમાં બંને વચ્ચેની સ્પર્ધા જવાબદાર હતી. ભારતમાં ટકવું એ બંને કંપનીઓ માટે જીવન-મૃત્યુનો સંઘર્ષ બન્યો.

### 9.3.1 કર્ણાટક અને હૈદ્રાબાદમાં ગાદીવારસા માટે હરીફાઈ (Succession Rivalry in Carnatic and Hydarabad)

કર્ણાટક પ્રાંત દક્ષિણના મોઘલ સૂબેદાર હૈદ્રાબાદના નિઝામ હેઠળ હતો. કર્ણાટકનો શાસક નવાબ તરીકે ઓળખાતો હતો. તેની રાજધાની આર્કોટમાં હતી. દક્ષિણના સૂબેદાર તરીકે નિઝામ સામાન્ય રીતે તેની રાજકીય પ્રવૃત્તિમાં જ રચ્યો રહેતો. આ સમયે ઉત્તર હિંદમાં મરાઠા અને બીજાં રાજકીય પરિબળો સાથે તે ઘર્ષણમાં હોવાથી કર્ણાટકનો નવાબ વાસ્તવમાં સ્વતંત્રતા ભોગવતો હતો.

1740માં એટલે કે પ્રથમ કર્ણાટક વિગ્રહ પહેલાં મરાઠાઓએ કર્ણાટક પર આક્રમણ કર્યું અને નવાબ દોસ્તઅલીને મારી નાખ્યો, તેઓ નવાબના જમાઈ ચંદાસાહેબને કેદી તરીકે સતારા લઈ ગયા. આવા અનિશ્ચિત સંજોગોમાં નિઝામે 1743માં કર્ણાટકની મુલાકાત લઈને અન્વર-ઉદ્-દીનખાનની કર્ણાટકના નવાબ તરીકે નિયુક્તિ કરી. પરંતુ આ નિયુક્તિને લીધે 1748 પછી કર્ણાટકની રાજકીય સ્થિતિ વધારે વણસી, કારણ કે મરાઠાઓએ ચંદાસાહેબને સાત વર્ષની કેદ પછી મુક્ત કર્યો હતો. એ જ વર્ષે એટલે કે 1748માં હૈદ્રાબાદનો નવાબ, અસફ-જાન-નિઝામઉલ્મુલ્ક મૃત્યુ પામ્યો અને તેનો પુત્ર નાસીરજંગ ગાદીએ આવ્યો, પરંતુ અસફ-જાન-નિઝામઉલ્મુલ્કના પૌત્ર મુઝફ્ફરજંગે ગાદી માટે દાવો કર્યો. મુઝફ્ફરજંગને ચંદાસાહેબનો ટેકો પ્રાપ્ત થયો. બંનેએ પોતપોતાના દાવા (ચંદાસાહેબે કર્ણાટક અને મુઝફ્ફરજંગે હૈદ્રાબાદની ગાદી માટે) માટે સંયુક્ત મોરચો રચ્યો.

### 9.3.2 દુપ્લેની દરમિયાનગીરી (Dupleix's Intervention)

વિદેશી વ્યાપારી કંપનીઓ માટે પોતાના હેતુઓ સાધવા આ સારી તક હતી. ફ્રેંચોએ પહેલ કરી. એ રીતે દુપ્લેએ ચંદાસાહેબ અને મુઝફ્ફરજંગ સાથે ગુપ્ત સંધિ કરી, જે મુજબ અનુક્રમે તેમને કર્ણાટક અને હૈદ્રાબાદની ગાદી પર બેસાડવામાં આવે. ઑગસ્ટ, 1749માં ત્રણેનાં લશ્કરોએ વેલોરની દક્ષિણ-પૂર્વે અંબુરની લડાઈમાં અન્વર-ઉદ્-દીન પર છાપો મારીને તેનો ઘાત કર્યો. તેથી તેનો પુત્ર મહમ્મદઅલી ત્રિચિનાપલ્લી નાસી છૂટ્યો અને ચંદાસાહેબ કર્ણાટકનો નવાબ બન્યો.

### 9.3.3 અંગ્રેજોનો પ્રવેશ (Entry of English)

અંગ્રેજો પણ આ વખતે મળેલી તક હાથમાંથી જાય તે પહેલાં તેનો લાભ લેવા માગતા હતા. તેથી તેમણે હૈદ્રાબાદના નિઝામ નાસીરજંગ સાથે મિત્રાચારી સ્થાપીને તેને કર્ણાટકમાં આવીને તેના દુશ્મનને હરાવવા સમજાવ્યો. બીજી બાજુ અંગ્રેજોએ ત્રિચિનાપલ્લી નાસી છૂટેલા મહમ્મદઅલીને પણ મદદ મોકલી. પરંતુ 1750માં તેના દુશ્મનોને હરાવવાના પ્રયાસમાં નાસીરજંગનું પોતાનું જ મૃત્યુ થયું. મુઝફ્ફરજંગને કેદમાંથી મુક્ત કરવામાં આવ્યો અને તેને દક્ષિણના સૂબેદાર તરીકે જાહેર કરવામાં આવ્યો.

નવા સૂબેદારે મદદ બદલ ફ્રેંચોને પૂરતા પ્રમાણમાં બદલો આપ્યો. દુપ્લેને કૃષ્ણા નદીની દક્ષિણે આવેલા બધા મોઘલ પ્રદેશોનો ગવર્નર નિયુક્ત કરવામાં આવ્યો. પોંડીચેરી નજીકના પ્રદેશો તેમજ ઓરિસ્સાના કિનારાનો કેટલોક વિસ્તાર અને મસુલીપટ્ટમ જેવું મહત્ત્વનું વ્યાપારકેન્દ્ર પણ ફ્રેંચોને આપવામાં આવ્યું. તેના બદલામાં મુઝફ્ફરજંગની વિનંતીથી તેની સેવામાં બ્રુસી જેવા શ્રેષ્ઠ લશ્કરી અધિકારી હેઠળ ફ્રેંચ સૈન્ય મૂકવામાં આવ્યું. એ રીતે ફ્રેંચો હૈદ્રાબાદના દરબારમાં પોતાનાં હિતોની જાળવણી માટે આખા દક્ષિણમાં પોતાની વગ જમાવવા માગતા હતા.

તે વખતે એવું લાગતું હતું કે અંગ્રેજો મદ્રાસ ગુમાવશે. પરંતુ સપ્ટેમ્બર, 1750માં વધારે ગતિશીલ એવા સૉડર્સને મદ્રાસના ગવર્નર તરીકે નીમવામાં આવ્યો તે સાથે પરિસ્થિતિ બદલાઈ ગઈ. સૉડ્સ 1751માં મહમ્મદ અલીને મદદ કરવાનો નિર્ણય લીધો. તે દરમિયાન ફ્રેંચોને ત્રિચિનો ઘેરો સફળ નહીં થાય તેનો ખ્યાલ આવ્યો, એટલે તેમણે વ્યૂહરચના બદલી અને મહમ્મદઅલીને ખુશ કરવાના પ્રયાસ શરૂ કર્યા. મહમ્મદઅલી આ અંગે નિર્ણય લઈ ન શક્યો. જો ફ્રેંચો હૈદ્રાબાદના નવાબને સમજાવીને દક્ષિણના બીજા વિસ્તારમાં તેની રાજકીય નિમણૂક કરે તો મહમ્મદઅલી કર્ણાટકની નવાબી પરનો દાવો પણ જતો કરવા તૈયાર હતો. પરંતુ અંગ્રેજો મુસદ્દીગીરીમાં વધારે કુશળ પુરવાર થયા, તેમણે મહમ્મદઅલીને થોડા સમય

સુધી રાહ જોઈને પણ કર્ણાટક પરનો દાવો ન જતો કરવા સમજાવ્યો. અંગ્રેજો લશ્કરી તૈયારી કરી શકે તે માટેના પૂરતા સમય સુધી મહમ્મદઅલીએ ફ્રેંચો સાથે વાટાઘાટો ચાલુ રાખવાનો દેખાવ કર્યો. આમ, અંગ્રેજોએ આક્રમણ માટે પૂરતી તૈયારી કરીને ફ્રેંચો સામે મહમ્મદઅલીને મદદ કરવા મે, 1751માં ત્રિચિનાપલ્લી લશ્કર મોકલ્યું. ત્યાર પછી એ જ વર્ષે મૈસૂર અને તાંજોરના રાજવીઓ તેમજ મરાઠા સરદાર મોરારી રાવે પણ મહમ્મદઅલી તથા અંગ્રેજોને મદદ કરી. આ વખતે ક્લાઇવે તેની સૈન્ય ટુકડીની મદદથી ત્રિચિનાપલ્લીના પતનને અટકાવવાના ઉપાય તરીકે આર્કોટ પર આક્રમણ કરવાનો પ્રસ્તાવ મૂક્યો, જેથી ચંદાસાહેબને પોતની રાજધાનીના રક્ષણ માટે લશ્કરનો મોટો ભાગ ત્યાં મોકલવો પડે. ક્લાઇવે માત્ર 200 યુરોપિયન અને 300 હિંદીઓની બનેલી સૈન્ય ટુકડીની મદદથી આર્કોટ પર કબજો જમાવ્યો. ચંદાસાહેબને ત્રિચિનાપલ્લીથી આર્કોટના રક્ષણ માટે લશ્કર મોકલવાની ફરજ પડી અને 53 દિવસના યુદ્ધ પછી તેણે આર્કોટ પર ફરી પોતાનો કબજો સ્થાપિત કર્યો. પરંતુ આ સમય દરમિયાન અંગ્રેજોના આર્કોટ પરના કબજાથી ત્રિચિનાપલ્લીના ઘેરાના ચાર્જમાં રહેલા ફ્રેંચ જનરલ જેકર-ફ્રાંકોઈ લો હતાશ થઈને પોતાનો ઘેરો ઉઠાવીને શ્રીરંગમ્ નાસી છૂટ્યો. અંગ્રેજોએ તેનો પીછો કર્યો અને 9મી જૂન, 1752ને દિવસે લોએ અંગ્રેજોની શરણાગતિ સ્વીકારી. ત્યાર પછી થોડા સમયમાં ચંદાસાહેબ પણ અંગ્રેજોને શરણે થયો. તેને ફાંસીની સજા આપવામાં આવી.

આ બનાવ પછી અંગ્રેજોની પ્રતિષ્ઠામાં વધારો થયો અને ફ્રેંચોની સ્થિતિ કફોડી બની. અંગ્રેજોનો સામનો કરવા હવે દુપ્લેએ નવી યોજના કરી. તેણે મરાઠા સરદાર મોરારીરાવ તથા મૈસૂરના રાજાને મનાવીને પોતાના પક્ષમાં લીધા અને તાંજોરના રાજાને તટસ્થ બનાવ્યો. દુપ્લેએ ડિસેમ્બર, 1752માં ફરી ત્રિચિનાપલ્લીને ઘેરો ઘાલ્યો, જે એક વર્ષ સુધી ચાલુ રહ્યો. બંને પક્ષો એક પછી એક એમ સફળ થયા.

### 9.3.4 દુપ્લેને પાછા બોલાવ્યા (Recall of Dupleix)

ભારતમાં ફ્રેંચોની સત્તાને પુનઃસ્થાપવા માટેના દુપ્લેના પ્રયાસોની ફ્રાન્સની સરકારે કદર ન કરી. ફ્રાન્સની સરકારની દૃષ્ટિએ દુપ્લેની નીતિને લીધે ફ્રેંચ કંપનીને નાણાકીય ખોટ સહન કરવી પડતી હતી. તેથી તેને પાછો બોલાવી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો. 1 ઑક્ટોબર, 1759ને દિવસે દુપ્લેને સ્થાને ગોદેહ (Godeheu) ફ્રેંચ ગવર્નર-જનરલ તરીકે ભારતમાં આવ્યો. દુપ્લેની નીતિની વિરુદ્ધ તેણે અંગ્રેજો સાથે વાટાઘાટો શરૂ કરી, જેનું પરિણામ સંધિમાં આવ્યું. અંગ્રેજો અને ફ્રેંચોએ સ્થાનિક રાજવીઓના ઝઘડામાં દરમિયાનગીરી ન કરવાનું નક્કી કર્યું અને સંધિને સમયે બંને પક્ષો જે પ્રદેશ પર કબજો ધરાવતા હોય તે પ્રદેશ તેમની પાસે રાખવાની સમજૂતી કરવામાં આવી.

દુપ્લેની વિરુદ્ધમાં પરિસ્થિતિ શા માટે સર્જાઈ ? ફ્રાંસમાં તેની નીતિ પરત્વેની નારાજી એ તો મુખ્ય કારણનો એક જ ભાગ હતું. એ ભૂલવું ન જોઈએ કે ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપની ફ્રાન્સની સરકારના સીધા અંકુશ હેઠળ હતી. ફ્રાન્સની સરકાર તેના વિશાળ રાજકીય સંદર્ભમાં જ આ અંગે નીતિ નક્કી કરતી હતી. ભારતમાંના ઘર્ષણના પ્રત્યાઘાત અમેરિકાનાં સંસ્થાનો પર પડે એ કારણસર ફ્રાન્સની સરકારે અંગ્રેજો વિરોધી નીતિનો અંત આણ્યો.

દુપ્લેને પાછો બોલાવી લેવાનો છે એવું જ્યારે અંગ્રેજોએ જાણ્યું ત્યારે તેમણે વધારે લાભ લેવાના ઇરાદાથી ફ્રાન્સની સરકાર પર દબાણ ચાલુ રાખ્યું, જ્યારે વાટાઘાટો ચાલતી હતી તે વખતે દુપ્લે વિરુદ્ધ ફ્રાન્સમાં વાતાવરણ સર્જવા માટે તેમણે એવો પ્રચાર કર્યો કે દુપ્લેની મહત્ત્વાકાંક્ષા અને કૂટનીતિને લીધે આ વાટાઘાટો સફળ થશે નહીં. તેથી તેને સ્થાને વધારે નરમ અધિકારીને મોકલીને વાટાઘાટો કરવા માટે દબાણ કર્યું, આમ, દુપ્લેના પતનમાં અંગ્રેજોનો પણ હાથ હતો. કારણ કે દુપ્લે ભારતમાંથી જાય તો જ અંગ્રેજોને સફળતા મળે તેમ હતું.

### 9.3.5 હૈદ્રાબાદ પૂરતી મર્યાદિત થયેલી ફ્રેંચ વગ (French Influence Restricted to Hyderabad)

દુપ્લેએ જે કંઈ રાજકીય વગ સ્થાપી હતી તે હવે ફ્રેંચ કંપનીએ ગુમાવી. એક માત્ર હૈદ્રાબાદમાં જ દુપ્લેની નીતિ ચાલુ રહી, ત્યાં પણ ઉમરાવો અંગ્રેજો તરફી અને ફ્રેંચ વિરોધી હોવા છતાં બુસ્સીની હાજરીથી ફ્રેંચ વગ ટકી શકી. બુસ્સીએ નિઝામને મુસ્તફાનગર, એલોર, રાજમુંદ્રી અને ચીકાકોલ જિલ્લા ફ્રેંચોને સુપરત કરવા માટે સમજાવ્યો. આ જિલ્લાઓની વાર્ષિક આવક 30 લાખ રૂપિયા જેટલી હતી, જે હૈદ્રાબાદમાં રહેલ ફ્રેંચ સૈન્યના ખર્ચને પહોંચી વળવા માટે જરૂરી હતી. થોડા સમય માટે હૈદ્રાબાદમાં બુસ્સીનું સ્થાન સુરક્ષિત હતું. નિઝામના પ્રદેશમાંથી ફ્રેંચ સૈન્યને દૂર કરવાના ઉમરાવોના પ્રયાસ હોવા છતાં બુસ્સી હૈદ્રાબાદમાં ફ્રેંચ સૈન્યની હાજરી ટકાવી શક્યો.

એ નિર્વિવાદ છે કે બીજા કર્ણાટક વિગ્રહમાં દુપ્લેની વધારે પડતી સાહસિક નીતિને લીધે ભારતમાં ફ્રેંચ પ્રતિષ્ઠામાં વધારો થયો હતો. એ વિચિત્રતા હતી કે ફ્રાન્સની સરકાર વ્યાપારી હિતોને સુરક્ષિત રાખવા શાંતિ સ્થાપવા માગતી હતી અને તે માટે દુપ્લેએ જે કંઈ ફ્રેંચ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી તે ગુમાવી દુપ્લેને પાછા બોલાવીને તેને અપમાનિત કર્યો. દુપ્લેને તેના ફ્રેંચ લશ્કરી અધિકારીઓની બિનઆવડતને લીધે સહન કરવું પડ્યું. રોબર્ટ ક્લાઇવની બુદ્ધિપ્રતિભા અને આક્રમક નીતિની તુલનામાં ફ્રેંચ જનરલ ફ્રાંકોઈ લોમાં નિર્ણયશક્તિનો અભાવ હતો. તેની નિર્બળતા અને કાયરતાને લીધે ફ્રેંચ કંપનીને સહન કરવું પડ્યું.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. નીચેનામાંથી જોડકાં બનાવો :

| | |
|---|---|
| (અ) ચંદાસાહેબ | (1) હૈદ્રાબાદ |
| (બ) મુઝફરજંગ | (2) મદ્રાસ |
| (ક) મહમ્મદઅલી | (3) કર્ણાટક |
| (ડ) સૉન્ડર્સ | (4) ત્રિચિનાપલ્લી |

2. બીજા કર્ણાટક વિગ્રહમાં અંગ્રેજોએ ફ્રેંચો પર કેવી રીતે સરસાઈ મેળવી ?

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

3. હૈદ્રાબાદમાંથી ફ્રેંચ વગ શા કારણે ઘટી ?

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

## 9.4 ત્રીજો કર્ણાટક વિગ્રહ (Third Carnatic War)

ભારતમાં બ્રિટિશ સત્તા સ્થાપવા માટેની ક્લાઈવની શક્તિઓ હવે પ્રગટ થવા લાગી. તે માટે 1750ના દાયકાનો સમય ઉત્તમ સમય હતો અને તેનું કાર્યક્ષેત્ર બંગાળ હતું. ઈ.સ. 1756માં યુરોપમાં શરૂ થયેલ સપ્તવર્ષીય યુદ્ધ વખતે ભારતમાં પણ ફ્રેંચો અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું, અંગ્રેજો દ્વારા ચંદ્રનગરની જીત એ માત્ર અકસ્માત ન હતો. બંગાળનો નવાબ સિરાજ-ઉદ્-દૌલા અંગ્રેજોના આ પગલાથી નારાજ થયો હતો. તેણે અંગ્રેજોને ચેતવણી આપી કે પોતાની સત્તાહેઠળના પ્રદેશોમાં તે કોઈ પણ યુરોપીય સત્તાની આવી વર્તણૂક સહન નહીં કરે. જ્યારે ચંદ્રનગરને ઘેરી લેવામાં આવ્યું તે વખતે નવાબે ફ્રેંચ કેદીઓને આશ્રય આપ્યો હતો. મોઘલ વારસદારના બંગાળ પરના સંભવિત આક્રમણ વખતે ફ્રેંચોને સુપરત કરવાની શરતે અંગ્રેજોએ નવાબને લશ્કરી મદદ કરવાની ઓફર કરી જેનો નવાબે અસ્વીકાર કર્યો. નવાબ અને અંગ્રેજો વચ્ચે થયેલા યુદ્ધ માટે નવાબે ફ્રેંચોને આપેલો આશ્રય પણ એક કારણ હતું.

જોકે દક્ષિણ ભારતમાં ફ્રેંચ કે અંગ્રેજમાંથી કોઈ પણ પક્ષ તરત ઘર્ષણમાં ઊતરવા તૈયાર ન હતો. કારણ કે બંને પાસે પૂરતા પ્રમાણમાં સાધનસામગ્રીનો અભાવ હતો. આ વખતે બંગાળના નવાબે કલકત્તા પર કબજો જમાવ્યો હતો. તેને ફરી મેળવવા માટે અંગ્રેજોએ મદ્રાસથી મોટા ભાગનું લશ્કર ત્યાં મોકલાવ્યું હતું. તેથી આ વખતે ફ્રેંચોએ અંગ્રેજો પર હુમલો કરવાની યોજના કરી. કાઉન્ટ ડી લાલીના નેતૃત્વ હેઠળ મોટું લશ્કર જહાજો મારફતે ફ્રાંસથી ભારત મોકલવામાં આવ્યું. પરંતુ રસ્તામાં તેને ઘણી મુશ્કેલીઓ નડી. તેથી 1758ના બીજા ભાગ સુધી ભારતમાંના ફ્રેંચોને લશ્કરી મદ મળી ન શકી, અને બરાબર આ જ સમયે બંગાળમાં જીત મેળવીને અંગ્રેજ સૈન્ય અને નૌકાદળ ફ્રેંચોનો સામનો કરવા મદ્રાસ આવી પહોંચ્યું.

### 9.4.1 કર્ણાટકમાં ફ્રેંચ આક્રમણ (French Offensives in the Carnatic)

આમ, ત્રીજા કર્ણાટક વિગ્રહ માટેનો તખ્તો ગોઠવાયો. આ વખતે ફ્રેંચો વધારે આક્રમક હતા. તેમણે ઝડપી હુમલો કરી સેંટ ડેવિડના કિલ્લા પર કબજો જમાવ્યો. એ દરમિયાન બુસ્સી પણ હૈદ્રાબાદથી નિઝામના ઉત્તર વિસ્તારમાંના અંગ્રેજ મથકો પર આક્રમણ કરતો હતો. 24 જૂન, 1758 સુધીમાં વિઝીઆનગરમના કિલ્લા સહિત બધાં અંગ્રેજ મથકો પર કબજો જમાવ્યો. અંગ્રેજો આ હારથી હતાશ થયા હતા. ભારતમાંથી પણ તેમને હાંકી કાઢવામાં આવશે તેવી તેમને દહેશત પેદા થઈ. પરંતુ અંગ્રેજોને સારે નસીબે દુપ્લે ફ્રેંચ પ્રવૃત્તિઓનું સંચાલન કરવા ભારતમાં ન હતો.

### 9.4.2 ફ્રેંચ લશ્કરની મુશ્કેલીઓ (Problems of the French Army)

ફ્રેંચો પોતાના આક્રમક પ્રયાસોને ટકાવી ન શક્યા. થોડા જ સમયમાં તેમને કેટલીક મુશ્કેલીઓનો સામનો

કરવો પડ્યો. પ્રથમ તો તેમની નાણાકીય મુશ્કેલીઓ વધી. દરેક નવા લશ્કરી આક્રમણની તૈયારી માટે નાણાંની જરૂર હતી. પરંતુ સૈન્યને પગાર ચૂકવવા પૈસા ન હતા. આ મર્યાદા હોવા છતાં ફ્રેંચ લશ્કરી સેનાપતિ લાલીએ સૈનિકો પ્રત્યે ઉદ્ધતાઈ અને તોછડાઈભર્યું વર્તન દાખવીને પોતાની મુશ્કેલીઓમાં વધારો કર્યો. તેણે તેમની સલાહ પ્રત્યે પણ ઉપેક્ષા સેવી. લાલીએ કર્ણાટકમાંથી બ્રિટિશ સત્તાને નાબૂદ કરવા મદ્રાસ પર જ આક્રમણ કરવાનો નિર્ણય કર્યો. પરંતુ તેનું પરિણામ અવળું આવ્યું, તે ફ્રેંચ નૌકાદળ તરફથી સહકાર મેળવવામાં નિષ્ફળ ગયો, કારણ કે તે પહેલાં એપ્રિલ, 1758માં ફ્રેંચ એડમિરલ દ એક (d'Ache)ના નેતૃત્વ હેઠળના નૌકાદળને અંગ્રેજોના હાથે હાર સહન કરવી પડી, તેથી એડમિરલ એકએ મદ્રાસ તરફ આવવાની ના પાડી, તેથી લાલીને મદ્રાસ પર કબજો જમાવવાની યોજના મુલત્વી રાખવી પડી. આમ, તેણે ખૂબ મહત્ત્વની તક ગુમાવી.

લાલીએ ફ્રેંચ કંપનીની નાણાકીય મુશ્કેલીઓ દૂર કરવા માટે દુપ્લેના સમયથી તાંજોરના રાજા પાસેથી 70 લાખ રૂપિયાનું કંપનીનું લહેણું બળપૂર્વક લેવા માટે 18 જુલાઈ, 1758ને દિવસે તાંજોરને ઘેરી લીધું, તાંજોરનો રાજા તેનો પ્રતિકાર કરવાની સ્થિતિમાં ન હતો, પરંતુ ફ્રેંચો પોતાના ફાયદા માટે રાજા પર દબાણ કરી ન શક્યા. ફરીથી ફ્રેંચ સૈન્ય સમક્ષ સમસ્યા પેદા થઈ. તેની પાસે દારૂગોળાની અછત હતી. વળી, લાલી અને તેના સૈનિકોને એકબીજા પર વિશ્વાસ ન હતો. તેથી ફ્રેંચ સૈન્યમાં હતાશા પેદા થઈ.

### 9.4.3 નૌકાદળનો વિનાશ (The Naval Debade)

તે દરમિયાન ઑગસ્ટ 1758માં અંગ્રેજ નૌકાદળે ફ્રેંચ નૌકાદળને હાર આપી. એડમિરલ દ એકએ હતાશ થઈને યુદ્ધમાંથી પીછે હઠ કરી, અને તે જ મહિને તેણે ભારત છોડ્યું. આવા સંજોગોમાં લાલીને તાંજોરનો ઘેરો ઉઠાવી લેવાની ફરજ પડી, તેથી ફ્રેંચ પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો.

તેમ છતાં લાલીએ કોરોમાંડલ કિનારા પરનાં નાનાં અંગ્રેજ થાણાં જીતી લીધાં અને એક તબક્કે અંગ્રેજો પાસે માત્ર મદ્રાસ, ત્રિચિનાપલ્લી અને ચિંગલપટ બાકી રહ્યાં. ડિસેમ્બર, 1758માં વરસાદને લીધે અંગ્રેજ નૌકાદળને મદ્રાસનો ગોદી વગરનો કિનારો છોડવો પડ્યો, તેથી લાલીને ફરી મદ્રાસને ઘેરી લેવાની તક મળી. ફ્રેંચોએ ત્રણ મહિના સુધી મદ્રાસનો ઘેરો ચાલુ રાખ્યો, પરંતુ ફ્રેંચ સૈન્યની સમસ્યાઓ હજી હલ થઈ ન હતી. ફેબ્રુઆરી, 1759માં અંગ્રેજ નૌકાદળ પાછું આવતાં ફ્રેંચોને છેવટે આ ઘેરો ઉઠાવી લેવો પડ્યો.

આ સમયથી ભારતમાં ફ્રેંચ સત્તાના પતનની શરૂઆત થઈ, અને ત્યાર પછીના બાર મહિનામાં તેમની હાર સંપૂર્ણ બની. દખ્ખણ વિસ્તારમાં ઊંધી ગણતરી અને ખોટા નિર્ણયો તેમને ભારે પડ્યા. લાલીએ બુસ્સીને હૈદ્રાબાદથી પાછો બોલાવી લીધો. તેને સ્થાને બિનકાર્યક્ષમ લશ્કરી અધિકારીઓની નિયુક્તિ કરી, અને હૈદ્રાબાદ પાછા જવાની બુસ્સીની માગણીનો લાલીએ અસ્વીકાર કર્યો. આવા સંજોગોમાં અંગ્રેજોએ બંગાળથી સૈન્ય બોલાવીને તેને નિઝામના ઉત્તર સરકાર વિસ્તારમાં મોકલ્યું. અંગ્રેજ સૈન્યે 1759માં રાજમુંદ્રી અને મસુલીપટ્ટમ પર કબજો જમાવ્યો, અને નિઝામ સલાબતજંગ સાથે મનફાવતી સંધિ કરી. આમ, દક્ષિણમાં ફ્રેંચ વગ નાબૂદ થઈ અને હવે હૈદ્રાબાદના દરબારમાં ફ્રેંચોનું સ્થાન અંગ્રેજોએ લીધું.

### 9.4.4 વાંદીવાશનું યુદ્ધ (Battle of Wandiwash)

22મી જાન્યુઆરી, 1760ને દિવસે કર્ણાટક વિગ્રહનું નિર્ણાયક યુદ્ધ વાંદીવાશમાં લડાયું. જનરલ આયર કૂટના અંગ્રેજ લશ્કરે લાલીના ફ્રેંચ લશ્કરનો સંપૂર્ણ પરાભવ કર્યો. ત્યાર પછીના ત્રણ જ મહિનામાં કર્ણાટકમાં કૂટના પ્રયાસોથી કર્ણાટકનાં બધાં નાનાં ફ્રેંચ થાણાં પર કબજો જમાવવામાં આવ્યો. ફ્રેંચોના કબજામાં માત્ર જિંજી અને પોંડીચેરી જ બાકી રહ્યાં. છેવટે મે, 1760માં અંગ્રેજોએ પોંડીચેરીને પણ ઘેરો ઘાલ્યો.

આ સમયે મૈસૂરના સુલ્તાન હૈદરઅલી સાથે સંધિ કરીને લાલીએ પરિસ્થિતિને બચાવવા છેલ્લો પ્રયાસ કર્યો. હૈદરઅલીએ ફ્રેંચોની મદદે લશ્કરી ટુકડી પણ મોકલી. પરંતુ ફ્રેંચો અને હૈદરઅલીની લશ્કરી ટુકડી યુદ્ધ માટે એક જ પ્રકારની યોજના નક્કી કરવામાં નિષ્ફળ ગયા, પરિણામે હૈદરઅલીનું સૈન્ય યુદ્ધ કર્યા વગર જ મૈસૂર જ પાછું ફર્યું.

છ મહિનાના અંગ્રેજોના ઘેરા પછી 16 જાન્યુઆરી, 1716ને દિવસે ફ્રેંચ રાજધાની પોંડીચેરીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી. અંગ્રેજોએ પોંડીચેરી શહેરને સંપૂર્ણ નષ્ટ કર્યું. સમકાલીન અહેવાલ મુજબ, ''એક વખતના આ સુંદર અને સમૃદ્ધ શહેરમાં થોડા જ મહિનામાં મકાનનું એક પણ છાપરું રહ્યું નહીં''. ત્યાર પછી થોડા સમયમાં મલબાર કિનારા પરનાં જિંજી અને માહેનાં બાકીનાં બે ફ્રેંચ થાણાં અંગ્રેજોના કબજામાં આવ્યાં. હવે ભારતમાં ફ્રેંચોનું એક પણ થાણું બાકી ન રહ્યું. તેથી પણ વધારે ખરાબ નસીબ ફ્રેંચ સેનાપતિ કાઉન્ટ ડી લાલીનું હતું. બે વર્ષ સુધી તે ભારતમાં અંગ્રેજોના કેદી તરીકે રહ્યો. યુરોપમાં સપ્તવર્ષીય વિગ્રહના અંત પછી તેને ફ્રાન્સ પાછો મોકલવામાં આવ્યો. ત્યાં તેના પ્રત્યે નરમ વર્તન દાખવવાને બદલે બે વર્ષ સુધી બેસ્ટાઇલના કિલ્લામાં કેદમાં રાખવામાં આવ્યો, અને ત્યાર પછી તેને ફાંસી આપવામાં આવી. યુરોપમાં પેરિસની સંધિને પરિણામે ભારતમાં ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને તેમની વેપારી ફેક્ટરીઓ પાછી આપવામાં આવી. પરંતુ 1769માં ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો વિધિસર અંત આવ્યો. ત્યાર પછી ફ્રેંચ

શાસકોએ ખાનગી વેપારીઓના લાભ માટે ભારતમાં ફ્રેંચ ફેક્ટરીઓ ચાલુ રાખી. પરંતુ વેપાર માત્ર અંદરના પ્રદેશ પૂરતો મર્યાદિત રહ્યો. તેઓ વ્યાપારીક્ષેત્રે યુરોપમાં કે ભારતમાં અંગ્રેજ કંપની અથવા અન્ય અંગ્રેજોના ખાનગી વ્યાપારી સહકાર પર આધારિત હતા.

## 9.5 ફ્રેંચ નિષ્ફળતાનાં કારણો (Causes of the French Failure)

ફ્રેંચોની છેવટની નિષ્ફળતા માટે કયાં કારણો જવાબદાર હતાં ? દુપ્લેને પાછો બોલાવી લેવાની ભૂલ ફ્રાન્સની સરકારે કરી એટલે ? જોકે એ હકીકત હતી કે ભારતમાંથી દુપ્લેના જવા પછી જ ફ્રેંચોની હારની શરૂઆત થઈ. અથવા ફ્રેંચોના નૌકાદળની નબળાઈ હાર માટે મુખ્ય કારણરૂપ હતી ? હકીકતમાં ફ્રેંચો પાસે ભારતમાં કાયમી નૌકાદળ ન હતું, જે અંગ્રેજો પાસે હતું. તેથી અંગ્રેજોના શક્તિશાળી નૌકાદળનો સામનો કરી શક્યું નહીં. પરંતુ ફ્રેંચોની સમસ્યા ત્યારે સર્જાતી કે જ્યારે તેમની મદદ માટે મોરેશિયસથી ફ્રેંચ નૌકાદળ ભારત આવતું. આ ફ્રેંચ નૌકાદળે ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપની માટે નવા પ્રશ્નો પેદા કર્યા. જોકે આ ઉપરાંત બીજાં પણ કેટલાંક કારણો જવાબદાર હતાં. અંગ્રેજોની તરફેણમાં યુદ્ધનું પરિણામ આવ્યું તે માટે બંગાળમાંની ઉપલબ્ધ સાધનસામગ્રીનો ફાળો પણ મહત્ત્વનો હતો. બંગાળના તેમના સુરક્ષિત મથકમાંથી અંગ્રેજો મદ્રાસ ખાતે સૈન્ય અને નાણાંનો પુરવઠો સમયસર મોકલી શક્યા અને ફ્રેંચોને દક્ષિણમાં જુદેજુદે સ્થળે આક્રમણ કરીને હંફાવી શક્યા.

## 9.6 પરિણામો (The Aftermath)

ત્રીજા કર્ણાટક વિગ્રહના અંત પછી અંગ્રેજો ભારતમાં શક્તિશાળી બન્યા. તેમના બધા યુરોપીય હરીફો દૂર થયા, પરંતુ ભારતીય શાસકોને પોતાના આધિપત્ય હેઠળ લાવવાનું કાર્ય હજી બાકી હતું. દક્ષિણ ભારતમાં મૈસૂરનું રાજ્ય બળવાન હતું. તેવી જ રીતે મરાઠાઓ પણ હજી શક્તિશાળી હતા. અઢારમી સદીના ત્રીજા અને છેલ્લા ભાગમાં આ બે સત્તાઓ સાથે અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપની યુદ્ધ લડવામાં વ્યસ્ત હતી. ઓગણીસમી સદીના બીજા દાયકાથી અંગ્રેજોએ દક્ષિણ ભારતમાં પોતાની સત્તા મજબૂત કરી. હવે તેઓ ભારતની સરહદો - ખાસ કરીને રશિયાની ધમકી સામે ઉત્તર-પશ્ચિમ સરહદોને સુરક્ષિત બનાવવાની ચિંતામાં હતા.



આકૃતિ-3 ફોર્ટ સેંટ જ્યૉર્જનો ઉત્તર-પૂર્વ તરફનો દેખાવ

### તમારી પ્રગતિ ચકાસો - 3

1. નીચેનાં વિધાન વાંચો અને ખરાં (✓) ખોટાં (×)ની નિશાની કરો :
   (અ) ત્રીજો કર્ણાટક વિગ્રહ અંગ્રેજો દ્વારા પોંડીચેરી પરના કબજા સાથે શરૂ થયો.
   (બ) ત્રીજા કર્ણાટક વિગ્રહમાં ફ્રેંચ નૌકાદળનું નેતૃત્વ એડમિરલ દ એક પાસે હતું.
   (ડ) આ યુદ્ધમાં અંગ્રેજોએ તાંજોર પર આક્રમણ કર્યું.
   (ઈ) આ યુદ્ધને અંતે ફ્રેંચોએ હૈદ્રાબાદમાં પોતાની વગ જાળવી રાખી.
2. ત્રીજા કર્ણાટક વિગ્રહમાં ફ્રેંચ નિષ્ફળતાનાં કારણો પાંચ પંક્તિમાં લખો.

   ....................................................................................................
   ....................................................................................................
   ....................................................................................................
   ....................................................................................................
   ....................................................................................................

3. વાંદીવાશના યુદ્ધનું મહત્ત્વ સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 9.7 સારસંક્ષેપ Conclusion

આ એકમ વાંચ્યા પછી તમે શીખ્યા છો કે 18મી સદીમાં ત્રણ કર્ણાટક વિગ્રહના સ્વરૂપમાં આંગ્લ-ફ્રેંચ હરીફાઈ અંગ્રેજોની દક્ષિણ ભારતની જીતના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ બની. પોતાની સર્વોપરિતા સ્થાપવા અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપની માટે આ વિસ્તારમાંથી ફ્રેંચ સત્તા નાબૂદ કરવી જરૂરી હતું. યુરોપમાં એક પછી એક એમ ફાટી નીકળેલાં બે યુદ્ધોએ (જેમાં અંગ્રેજો અને ફ્રેંચો હરીફ પક્ષે હતા) ભારતમાં આંગલ-ફ્રેંચ હરીફાઈને પૂર્વભૂમિકા પૂરી પાડી. હૈદ્રાબાદ અને કર્ણાટક રાજ્યની અરાજક એવી રાજકીય પરિસ્થિતિએ બંને કંપનીઓને ભારતમાં રાજકીય બાબતોમાં દરમિયાનગીરી કરવાની તક પૂરી પાડી. બંને વચ્ચેના સંઘર્ષનું પરિણામ અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની તરફેણમાં આવ્યું. કારણ કે શક્તિશાળી નૌકાદળ, વધતી જતી લશ્કરી તાકાત, સારું નેતૃત્વ, ઇંગ્લેન્ડની સરકારનો પ્રાપ્ત થયેલો ટેકો અને બંગાળની વિપુલ સાધનસામગ્રી વગેરેના ઉપયોગને લીધે ઇસ્ટ ઇન્ડિયા કંપની ફ્રેંચ સત્તાને નાબૂદ કરી શકી. કર્ણાટક વિગ્રહોની હારમાળામાં બનેલા બનાવોએ ભારતીય સત્તાઓની નબળાઈઓ (ખાસ કરીને નૌકાદળના અભાવને લીધે દરમિયાનગીરી કરવા માટેની અશક્તિ અને કેટલીક સત્તાઓ પાસે મોટાં લશ્કરો હોવા છતાં નાના યુરોપીય સૈન્યથી થયેલી તેમની હાર) છતી કરી. 18મી સદીના બાકીના ભાગમાં આ નબળાઈઓએ ભારતના રાજકીય ઇતિહાસ પર ગંભીર અસર કરી.

## 9.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. જુઓ વિભાગ 9.1
2. જુઓ વિભાગ 9.1
   (i) √ (ii) × (iii) × (iv) × (v) × (vi) × (vii) √

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. (1) અ-3 (2) બ-1 (3) ક-4 (4) ડ-3
2. જુઓ પેટા વિભાગ 9.3.3
3. જુઓ પેટા વિભાગ 9.3.5.

**તમારી પ્રગતિ ચકાસો - 3**

(1) (i) × (ii) √ (iii) × (iv) √

2. કાયમી નૌકામથકની ગેરહાજરી અને અંગ્રેજો માટે ઉપલબ્ધ વધારે નાણાકીય સાધનોનો તમે ઉલ્લેખ કરો. જુઓ વિભાગ 9.5.
3. જુઓ પેટા વિભાગ 9.4.4

# એકમ : 10 આંગ્લ-મરાઠા અને મૈસૂર વિગ્રહો (Anglo-Maratha and Mysore War)

**રૂપરેખા**

10.0 હેતુઓ અને પ્રસ્તાવના
10.1 સર્વોપરિતા માટે સંઘર્ષ : ભારતીય રાજ્યો અને અંગ્રેજો
10.2 મૈસૂર વિગ્રહો
10.3 મરાઠા વિગ્રહો
10.4 ભારતીય રાજ્યો : નિષ્ફળતાનાં કારણો
10.5 સારસંક્ષેપ
10.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 10.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમમાં મૈસૂર અને મરાઠા રાજ્યમાં બ્રિટિશ શાસનના વિસ્તરણની ચર્ચા કરવામાં આવી છે. આ એકમ વાંચ્યા પછી તમે -

- મૈસૂર તથા મરાઠા રાજ્યમાં સત્તા માટેના સંઘર્ષનું સ્વરૂપ સમજી શકશો.
- બ્રિટિશ સામ્રાજ્યવાદી પ્રથાને મૈસૂર અને મરાઠા રાજ્ય તાબે થયાં તેની પ્રક્રિયા શીખી શકશો, અને
- અંગ્રેજો સામે ભારતીય રાજ્યોની નિષ્ફળતા માટેનાં જવાબદાર પરિબળો જાણી શકશો.

વિભાગ-1માં તમે 18મી સદી દરમિયાન મોઘલ સામ્રાજ્યના વિઘટનને પરિણામે મૈસૂર અને મરાઠા રાજ્યપ્રથાના ઉદ્ભવ વિશે વાંચી ગયા છો. આ જ સમય દરમિયાન ભારતીય ઉપખંડમાં ક્રમશઃ યુરોપીય સાંસ્થાનિક સત્તાઓનો પ્રવેશ થયો. તેને પરિણામે 18મી સદીના ઉત્તરાર્ધમાં અને 19મી સદીની શરૂઆતમાં ભારતમાં સર્વોપરી સત્તા સ્થાપવા માટે ભારતનાં પ્રાદેશિક રાજ્યો અને સાંસ્થાનિક સત્તા એમ બે પરિબળો વચ્ચે સંઘર્ષ વધ્યો. આ એકમમાં આપણે અંગ્રેજો અને મૈસૂર તેમજ મરાઠા રાજ્ય વચ્ચે થયેલા સંઘર્ષનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરીશું.

## 10.1 સર્વોપરિતા માટે સંઘર્ષ : ભારતીય રાજ્યો અને અંગ્રેજો (Struggle for Supremacy : Indian States and the British)

18મી સદીના ભારતમાં જુદાંજુદાં સત્તાજૂથો વચ્ચે થયેલા જટિલ સત્તાસંઘર્ષનો વિકાસ આપણે જોઈએ છીએ. આ સંઘર્ષ માત્ર સાંસ્થાનિક સત્તા અને ભારતીય રાજ્યો વચ્ચેનો જ ન હતો; પરંતુ રાજકીય સર્વોપરિતા સ્થાપવા માટે ભારતીય સત્તાઓએ પણ પોતાની વચ્ચે આ સંઘર્ષ કર્યો. અહીં આ સત્તાસંઘર્ષમાં વિવિધ સત્તાઓ જે કારણોને લીધે સામેલ થઈ તે પર આપણું ધ્યાન કેન્દ્રિત કરીશું.

ભારતીય સત્તાઓ વચ્ચેના સંઘર્ષનું સૌથી સામાન્ય કારણ પ્રાદેશિક વિસ્તાર વધારવાની તેમની વૃત્તિ હતી. પ્રણાલિકાગત અભિગમથી આ વિસ્તારવાદી નીતિને સમજાવવી હોય તો એમ કહી શકાય કે શાસકોની વ્યક્તિગત ઇચ્છા અથવા ન સંતોષાય તેવી પ્રાદેશિક ભૂખ કે ધાર્મિક ઉત્સાહ તેમાં મુખ્ય હતાં. પરંતુ આખા ઐતિહાસિક સંદર્ભમાં પ્રાદેશિક વિસ્તાર માટેનો આ અભિગમ વધારે પડતો ઉપરછલ્લો છે. સાધન-સામગ્રી માટેની આવશ્યકતાના પ્રતિભાવમાંથી જ વધારે પ્રદેશ મેળવવાની વૃત્તિ જાગતી હોય છે. જ્યારે પોતાના પ્રદેશમાંથી આવક કે સાધનસામગ્રીની પ્રાપ્તિની મર્યાદા આવી જાય ત્યારે નવી સાધનસામગ્રી માટે નવા પ્રદેશોની જીત તેનો ઉપાય બને છે. દાખલા તરીકે મરાઠાઓની આવકનાં સાધન મુખ્યત્વે પોતાના વગના વિસ્તારમાંથી ઉઘરાવાતી ચોથ અને સરદેશમુખી હતાં. પરંતુ આવક વધારવા માટે તેમને વધારે પ્રદેશો જીતવાની જરૂર જણાઈ, અને તે કારણે તેઓ પડોશી રાજ્યો સાથે ઘર્ષણમાં આવ્યા.

મૈસૂરની બાબતમાં જોઈએ તો મૈસૂરની વિશિષ્ટ સ્થિતિ, મરાઠા, કર્ણાટકના નવાબ અને હૈદ્રાબાદના નિઝામ માટે મોટી ધમકીરૂપ હતી. એક સત્તા તરીકે મૈસૂરના ઉદયને પડોશી રાજ્યો બીકથી જોવા લાગ્યાં. આમાંનું દરેક રાજ્ય પોતાની પ્રાદેશિક સરહદોને વિસ્તારવા તેમજ મજબૂત બનાવવાની પ્રક્રિયામાં હતું. સ્વાભાવિક રીતે આવા સંજોગોમાં મૈસૂરનો ઉદય પડોશી રાજ્યો માટે અસ્થિરતા જન્માવે તેવો હતો. મરાઠા તેમજ નિઝામે મૈસૂર વિરુદ્ધ સંધિ કરી, અને મૈસૂરની સત્તા પર અંકુશ મૂકવા માટે અંગ્રેજોને પણ સહકાર આપ્યો. પરંતુ તેની સાથે નિઝામને દક્ષિણમાં મરાઠાઓના પ્રાદેશિક વિસ્તાર વિશે પણ બીક હતી. તેથી નિઝામે મરાઠા વિરુદ્ધ પણ અંગ્રેજોને સાથ આપ્યો. દરેક સત્તા બીજી સત્તા પર આધિપત્ય જમાવવા માગતી હતી. તેથી તે સમયની રાજકીય ઘટનાઓનું મુખ્ય લક્ષણ એ હતું કે ભારતીય રાજ્યો પોતાની આક્રમક વિસ્તારવાદી નીતિને અનુસરીને એકબીજા સામે યુદ્ધમાં સામેલ હતાં. દેશી રાજ્યોના આ પારસ્પરિક વિખવાદ અને દુશ્મનાવટે છેવટે તેમના આંતરિક રાજકારણમાં દરમિયાનગીરી કરવાની અંગ્રેજોને તક આપી.

મૈસૂર અને મરાઠા રાજ્યોમાં બ્રિટિશ દરમિયાનગીરીનું મુખ્ય કારણ વ્યાપારને લગતું હતું. મલબાર કિનારાના સમૃદ્ધ વ્યાપાર પરના હૈદરઅલી અને ટીપુ સુલતાનના અંકુશને અંગ્રેજોએ તેમના મરી અને લવીંગના વ્યાપાર માટે ધમકીરૂપ ગણ્યો. મદ્રાસ માટે પણ મૈસૂર ખતરારૂપ હતું. પશ્ચિમ ભારતની બાબતમાં 1784 પછી મુંબઈ દ્વારા ગુજરાતમાંથી ચીન સાથેના કંપનીના વ્યાપારમાં થયેલી ઓચિંતી વૃદ્ધિને લીધે આ વિસ્તારમાં પણ અંગ્રેજોએ દખલગીરીની નીતિ અખત્યાર કરી. અંગ્રેજો તેમના આ સમૃદ્ધ વ્યાપારની વચ્ચે આવતી મરાઠી સત્તાની દરમિયાનગીરી દૂર કરવા માગતા હતા. વળી, આ રાજ્યોએ તેમના પાયદળ અને તોપખાનામાં કરેલા સુધારાને લીધે પણ અંગ્રેજોના સૈન્ય માટે ભય ઊભો થયો હતો. આ ઉપરાંત બીજાં પણ કારણોસર આ બંને રાજ્યોમાં અંગ્રેજો દરમિયાનગીરી કરનારી સત્તા તરીકેની ભૂમિકા ભજવવા માગતા હતા. ખાસ કરીને મૈસૂરના રાજવીઓ સાથેના ફ્રેંચ જોડાણને અંગ્રેજો આ વિસ્તારમાં પોતાના આધિપત્ય માટે ધમકીરૂપ ગણતા હતા. યુરોપમાં નેપોલિયન સાથેનાં યુદ્ધોના વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે બ્રિટનની સરકારને નાણાંની જરૂર હતી. અને કંપનીના વ્યાપારીઓનું વલણ પણ પોતાના વ્યાપારી હિતોના રક્ષણના સંદર્ભમાં સીધી રાજકીય દરમિયાનગીરી કરીને આ વિસ્તારમાં વધારે આક્રમક નીતિ દાખવવાની તરફેણમાં હતું. બ્રિટિશ સંસ્થાનવાદીઓએ ભારતમાં તેમની લશ્કરી કાર્યવાહીના ટેકામાં એવી દલીલ રજૂ કરી કે ''મોટા ભાગના સમકાલીન ભારતીય શાસકો અગાઉના રાજ્યવંશોના અધિકારો અને રાજ્ય આંચકી લેનારા જુલમગારો હતા. તેથી તેમને જરૂર પડે ત્યારે દૂર કરીને (આ પ્રાચીન અને સંસ્કારી લોકો - રાજવીઓ) તેમના ધાર્મિક અને નાગરિક અધિકારો ભોગવી શકે તે માટે તેમને ફરી ગાદી પર બેસાડવા જરૂર છે.'' દાખલા તરીકે મૈસૂરની બાબતમાં એવી દલીલ કરવામાં આવી કે બ્રિટિશ નીતિનો પાયાનો હેતુ હૈદરઅલી દ્વારા પદભ્રષ્ટ થયેલ હિંદુ વોડિયાર કુટુંબને ફરીથી ગાદી પર બેસાડવાનો છે. આ પ્રકારની દલીલ પાછળ માત્ર રાજકીય અને આર્થિક પરિબળો જ જવાબદાર ન હતાં; પરંતુ પોતાના રાજકીય અને લશ્કરી કાર્યને યોગ્ય ઠરાવવાનો અને લોકો દ્વારા માનસિક સ્વીકૃતિ મેળવવાનો ખ્યાલ પણ તે સમયના અંગ્રેજ વિચારકો અને વહીવટી અધિકારીઓ સેવતા હતા.

ઉપર જોયું એ રીતે વિવિધ ભારતીય રાજ્યોની વિસ્તારવાદી નીતિ અને રાજકીય આધિપત્ય સ્થાપવા માટેની તેમની પ્રવૃત્તિએ ભારતીય રાજકારણમાં અવ્યવસ્થા અને ઘર્ષણ પેદા કર્યું. આ પરિસ્થિતિએ અંગ્રેજોને પોતાના અંકુશ હેઠળ પ્રદેશો વધારવા અને વધુમાં વધુ નફો પ્રાપ્ત કરવા માટે રાજકીયક્ષેત્રે દરમિયાનગીરી કરવાની ભૂમિકા પેદા કરી. હવે પછીના પેટા વિભાગોમાં આપણે અંગ્રેજો, મૈસૂર અને મરાઠા વચ્ચેના યુદ્ધની ટૂંકમાં ચર્ચા કરીશું. અને જોઈશું કે કેવી રીતે અંગ્રેજોએ દેશી સત્તાઓને એકબીજાની વિરોધી બનાવીને પોતાનું આધિપત્ય સ્થાપ્યું.



આકૃતિ-4 શ્રીરંગપટ્ટમને બચાવવાનો ટીપુનો છેલ્લો પ્રયાસ

## 10.2 મૈસૂર વિગ્રહો (Meysore Wars)

બ્રિટિશ સત્તાની શરણાગતી સ્વીકારી તે પહેલાં હૈદરઅલી અને ટીપુ સુલતાને અંગ્રેજો સામે ચાર યુદ્ધ કર્યાં. આ વિગ્રહો પાછળનું પાયાનું કારણ તો મૈસૂરના શાસકોની સ્વતંત્ર સત્તાને તોડી પાડવાનું જ હતું. મરાઠાઓ, કર્ણાટકનો નવાબ અને હૈદ્રાબાદના નિઝામે મૈસૂરના રાજવીને નમાવવા માટે વખતોવખત અંગ્રેજો સાથે જોડાણ કર્યું. અંગ્રેજો સાથે નિઝામ અને મરાઠાઓએ હૈદરઅલી વિરુદ્ધ સમજૂતી કરી અને 1766માં મરાઠાઓએ મૈસૂર પર આક્રમણ કર્યું. પરંતુ કુનેહપૂર્વક હૈદરઅલીએ નિઝામ અને મરાઠાઓને અંગ્રેજો વિરુદ્ધ જોડાવા માટે સમજાવ્યા. આમ, હૈદરઅલીએ અંગ્રેજો સામે આક્રમણ કર્યું અને મદ્રાસ સુધી આવી પહોંચ્યો. તેણે 1769માં પોતાની શરતો મુજબ મદ્રાસની કાઉન્સિલને સંધિ કરવાની ફરજ પાડી. આ સંધિ રક્ષણાત્મક સંધિ હતી. જે મુજબ જો બંને પક્ષોમાંથી કોઈ પણ એક પર ત્રીજી સત્તા આક્રમણ કરે તો બંને સત્તાઓ એકબીજાને મદદ કરવાની હતી.

અંગ્રેજોનો ઇરાદો આ સંધિનું પાલન કરવાનો ન હતો. તેથી 1771માં જ્યારે મરાઠાઓએ હૈદરઅલીના પ્રદેશો પર આક્રમણ કર્યું ત્યારે અંગ્રેજોએ હૈદરઅલીને મદદ ન કરી. તેથી અંગ્રેજો અને હૈદરઅલી વચ્ચે યુદ્ધના બીજા દોર માટે હવે સમય અને કોઈ બહાનાનો જ સવાલ હતો. બીજા મૈસૂર વિગ્રહ માટેનું તરતનું કારણ મૈસૂર રાજ્યના પ્રદેશમાં આવેલા ફ્રેંચ સંસ્થાન માહે પર અંગ્રેજોએ કબજો જમાવ્યાનું હતું. અંગ્રેજોએ મરાઠા અને નિઝામને પોતાના પક્ષે લઈને હૈદરઅલીને એકલો પાડી દીધો અને 1781માં પોર્ટોનોવામાં હૈદરઅલીને હરાવ્યો. મૈસૂરનાં સૈન્યોએ છૂટાછવાયા હુમલાઓ ચાલુ રાખ્યા, પરંતુ 1782માં હૈદરઅલીનું કેન્સરથી મૃત્યુ થયું.



આકૃતિ-5 શ્રીરંગપટ્ટમ પર હુમલો અને કબજો


હૈદરઅલીના પુત્ર અને મૈસૂરના નવા રાજવી ટીપુએ અંગ્રેજો સામે યુદ્ધ ચાલુ રાખ્યું. પરંતુ સાધનસામગ્રીનો અભાવ, મરાઠાઓનું અનિશ્ચિત વલણ, કોરોમાંડલ કિનારા પર ફ્રેંચ નૌકાદળની હાજરી અને બીજાં કેટલાંક કારણોને લીધે મદ્રાસ સરકારે ટીપુ સાથે સુલેહ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. ટીપુ પણ આ તબક્કે અંગ્રેજો સાથે યુદ્ધ ચાલુ રાખવા માગતો ન હતો, કારણ કે ગાદીએ આવ્યા પછી તેને પોતાના વહીવટીતંત્રને મજબૂત બનાવવા સમયની જરૂર હતી. આમ, 1784માં મેંગલોરની સંધિ સાથે આ વિગ્રહનો અંત આવ્યો.

દખ્ખણમાં રાજકીય સર્વોપરિતાના પ્રશ્નનો કાયમી ઉકેલ આ સંધિથી ન આવ્યો. આ તો છેવટના યુદ્ધ પહેલાંની કામચલાઉ સુલેહ હતી. નવેસરનું યુદ્ધ અનિવાર્ય બન્યું. 1786માં લૉર્ડ કોર્નવૉલિસ ભારતમાં

**આંગ્લ-મરાઠા અને મૈસૂર વિગ્રહો**

ગવર્નર જનરલ તરીકે આવ્યો. તેણે મરાઠા અને નિઝામને મુસદ્દીગીરીથી સમજાવીને અંગ્રેજોના પક્ષમાં લીધા. અંગ્રેજોના મિત્રરાજ્ય ત્રાવણકોર પરના ટીપુના આક્રમણને લીધે ફરી યુદ્ધ અનિવાર્ય બન્યું. આ વિગ્રહ 1790માં શરૂ થયો અને બે વર્ષ સુધી ચાલુ રહ્યો. ટીપુને આ ત્રીજા મૈસૂર વિગ્રહમાં ખૂબ સહન કરવું પડ્યું. 1792માં શ્રીરંગપટ્ટમની સંધિ કરવામાં આવી, જે મુજબ, ટીપુએ અંગ્રેજો અને તેમના સાથીઓને પોતાનો અર્ધો પ્રદેશ સુપરત કરવો પડ્યો. જોકે ટીપુ તે માટે તૈયાર ન હતો, પરંતુ ત્રીજા મૈસૂર વિગ્રહે તેની લશ્કરી તાકાતને ક્ષીણ કરી નાખી, અને દખ્ખણમાં તેની સત્તાને ધક્કો પહોંચ્યો. 1798માં લૉર્ડ વેલેસ્લી ગવર્નર જનરલ તરીકે ભારતમાં આવ્યો. તેની સાથે બ્રિટિશ વિસ્તારવાદી નીતિને ઉત્તેજન મળ્યું. વેલેસ્લી પોતાની ભવ્ય 'સહાયકારી જોડાણ' યોજનામાં મૈસૂરને સામેલ કરવા માગતો હતો. પરંતુ ટીપુ બ્રિટિશ સામ્રાજ્યવાદી યોજનામાં સામેલ થઈને પોતાની સ્વતંત્રતાને ગુમાવવા તૈયાર ન હતો. વેલેસ્લીએ મૈસૂર સામે સૈન્ય મોકલ્યું અને 1799ના આ ટૂંકા છતાં ખૂનખાર યુદ્ધમાં ટીપુની હાર થઈ અને ટીપુ આ યુદ્ધ દરમિયાન લડતાં મૃત્યુ પામ્યો.

શ્રીરંગપટ્ટમને લૂંટવામાં આવ્યું અને ટીપુના અર્ધા પ્રદેશો અંગ્રેજો અને નિઝામ વચ્ચે વિભાજિત કરવામાં આવ્યા. ટીપુના વંશના શાસનનો અંત આવ્યો અને વોડિયાર રાજવી કુટુંબ કે જેની પાસેથી હૈદરઅલીએ સત્તા ઝૂંટવી લીધી હતી તેને મૈસૂર રાજ્યની ગાદી પાછી આપવામાં આવી. મૈસૂર વાસ્તવમાં અંગ્રેજો પર આધારિત રહ્યું.




આકૃતિ-6 નકશો 1 - 1799માં મૈસૂર

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. ભારતીય રાજ્ય અને અંગ્રેજો વચ્ચેના સંઘર્ષનાં કારણો.

.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

2. નીચેનાં વાક્યો વાંચીને ખરાં પર નિશાની કરો :

(અ) વિવિધ ભારતીય રાજ્યો વચ્ચે હરીફાઈ હતી, કારણ કે -

(1) શાસકો અલગ ધાર્મિક માન્યતાઓ ધરાવતા હતા.

(2) શાસકો એક જ જ્ઞાતિના ન હતા.

(3) શાસકો પ્રાદેશિક વિસ્તરણની નીતિ અનુસરતા હતા.

(બ) ''સહાયકારી જોડાણ'' યોજના ભારતમાં દાખલ કરનાર.
(1) લૉર્ડ કોર્નવૉલિસ
(2) લૉર્ડ વેલેસ્લી
(3) લૉર્ડ હેસ્ટિંગ્સ
(ક) 1799માં ટીપુ સુલતાનના મૃત્યુ પછી અંગ્રેજોએ.
(1) ટીપુના વારસોને ગાદી સોંપી.
(2) બ્રિટિશ પ્રદેશોમાં મૈસૂરને જોડી દીધું.
(3) ટીપુના પ્રદેશોમાંથી મૈસૂરનું નાનું રાજ્ય રચવામાં આવ્યું અને વોડિયારોને આપવામાં આવ્યું.

3. ભારતીય ઇતિહાસમાં મૈસૂર વિગ્રહોનું મહત્ત્વ સમજાવો.

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

## 10.3 મરાઠા વિગ્રહો (Maratha Wars)

મરાઠાઓની બાબતમાં અંગ્રેજોએ પ્રથમવાર દરમિયાનગીરી ત્યારે કરી કે જ્યારે નારાયણરાવ પેશ્વાના મૃત્યુ પછી તેના વારસ માટે વિવાદ થયો. રઘુનાથરાવ અથવા રાઘોબા પેશ્વાપદ મેળવવા માગતો હતો. પરંતુ પૂના દરબારમાં નાના ફડનવીસના નેતૃત્વ હેઠળના શક્તિશાળી પક્ષે તેનો વિરોધ કર્યો. રઘુનાથરાવ મેળવવામાં નિષ્ફળ ગયો તેથી તેણે અંગ્રેજોને મદદ માટે વિનંતી કરી. પ્રથમ મરાઠા વિગ્રહ (1775-82)ની આ તરતની પૂર્વભૂમિકા હતી. મરાઠા સંઘના નેતૃત્વ પર મહાદજી સિંધિયાની નજર હતી. તે અંગ્રેજો સાથે સંઘર્ષમાં ઊતરવા માગતો ન હતો. અંગ્રેજો પણ આ તબક્કે તે ઇચ્છતા ન હતા. પરિણામે 1782માં અંગ્રેજો સાથે સાલબાઈની સંધિ કરવામાં આવી. તેને નાનાફડનવીસે એક વર્ષ પછી બહાલી આપી. સાલસેટ પર અંગ્રેજોના કબજાનો સ્વીકાર કરવામાં આવ્યો અને માધવરાવ નારાયણને પેશ્વા તરીકે સ્વીકૃતિ આપવામાં આવી. અંગ્રેજો સાથે કરવામાં આવેલી સંધિ પછી 20 વર્ષ પછી મરાઠાઓ સાથે શાંતિ ટકી રહી. આ સમયનો ઉપયોગ અંગ્રેજોએ બીજા મોરચા પર - ખાસ કરીને મૈસૂર સામે કર્યો. આ વર્ષો દરમિયાન મરાઠા રાજ્યમાં અવ્યવસ્થા ફેલાયેલી હતી. મરાઠા સરદારો પોતાનાં સ્વતંત્ર રાજ્યો સ્થાપવા પ્રયાસ કરતા હતા. વડોદરામાં ગાયકવાડ, નાગપુરમાં ભોંસલે, ઇન્દોરમાં હોલકર અને ગ્વાલીયરમાં સિંધિયાએ પોતાની સત્તા સ્થાપી. પેશ્વાપદ માટેના વારસદાર અંગે પણ વિખવાદ પેદા થયો. અને કેન્દ્ર (પૂણે)માં સત્તાનો દોર સંપૂર્ણ રીતે નાના ફડનવીસના હાથમાં હતો. આ સમય દરમિયાન મરાઠાઓ પર સંપૂર્ણ અંકુશ સ્થાપવા લૉર્ડ વેલેસ્લીએ મરાઠા સરદારોને 'સહાયકારી જોડાણ' યોજનામાં સામેલ થવા માટે જણાવ્યું પરંતુ મરાઠાઓએ 'મૈત્રી'ને નામે તેમના પર આધિપત્ય જમાવવાની અંગ્રેજોની આ નીતિને જાકારો આપ્યો.

આ સમયે નાનાફડનવીસના મૃત્યુએ અંગ્રેજોની તરફેણમાં પરિસ્થિતિ સર્જી. 1800માં શક્તિશાળી મરાઠા સરદાર યશવંતરાવ હોલકરે સિંધિયા અને પેશ્વાનાં સંયુક્ત લશ્કરને પૂણે ખાતે હાર આપી અને શહેર પર કબજો જમાવ્યો. પેશ્વાએ મદદ માટે વેલેસ્લીને વિનંતી કરી. મરાઠા રાજકારણમાં દખલગીરી કરવાની વેલેસ્લીને ઉત્તમ તક મળી. આમ, બીજો મરાઠા વિગ્રહ (1803-05) શરૂ થયો. પેશ્વા બાજીરાવ બીજાએ 1802માં વસાઈની સંધિ કરી. અને 'સહાયકારી જોડાણ' યોજનાનો સ્વીકાર કર્યો. પરિણામે પેશ્વાએ બીજી સત્તાઓ સાથે બ્રિટિશ સંમતિ વગર સ્વતંત્ર રીતે સંબંધો બાંધવાની સત્તા ગુમાવી. ઉપરાંત પેશ્વાએ લશ્કરી ખર્ચ પેટે દર વર્ષે મોટી રકમ અંગ્રેજોને આપવાની હતી. સિંધિયા અને ભોંસલેએ મરાઠા સ્વાતંત્ર્યને બચાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ શિસ્તબદ્ધ બ્રિટિશ સૈન્ય સામે તેમની હાર થઈ અને બંને સાથે અંગ્રેજોએ અલગ-અલગ સંધિ કરી. સિંધિયા અને ભોંસલે સાથેના અંગ્રેજોના યુદ્ધના સમય સુધી યશવંતરાવ હોલકર વેગળો રહ્યો હતો. હવે 1804માં યશવંતરાવે અંગ્રેજો સામે યુદ્ધ કરવા બીજા રાજવીઓ સાથે જોડાણ માટે પ્રયાસ કર્યો. પરંતુ તેમાં તેને સફળતા ન મળી. આ સમયે વેલેસ્લીને ઇંગ્લૅન્ડ પાછો બોલાવી લેવામાં આવ્યો, તેથી આ પ્રદેશમાં થોડા સમય માટે શાંતિ સ્થપાઈ.

જોકે મરાઠા સંઘની આંતરિક બાબતોમાં ખાસ કોઈ બનાવ બન્યા ન હતા, પરંતુ હવે મરાઠા સંઘની તાકાત અને સાધનસામગ્રી નબળાં પડી ગયાં હતાં. મરાઠા સરદારોનાં રાજ્યોમાં નબળાઈ અને ગેરવ્યવસ્થા ફેલાઈ હતી. તેમ છતાં ત્રીજા મરાઠા વિગ્રહ (1817-19) વખતે પેશ્વા બાજીરાવ બીજાએ અંગ્રેજોનો પ્રતિકાર કરવા માટે મરાઠા સરદારોને સંગઠિત કરવાનો છેલ્લો પ્રયાસ કર્યો. પરંતુ મરાઠા સંઘ પર પેશ્વા ફરીથી પોતાની વગ જમાવે તે જોવા અંગ્રેજો તૈયાર ન હતા, તેથી તેમના વચ્ચે થયેલાં યુદ્ધોને પરિણામે પેશ્વાની સત્તા તથા પ્રતિષ્ઠા જોખમાયાં.

મરાઠા સંઘને વિખેરી નાખવામાં આવ્યો અને પેશ્વાપદને પણ નાબૂદ કરવામાં આવ્યું. અંગ્રેજોએ પેશ્વા બાજીરાવના પ્રદેશો પર સંપૂર્ણ આધિપત્ય સ્થાપ્યું. હવે તે અંગ્રેજોનો આશ્રિત બન્યો. અંગ્રેજોએ નર્મદાની ઉત્તરે આવેલા ભોંસલેના પ્રદેશો લઈ લીધા અને બાકીના પ્રદેશ તેની પાસે રહેવા દઈને તેને 'સહાયકારી જોડાણ' યોજનામાં જોડાવાની ફરજ પાડી. હોલકરે પણ પોતાના કેટલાક પ્રદેશો અંગ્રેજોને આપ્યા અને તેમના આધિપત્યનો સ્વીકાર કર્યો. શિવાજીના વંશજ પ્રતાપસિંહને પેશ્વાના પ્રદેશમાંથી સતારાનું નાનું રાજ્ય રચીને તેનો રાજવી બનાવવામાં આવ્યો.



## 10.4 ભારતીય રાજ્યો : નિષ્ફળતાનાં કારણો (Indian States : Reasons for Failure)

મૈસૂર અને મરાઠા રાજ્યોના સ્વરૂપ, વહીવટીતંત્ર અને કાર્યપદ્ધતિમાં તફાવત હતો. (જુઓ એકમ 4.3) તેમ છતાં બંને રાજ્યોમાં કેટલીક સરખી મર્યાદાઓ જોવા મળે છે, જે વાસ્તવમાં અઢારમી સદીનાં બધાં ભારતીય રાજ્યોની હતી. આ નબળાઈઓને લીધે ભારતીય રાજ્યો સામ્રાજ્યવાદી આક્રમણનો ભોગ બન્યાં.

અઢારમી સદીના ભારતીય રાજકારણની મોટી નબળાઈ હોય તો તે વિવિધ રાજ્યો વચ્ચે સતત ચાલુ રહેતાં કાવતરાં અને યુદ્ધ હતાં. વારંવારનાં યુદ્ધો અને આ દેશી રાજ્યો વચ્ચે વધતી જતી હરીફાઈએ તેમની આંતરિક સ્થિતિને નબળી પાડી, અને સામ્રાજ્યવાદી દખલગીરીના તેઓ સહેલાઈથી શિકાર બન્યા. મૈસૂર અને મરાઠાઓની બાબતમાં આપણે જોયું છે કે આ બંને રાજ્યો વચ્ચેના ઝઘડાનો લાભ અંગ્રેજોએ ઉઠાવ્યો. અંગ્રેજોએ આ બંને રાજ્યો પર આધિપત્ય જમાવવા એકનો બીજા સામે ઉપયોગ કર્યો.

બીજું મહત્ત્વનું પરિબળ હતું તેમની વચ્ચે સહકારનો અભાવ અને વહીવટીતંત્રમાં વધતો વિખવાદ. આ વહીવટીતંત્ર સામાજિક ભેદભાવ કે જ્ઞાતિને આધારે વ્યક્તિગત પક્ષપાત તથા વફાદારી પર આધારિત હતું. આવી વહીવટી વ્યવસ્થામાં જુદાજુદા પક્ષે તથા હિત ધરાવતાં જૂથો પેદા થયાં. આ જૂથો એકબીજાંના વિરોધી હતાં. જ્યારે બહારના આક્રમણની શક્યતા સર્જાય ત્યારે આવી પરિસ્થિતિ વધારે ઘાતક પુરવાર થાય. મરાઠાઓની બાબતમાં 1780ના દાયકાથી તેમના રાજકારણમાં મહત્ત્વનું પરિવર્તન આવ્યું હતું. સિંધિયા, ભોંસલે, ગાયકવાડ, હોલકર જેવા મરાઠા સરદારો જુદાજુદા વિસ્તારોમાં પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપવાનો પ્રયાસ કરતા હતા અને પેશ્વા પ્રત્યે માત્ર નામની વફાદારી દાખવતા હતા. આ સ્થાનિક સત્તાકેન્દ્રોના વિકાસને લીધે કેન્દ્રીય મરાઠા સત્તા નબળી પડી. બીજો પ્રશ્ન હતો ગાદીવારસાનો. જેમાં મોટા ભાગના દાખલાઓમાં વિવિધ જૂથોએ પોતાના ઉમેદવારનો પક્ષ લીધો. આ બધાં કારણોને લીધે રાજકીય અસ્થિરતા સર્જાઈ, જેનો અંગ્રેજોએ પૂરેપૂરો લાભ લીધો.

ભારતીય રાજ્યોની નિષ્ફળતા માટે સાધનસામગ્રીનો પુરવઠો સંપાદન કરવાની અશક્તિ પણ એક મહત્ત્વનું પરિબળ હતું. મરાઠા રાજ્ય મુખ્યત્વે ચોથ અને સરદેશમુખી જેવી બહારની આવક પર આધારિત હતું, કારણ કે પોતાના સીધા તંત્ર હેઠળના પ્રદેશમાંથી તે નવી આવક પ્રાપ્ત કરી શકવાની સ્થિતિમાં ન હતું, જોકે હૈદરઅલી અને ટીપુ હેઠળ મૈસૂરનું વહીવટીતંત્ર પ્રમાણમાં વધારે વ્યવસ્થિત હતું. તેમ છતાં મૈસૂરના શાસક ગ્રામ્ય વિસ્તારમાંથી સાધનસામગ્રી મેળવવામાં સફળ થયા ન હતા. દેશી રાજ્યો માટે અંગ્રેજો સામે લડવામાં સાધનસામગ્રીનો અભાવ એ મોટી મર્યાદા હતી; જ્યારે અંગ્રેજો બંગાળ જેવા દેશના સૌથી વધારે સમૃદ્ધ વિસ્તાર પર કબજો ધરાવતા હતા. ઉપરાંત તેમને ઇંગ્લેન્ડની સરકારનો પણ ટેકો હતો.

ઘણા ઇતિહાસકારો ભારતીય રાજ્યોની નિષ્ફળતા માટે વ્યક્તિગત રાજવીની નિર્બળતા અને યોગ્ય લશ્કરી સંગઠનના અભાવને કારણભૂત મનાવવાનો પ્રયાસ કરે છે. એમ કહેવામાં આવ્યું છે કે ''મૈસૂર હિંદુ યોદ્ધાઓ અને તામીલ બ્રાહ્મણ વહીવટકારો પર વધારે પડતું આધારિત હતું અને આવા સંજોગોમાં મૈસૂરને 'ઇસ્લામી રાજ્ય' બનાવવાની ટીપુની નીતિ છેવટે તેના માટે વિસ્ફોટક બની.'' (C. A. Bayly : The New Cambridge History of India, Vol. II.I)આ પ્રકારની દલીલ પરિસ્થિતિની ખોટી રજૂઆત કરતી દેખાય છે. આપણે અગાઉ જોઈ ગયા કે ભારતીય રાજ્યોની નિષ્ફળતા માટે બીજાં પરિબળો જવાબદાર હતાં; નહીં કે રાજવીઓ કે પ્રજાના ધાર્મિક કે જ્ઞાતિને લગતા તફાવત. ભારતીય લશ્કરી તંત્રની નબળાઈ પર વધારે પડતો ભાર મૂકવો એવી દલીલ પણ સ્વીકાર્ય નથી. ખાસ કરીને જ્યારે મૈસૂરના રાજવીઓએ યુરોપીય પદ્ધતિથી પોતાના લશ્કરનું આધુનિકીકરણ કર્યું ત્યારે મરાઠાઓએ પણ યુરોપીય પદ્ધતિથી પોતાનું પાયદળ અને તોપખાનું વિકસાવ્યું હતું.

## 10.5 સારસંક્ષેપ (Conclusion)

આ એકમમાં આપણે મૈસૂર અને મરાઠા રાજ્ય સામે બ્રિટિશ સત્તાના વિજય અને દઢીકરણની પ્રક્રિયાની ચર્ચા કરી. અંગ્રેજો આ વિસ્તારમાં વિશેષ કરીને પોતાનાં વ્યાપારી હિતોને અનુલક્ષીને આવ્યા હતા. પરંતુ થોડા સમય પછી સ્થાનિક સત્તાઓ વચ્ચેની હરીફાઈ અને વિસ્ફોટક રાજકીય પરિસ્થિતિએ અંગ્રેજોને દરમિયાનગીરી કરવા માટે અનુકૂળ તક પૂરી પાડી. આ વિસ્તાર પર સંપૂર્ણ અંકુશ સ્થાપવા માટે ઘણાં વર્ષો લાગ્યાં, અને તે માટે અંગ્રેજો સ્થાનિક રાજવીઓ પર આધિપત્ય સ્થાપવા ઘણાં યુદ્ધો લડ્યા. ભારતીય

રાજ્યોની આંતરિક નબળાઈઓ સત્તાના સંઘર્ષમાં છેવટના પરિણામ માટે નિર્ણાયક બની. મૈસૂર અને મરાઠાની હાર ભારતીય સત્તાઓ માટે ઘાતક પુરવાર થઈ અને ભારતમાં શાસનનો પાયા નાખવામાં આવ્યો.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. નીચેનાં વિધાનો વાંચીને ખરાં (√) અથવા ખોટાં (×)ની નિશાની કરો :
   (અ) સાલબાઈની સંધિએ સાલસેટ પરના બ્રિટિશ કબજાને બહાલી આપી.
   (બ) પેશ્વાએ 'સહાયકારી જોડાણ' યોજનાનો સ્વીકાર ન કર્યો.
   (ક) વિવિધ મરાઠા સરદારો પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપવાનો પ્રયાસ કરતા હતા.
   (ડ) ભારતીય રાજ્યો મુખ્યત્વે પોતાની આંતરિક નબળાઈઓને લીધે નિષ્ફળ ગયાં.
2. ભારતીય રાજ્યો સામે બ્રિટિશ વિજયને તમે કઈ રીતે સમજાવી શકશો ?
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
3. ત્રીજા મરાઠા વિગ્રહનાં શા પરિણામો આવ્યાં ?
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................

## 10.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. અંગ્રેજોનાં વ્યાપારી હિત, પ્રાદેશિક વિસ્તાર માટેની મહત્ત્વાકાંક્ષા અને રાજકીય સર્વોપરિતા વગેરે પર તમારો જવાબ કેન્દ્રિત થવો જોઈએ, જુઓ વિભાગ 10.1.
2. (1) અ (2) બ (3) ક
3. વિભાગ 10.2 જુઓ

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. (i) √ (ii) × (iii) √ (iv) √
2. તમારા જવાબમાં ભારતીય રાજવીઓ વચ્ચે સહકારનો અભાવ, ભારતીય રાજ્યોની વહીવટી નબળાઈઓ, સાધનસામગ્રીની-પ્રાપ્તિનો અભાવ વગેરેનો ઉલ્લેખ થવો જોઈએ. જુઓ વિભાગ 10.4.
3. વિભાગ 10.3 જુઓ.

# એકમ : 11 બ્રિટિશ વિસ્તરણ - ઉત્તર ભારત (British Expansion - North India)

**રૂપરેખા**


11.0 હેતુઓ અને પ્રાસ્તાવિક

11.1 મોઘલ સામ્રાજ્યની પડતી અને ઉત્તર ભારતમાં ઉત્તરાધિકારી રાજ્યોનો ઉદય

11.2 અયોધ્યા : 'સહાયકારી જોડાણ'થી ખાલસા થવા સુધી

11.3 ઈસ્ટ ઇન્ડિયા કંપનીને 'સહાયકારી જોડાણ' યોજનાના ફાયદા

11.4 ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પગપેસારો અને અયોધ્યા શાસન દ્વારા પ્રતિકાર : 1765-1775

11.4.1 નબળું પડતું જતું અયોધ્યાનું બચાવતંત્ર : 1775-1801

11.4.2 1801ની સંધિ

11.4.3 અયોધ્યાના રાજવંશનો અસ્તકાળ અને પતન : 1801-1856

11.5 ઉત્તર ભારતના બીજા ભાગોમાં વિસ્તરણ

11.5.1 પંજાબમાં બ્રિટિશ જીત

11.5.2 પંજાબની જીતની પદ્ધતિ

11.6 સારસંક્ષેપ

11.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 11.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમ વાંચીને તમે -

- કેવી રીતે ઉત્તર ભારત, ખાસ કરીને અયોધ્યા અને પંજાબ બ્રિટિશ શાસન હેઠળ આવ્યાં તે જાણી શકશો.
- જીતની વ્યૂહરચનાના સંદર્ભમાં બદલાતી બ્રિટિશ નીતિઓ વિશે જાણી શકશો.
- ઉત્તર ભારતમાં બ્રિટિશ સત્તાના વિસ્તરણ માટે મદદરૂપ થયેલા સંજોગો વિશે જાણી શકશો.

ઉત્તર ભારતમાં અને ખાસ કરીને અયોધ્યાના રાજ્યમાં બ્રિટિશ સત્તાવિસ્તરણ મોઘલ અને અયોધ્યાના શાસકો સામે વિકલ્પ તરીકે અંગ્રેજો દ્વારા બ્રિટિશ સર્વોપરિતા સ્થાપવાની પ્રક્રિયા હતી. 1764માં બક્સરના યુદ્ધ પછી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ વિસ્તરણ માટે રણમેદાનમાં લશ્કરનો ઉપયોગ જરૂર પૂરતો જ કર્યો, અને અયોધ્યાને સંપૂર્ણ ખાલસા કરીને 1856માં તેને કંપનીના પ્રદેશનો ભાગ બનાવવામાં ન આવ્યો ત્યાં સુધી કોઈ સંઘર્ષ કે સામનો થયો ન હતો.

## 11.1 મોઘલ સામ્રાજ્યની પડતી અને ઉત્તર ભારતમાં ઉત્તરાધિકારી રાજ્યોનો ઉદય (Decline of the Mughal Empire and the Rise of the Successor states in North India)

તમે અગાઉના એકમોમાં વાંચી ગયા છો કે મોઘલ પડતીની પ્રક્રિયા 18મી સદીની શરૂઆતથી થઈ અને 1739માં નાદીરશાહની ચઢાઈએ મોઘલ શાસનના ભાવિનો અંત સ્પષ્ટ કર્યો.

કેન્દ્રીય સત્તાની આ નબળાઈનો લાભ લઈને આખા ભારતમાં મોટી સંખ્યામાં સ્વતંત્ર અને અર્ધ-સ્વતંત્ર રાજ્યોનો ઉદ્ભવ થયો. તેમાનાં કેટલાંક રાજ્યો મોઘલ પ્રાંતોના સૂબાઓ દ્વારા સ્થપાયેલી સ્વતંત્ર સત્તાના ભાગરૂપ હતાં; જ્યારે બીજા મોઘલ સત્તા સામે વિદ્રોહ કરીને રચાયાં હતાં. ઉત્તર ભારતમાં અયોધ્યા, રોહિલ્લાઓ, જાટ અને શીખો તેમાં આગળ પડતાં દૃષ્ટાંત છે. આ રાજ્યોએ પોતાના પ્રદેશવિસ્તાર માટે એક બીજા સાથે બ્રિટિશ સત્તા સાથે સ્પર્ધા કરી અથવા સહકાર સાધ્યો.

મોઘલોનું આધિપત્ય અને સત્તા તેમના તાબા હેઠળનાં રાજ્યો પર નામનાં જ રહ્યાં. તેમ છતાં આ બધાં રાજ્યોએ મોઘલ સાર્વભૌમત્વનો ઔપચારિક સ્વીકાર કર્યો હતો. અઢારમી સદીમાં જે સત્તાઓ પોતાનું શાસન સ્થાપવા માગતી હતી તેમને મોઘલ બાદશાહો તરફથી ખિતાબ અને અધિકારો મેળવવાની જરૂર જણાઈ, તેની પાછળ દૈવી અધિકારની પ્રણાલીની માન્યતા હેઠળ પ્રાદેશિક રાજવીએ સમ્રાટનું અનુકરણ કરવા કરતાં ભૌતિક કારણનું જ મહત્ત્વ હતું. બીજું, મોઘલ શાસકો પાસે તાલીમ પામેલ વહીવટી તેમજ નાણાકીય બાબતોના અધિકારીઓ હતા, જે પ્રાદેશિક શાસકો પાસે ન હતા, અને ત્રીજું, જે અયોધ્યા જેવાં રાજ્યોની બાબતમાં વધારે મહત્ત્વનું હતું તે એ કે શરૂઆતમાં મોઘલ સમ્રાટને નામે જ પ્રાદેશિક સત્તાની સ્થાપના કરવી જરૂરી હતું. જો મોઘલ સત્તાને ઔપચારિક રીતે ઉથાપવામાં આવે તો તાલુકદારોને પણ પોતાની સ્વતંત્રતા જાહેર કરવાનું પ્રોત્સાહન મળે તેમ હતું.

## 11.2 અયોધ્યા : 'સહાયકારી જોડાણ'થી ખાલસા થવા સુધી (Auadh : From Subsidiary Alliance to Annexation)

જ્યારે ક્લાઈવે વગદાર ભારતીય વ્યાપારીઓ અને ઉમરાવોના સહકારથી બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલાને 1757માં પ્લાસીના યુદ્ધમાં હરાવીને તેને સ્થાને નામના નવાબ તરીકે મીરજાફરને બંગાળની ગાદીએ બેસાડ્યો ત્યારથી નાટકીય ઢબે અંગ્રેજ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું નસીબ સુધરી ગયું. અંગ્રેજોને મોટો ફાયદો એ થયો કે બંગાળ ભારતના સૌથી સમૃદ્ધ પ્રાંતોમાંનો એક હતો. અહીંની સમૃદ્ધ ખેતીને લીધે ત્રણ કરોડ રૂપિયાની જમીન-મહેસૂલની પ્રાપ્તિથી કંપનીએ મુંબઈ તથા મદ્રાસ જેવી પ્રમાણમાં ગરીબ પ્રેસીડેન્સીઓને ટેકો આપવા ઉપરાંત લશ્કરમાં વધારે સૈનિકોની ભરતી કરી, અને પોતાના અધિકારીઓને પણ સમૃદ્ધ બનાવ્યા. તેથી જ કંપનીના લશ્કરે બંગાળના નવાબ મીરકાસીમ, અયોધ્યાના નવાબ શુજા-ઉદ્-દૌલા અને મોઘલ સમ્રાટ શાહઆલમ બીજાનાં સંયુક્ત લશ્કરોને હરાવ્યાં. આ સમયથી કંપની ભારતીય ઉપ-ખંડમાં સૌથી વધારે આધિપત્ય ધરાવતી સત્તા બની. મોઘલ સમ્રાટ પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની (મહેસૂલ ઉઘરાવવાના અધિકાર) પ્રાપ્ત કરીને અને અયોધ્યાના નવાબને 'સહાયકારી જોડાણ' યોજનામાં સામેલ થવાની ફરજ પાડીને કંપનીએ ભારતમાં પોતાના સ્થાનને કાનૂની સ્વીકૃતિ અપાવી અને પોતાના પ્રદેશો અને પશ્ચિમ ભારતના વધારે અશાંત વિસ્તારો વચ્ચે સુરક્ષાવિસ્તાર રચ્યો.

ઑક્ટોબર 1764માં બક્સરના યુદ્ધમાં અંગ્રેજો સામે જે સૈન્ય લડ્યું તે મોઘલ, દુરાની અને અયોધ્યાના સ્થાનિક સૈનિકોનું બનેલું હતું. આ લશ્કરમાં કેન્દ્રીય શાસનનો અભાવ હતો. આ લશ્કરની તાસીર ભાડૂતી સૈન્ય જેવી વિશેષ દેખાતી હતી. કારણ કે યુદ્ધ દરમિયાન જ આ સૈનિકોએ કંપની તેમજ નવાબ એમ બંનેના માલ-પુરવઠામાં લૂંટ ચલાવી હતી. તે પરથી તમને ખ્યાલ આવશે કે અયોધ્યાનો સમાજ કેવો હતો. આ સૈન્ય એકંદરે અયોધ્યાના સમાજનું જ પ્રતીક હતું.

અયોધ્યાનો ભદ્ર સમાજ ત્રણ સ્તરનો બનેલો હતો. દરેક સામાજિક સ્તર બીજાથી પ્રણાલી અને સંસ્કારમાં અલગ પડતું હતું.

(1) અયોધ્યાનો રાજવંશ અને તેના ઉચ્ચ હોદ્દો ધરાવતા ઘણા ઉમરાવો શિયા મુસ્લિમો હતા. જોકે વસ્તીના પ્રમાણમાં તેમની સંખ્યા ખૂબ નાની હતી. તેઓ પોતાને મોઘલોની શાહી કેન્દ્રીય સેવાના ભાગ તરીકે ગણાવતા હતા.

(2) કાયસ્થ અને ખત્રી કારકુનો અને વહીવટદારોની જ્ઞાતિઓ, અયોધ્યાના વહીવટીતંત્રમાં તેમનું વર્ચસ વિશેષ હતું.

(3) રાજપૂત અને બ્રાહ્મણ જમીનદારો. સ્થાનિક જમીનદારો તરીકે તેમનું વર્ચસ હતું; પરંતુ પ્રાંતીય વહીવટીતંત્રમાં તેમનું સ્થાન મર્યાદિત હતું.

કેન્દ્રીય અને સ્થાનિક સત્તા વચ્ચે ઘર્ષણ હતું. જમીનદારો પણ સ્વતંત્ર થવા માગતા હતા. તેથી શાસન-વ્યવસ્થા નબળી પડી. લગભગ 80%જેટલા હિંદુ અને મુસ્લિમ જમીનદારોએ એવો દાવો કર્યો કે અયોધ્યાના રાજવંશની સ્થાપના કરનાર સાદતખાન આવ્યા તે પહેલાં જ તેઓ આ જાગીરો પર સત્તા ભોગવતા હતા. આમ, મોટા ભાગના જમીનદારોએ અયોધ્યાના પ્રાંતીય શાસકો આવ્યા તે પહેલાં જાગીર ધરાવવાનો અને સ્વતંત્ર હોવાનો દાવો કર્યો.

આવી પરિસ્થિતિમાં સ્વાભાવિક રીતે પોતાની અયોધ્યાના સૂબેદાર તરીકે નિયુક્તિ થતાંની સાથે સાદતખાંને મોઘલ સમ્રાટને નામે જ શાસન કર્યું. વહીવટની શરૂઆતમાં લશ્કરી ટુકડીના વડા તરીકે ધાક બેસાડવાના ખ્યાલથી સાદતખાને પોતાના નવા પ્રાંતની મુલાકાત લીધી. આમ, આ રાજવંશે મોઘલ શાસકોને નામે જ પોતાની સત્તાની કાનૂની સ્વીકૃતિ મેળવી અને આ સત્તાનો અમલ પણ લશ્કરી તાકાતના પ્રદર્શન દ્વારા કરાવ્યો. જ્યારે તેમના પર 1764 પછી અંગ્રેજોએ આધિપત્ય સ્થાપ્યું અને જ્યારે તેમણે 1819માં મોઘલ સત્તાને પણ જાકારો આપ્યો ત્યારથી પોતાની પ્રજામાં તેઓ વફાદારીની ભાવના જન્માવી ન શક્યા. પરંતુ જ્યારે 1857માં અયોધ્યાના શાસકોએ અંગ્રેજો સામેના વિદ્રોહમાં નેતૃત્વ લીધું ત્યારે તેમણે મોઘલ બાદશાહને નામે જ પ્રવૃત્તિ કરી.

## 11.3 ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ 'સહાયકારી જોડાણ' યોજનાના ફાયદા (The Benefits of Subsidary Alliance to the East India Company)

જોકે શુજા-ઉદ્-દૌલાને અયોધ્યાની ગાદી પાછી આપવામાં આવી, પરંતુ કંપની સાથેની સંધિ હેઠળ તેને પારસ્પરિક સુરક્ષા માટે સહાયકારી જોડાણ યોજનામાં સામેલ થવાનું આવશ્યક હતું, અને તે માટેના લશ્કરનો ખર્ચ પણ તેણે જ ભોગવવાનો હતો. તેણે પોતાના પ્રદેશમાં કંપનીને જકાતમુક્ત વ્યાપાર કરવાની છૂટ આપી અને યુદ્ધ દેવા પેટે કંપનીને રૂ. 50,00,000ની રકમ ચૂકવી. આ સંધિની કલમો અને તેનાં પરિણામો બંને પક્ષો ઉપરાંત આખા ઉત્તર ભારત માટે ખબ મહત્ત્વનાં પરવાર થયાં

સહાયકારી જોડાણ યોજના હેઠળ નવાબ તેના પ્રદેશમાં કાયમી ધોરણે બ્રિટિશ સૈન્યની ટુકડી રાખવા સંમત થયો, અને તે માટે તેને દરેક બ્રિગેડ દીઠ દર મહિને રૂ. 2,10,000ની રકમ આપવાની હતી. તે પોતાના દરબારમાં બ્રિટિશ રેસિડેન્ટને રાખવા સંમત થયો અને ખાતરી આપી કે તે બ્રિટિશ પરવાનગી વગર કોઈ પણ યુરોપિયનને નોકરીમાં નહીં રાખે.

ત્યાર પછીનાં વર્ષો દરમિયાન લખનૌમાં બ્રિટિશ રેસિડેન્ટની હાજરી ખૂબ નિર્ણાયક પુરવાર થઈ. બ્રિટિશ પ્રતિનિધિ તરીકે રેસિડેન્ટ રાજ્ય ક્ષેત્રાતિત રક્ષણના અધિકાર, પેન્શન આપવાનું તંત્ર ઉપરાંત માનખિતાબ આપવાની જોગવાઈઓ હેઠળ પોતાના પર આધારિત અને આશ્રિત લોકોનું વર્તુળ જમાવ્યું. એ રીતે તે અયોધ્યાની રાજધાનીમાં સત્તાનું નવું કેન્દ્ર બન્યો. અયોધ્યામાં પ્રાપ્ત કરેલા આ નવા સત્તા અધિકારો દ્વારા અંગ્રેજોએ ભારતનો નવેસર રાજકીય નકશો દોરવાની પ્રવૃત્તિ આદરી. અયોધ્યા અને બિહારમાંથી લશ્કરી ભરતી કરવામાં આવી. બંગાળના લોકો પર ભારે મહેસૂલ લાદીને તેમજ અયોધ્યાના શાસકો પાસેથી બળજબરીથી પ્રાપ્ત કરેલાં નાણાંમાંથી નિભાવવામાં આવતાં લશ્કરો દ્વારા અંગ્રેજોએ મરાઠા અને શીખો પર વિજય પ્રાપ્ત કર્યા. અને એ રીતે સર્વોપરી સત્તા તરીકે ભારતમાં પોતાનું સ્થાન પ્રસ્થાપિત કર્યું. આ સહાયકારી જોડાણ યોજના દ્વારા અંગ્રેજોએ અયોધ્યા રાજ્યના વિરોધીઓને રાજ્ય ક્ષેત્રાતિત અધિકારો હેઠળ રક્ષણ આપ્યું, જેથી અયોધ્યાના નવાબ તેમના વિરોધીઓને દબાવવા માટે પોતાની સત્તાનો ઉપયોગ ન કરી શકે. એ રીતે અંગ્રેજોએ કંપનીને વફાદાર એવો વગદાર વર્ગ પેદા કર્યો.

અયોધ્યાની રાજધાનીમાં રહેલા રેસિડેન્ટ દ્વારા કંપનીએ નવાબોની સત્તા પર ધીરેધીરે અંકુશ વધાર્યો. નવાબના ઘણા ઉચ્ચ હોદ્દેદારો, દરબારીઓ અને પ્રાંતના મોટા જમીનદારો નવાબને બદલે કંપનીમાં જ પોતાનો વિશ્વાસ મૂકતા થયા. તેમણે કંપનીને જ સત્તાનું ખરું કેન્દ્ર માન્યું. અસફ-ઉદ્-દૌલા અને સાદત અલીખાન જેવા નવાબોને પોતાની નવાબી પ્રાપ્ત કરવા માટે પણ કંપનીની દરમિયાનગીરી પર આધાર રાખવો પડ્યો. આમ, કાવાદાવા અને તાકાતના પ્રદર્શન દ્વારા અંગ્રેજ કંપનીએ એટલી કક્ષા સુધી પોતાની સત્તા સ્થાપી કે 1856માં અયોધ્યાને ખાલસા કરવાનું કંપનીનું પગલું સ્વાભાવિક ગણવામાં આવ્યું.

## 11.4 કંપનીનો પગપેસારો અને અવધ શાસન દ્વારા પ્રતિકાર : 1765-75 (Eneroachments By The Company and Resitance by the Awadh Regime - 1765-75)

સહાયકારી જોડાણ યોજના હેઠળ અયોધ્યાના શાસકોનું સ્થાન ઊતરતું હોવા છતાં ઘણી રીતે અયોધ્યાના નવાબોએ પોતાની સ્વતંત્રતા જાળવવા પ્રયાસ કર્યા. કંપનીનો વિરોધ હોવા છતાં નવાબ શુજા-ઉદ્-દૌલાએ યુરોપીય પદ્ધતિથી તૈયાર થયેલું એક લાખ સૈનિકોનું લશ્કર ઊભું કર્યું. તેણે 150 જેટલા ફ્રેંચ લશ્કરી અધિકારીઓ પણ રાખ્યા, અને તોપખાના વિભાગના એકમ પર પણ પોતાનો અંકુશ રાખ્યો. તેણે 1774માં કંપનીની જ મદદથી રોહિલખંડ અને ઈટવાને પોતાના પ્રદેશમાં જોડી દીધાં. અયોધ્યાના પ્રદેશમાં અંગ્રેજ કંપની અને બીજા યુરોપિયનોના વ્યાપાર પર અંકુશ મૂકીને તેણે અંગ્રેજો સામેના પ્રતિકારની નીતિ ચાલુ રાખી. 1765માં અંગ્રેજો અને નવાબ વચ્ચે થયેલી અલાહાબાદની સંધિ વખતે પણ શુજા-ઉદ્-દૌલાએ એ સંધિની 8મી કલમનો સખત વિરોધ કર્યો, કારણ કે એ કલમ હેઠળ અયોધ્યાના પ્રદેશમાં અંગ્રેજ વેપારીઓ અને તેમના દલાલોને જકાત-મુક્ત વેપાર કરવાની છૂટ મળતી હતી. કંપનીના પરવાના હેઠળ વેપારી કે તેના એજન્ટને વેપાર કરવાની છૂટ આપવા નવાબને સમજાવવામાં આવ્યો, પરંતુ તેનો દુરુપયોગ થવાની શરૂઆત થઈ, જેની નવાબને પહેલેથી જ દહેશત હતી. પરવાનો ધરાવતા આ વેપારીઓને માત્ર જકાતમાંથી જ મુક્તિ આપવામાં આવી હતી. પરંતુ તેમણે તો માલના હેરફેર પરનો વેરો કે વેચાણવેરો ભરવાની પણ ના પાડી. તેમણે સ્થાનિક બજારોમાં પણ દરમિયાનગીરી કરવાની શરૂઆત કરી. અને જાણે તેઓ નવાબના શાસન હેઠળ જ ન હોય તેવો વર્તાવ કર્યો. નવાબના સખત વિરોધને પરિણામે કંપનીએ મે, 1768માં અયોધ્યા અને બનારસમાં પોતાના બધા વેપારીઓ કે તેમના એજન્ટો પર પ્રતિબંધ મૂક્યો અને તેમને આપવામાં આવતી સુરક્ષાની સવલતો પણ પાછી ખેંચી લીધી.

આ વેપારમાંથી થતા અઢળક નફાને લીધે કેટલાક બ્રિટિશ વેપારીઓએ ઇંગ્લેન્ડ પાછા જઈને આ પ્રતિબંધ સામે આંદોલન ચલાવ્યું. તેમના દબાણ હેઠળ લંડનમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના નિયામકોએ 1771માં આ પ્રતિબંધ ઉઠાવી લેવાની કંપનીને ફરજ પાડી. તેથી ફરીથી નવાબે તેનો વિરોધ કર્યો, અને સહાયકારી જોડાણમાંથી નીકળી જવાની ધમકી આપી. નવા ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સ સમક્ષ બીજો વિકલ્પ ન હોવાથી તેણે વચન આપ્યું કે ''કોઈ અંગ્રેજે તેના (નવાબના) પ્રદેશમાં રહેવું નહીં અને અંગ્રેજ ગુમાસ્તા અને તેની (નવાબની) પ્રજાના કોઈ પણ ઝઘડામાં હું દરમિયાનગીરી નહીં કરું.''

વૉરન હેસ્ટિંગ્સ અને નવાબ શુજા-ઉદ્-દૌલા વચ્ચે બનારસમાં 1773માં થયેલી આ વાટાઘાટનું મહત્ત્વ એ હતું કે તેને પરિણામે અયોધ્યા રાજ્યમાં 1801 સુધી ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વ્યાપારી પગપેસારા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

### 11.4.1 નબળું પડતું જતું અયોધ્યાનું બચાવતંત્ર : 1775-1801 (Weakening of Awadh's Defences 1775-1801)

1775માં શુજા-ઉદ્-દૌલાના મૃત્યુ પછી તેના પુત્ર અસફ-ઉદ્-દૌલાએ અયોધ્યા પર પોતાની સત્તા સ્થાપવાનો પ્રયાસ કર્યો. મોગલ પ્રણાલી મુજબ પ્રાંતીય કક્ષાએ સૂબેદારી વારસાગત ન હતી. તેથી નવાબી માટે અસફ-ઉદ્-દૌલાએ બીજા ઉમેદવારો સાથે સ્પર્ધા કરવાની હતી. આ કારણસર તેને ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે સમાધાન કરવું પડ્યું. પરિણામે તેને નવાબી તો મળી પરંતુ તે માટેની અંગ્રેજોની મદદ અયોધ્યાના રાજ્ય માટે નુકસાનકારક પુરવાર થઈ.

પોતાના અસ્થિર સ્થાનને બચાવવા માટે નવી સંધિ હેઠળ અસફ-ઉદ્-દૌલાએ કંપનીને ઘણી છૂટછાટો આપી. તેણે બનારસનો પ્રદેશ કંપનીને આપ્યો. સહાયકારી લશ્કરના ખર્ચ પેટે દર મહિને દરેક બ્રિગેડ દીઠ વધારાની રૂ. 50,000ની રકમ આપવાનું કબૂલ્યું, જે પહેલાં અપાતી રકમ ઉપરાંત તેના ચોથા ભાગ જેટલી વધારે થતી હતી. તેણે કંપનીની પરવાનગી વગર કોઈ પણ યુરોપિયનને અયોધ્યાના પ્રદેશમાં રહેવા કે તેની સેવામાં ન રાખવાનો સ્વીકાર કર્યો. નવાબને મોઘલ સમ્રાટ કરતાં પણ તેના કંપની સાથેના સંબંધોને અગ્રીમતા આપવી પડી. આમ, પોતાના શાસનની શરૂઆતથી જ અસફ-ઉદ્-દૌલાને વાસ્તવમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની પર આધાર રાખવો પડ્યો.

આમ, કંપનીએ અયોધ્યાના રાજ્યકર્તા વર્ગમાં પડેલા વિખવાદનો લાભ લઈને પોતાનું સ્થાન મજબૂત કર્યું. થોડા જ સમયમાં કંપનીની માગણીઓ એટલી બધી વધી ગઈ કે અયોધ્યાનો નવાબ તેને સંતોષી ન શક્યો. હવે કંપનીએ અમુક ચોક્કસ પ્રદેશની આવક તેને સોંપી દેવાની સત્તા (તનખ્વાહ)ની માગણી કરી, જે મુજબ જે અધિકારીઓ આ પ્રદેશની જમીન-મહેસૂલ ઉઘરાવતા હોય તે આ આવક સીધી કંપનીને સુપરત કરે. આમ, અયોધ્યાના શાસન અધિકારનો અનાદર કરવામાં આવ્યો. કંપની હવે અયોધ્યાના વહીવટીતંત્રમાં વધારે દરમિયાનગીરી કરવા લાગી. કંપનીએ જે જિલ્લાઓ તેને સુપરત કરવામાં આવે તેનો ઉલ્લેખ કરીને આ જિલ્લાઓમાં મહેસૂલી અધિકારીઓની નિમણૂક પણ પોતે કરીને તેમના પર દેખરેખ રાખવાના તેમજ હિસાબો તપાસવાના પ્રયાસ કર્યા, અને વખતોવખત કંપનીના સૈન્ય દ્વારા પોતાની માગણીઓનો બળપૂર્વક અમલ કરાવ્યો.

1797માં અસફ-ઉદ્-દૌલાના મૃત્યુ પછી અયોધ્યા રાજ્યમાં કંપનીની દરમિયાનગીરી વિશેષ વધી. અસફ-ઉદ્-દૌલાનો ગાદીવારસ તરીકે જાહેર થયેલો પુત્ર વઝીરઅલી તેના કંપની વિરોધી વલણને લીધે નવાબ બને તે કંપનીને પસંદ ન હતું. જાન્યુઆરી 1798માં કંપની અને અયોધ્યાના દરબારના ઉમરાવોના જૂથ દ્વારા તેને પદભ્રષ્ટ કરવામાં આવ્યો. આમ, નવો નવાબ સાદતઅલીખાન અસફ-ઉદ્-દૌલા પછી બીજો નવાબ હતો કે જે કંપનીની મદદથી ગાદી પર આવ્યો. સ્વાભાવિક રીતે તે કંપની પર વધારે આધારિત હતો. શરૂઆતમાં તે કંપનીને વિશાળ પ્રદેશો આપવા સંમત થયો. પરંતુ કંપનીએ પાછળથી જમીનને બદલે રોકડ રકમની માગણી કરી. અયોધ્યામાં રહેલાં કંપનીના લશ્કરના નિભાવખર્ચ પેટેની વાર્ષિક રકમમાં 20 લાખ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો. આમ, નવાબ પાસેથી લેવામાં આવતી આ નિભાવ ખર્ચની રકમ દર વર્ષે રૂ. 76,00,000 જેટલી થતી હતી. વધારામાં તેના ભત્રીજાને સ્થાને તેને ગાદી પર બેસાડવાના પ્રયાસ માટે કંપનીને તેણે રૂ. 12,00,000ની રકમ પણ આપવાની હતી. છેલ્લે, નવાબે સ્વીકાર્યું કે "નવાબ સાદતઅલીખાન અને કોઈ પણ વિદેશી સત્તા વચ્ચેનો પત્ર-વ્યવહાર કંપનીની જાણ હેઠળ અને તેની સંમતિથી જ કરવા દેવામાં આવશે." આમ, અયોધ્યાનો નવો રાજવી નાણાકીય રીતે નબળો પડ્યો. રાજદ્વારી સંબંધોમાં પણ તેને એકલો પાડી દેવામાં આવ્યો.

### 11.4.2 1801ની સંધિ (The Treaty of 1801)

આટલાથી પણ સંતોષાતાં ગવર્નર જનરલ લૉર્ડ વેલેસ્લીએ 1801માં નવાબને નવી સંધિ કરવા ફરજ પાડી. જે મુજબ નવાબે કંપનીને દોઆબ, ગોરખપુર અને રોહિલખંડનો વિસ્તાર સુપરત કર્યો. આ ઉપરાંત આ સંધિની બીજી ત્રણ મહત્ત્વની જોગવાઈઓ હતી, જેને પરિણામે અયોધ્યાના શાસનનો અંત નજીક આવ્યો. આ જોગવાઈઓ હતી :

(1) અયોધ્યાના લશ્કરને તેના પહેલાના કદના માત્ર દશમા ભાગ જેટલું જ રાખવામાં આવ્યું.

(2) કંપનીએ "બધા વિદેશી તેમજ આંતરિક દુશ્મનો" સામે અયોધ્યાના પ્રદેશોની સુરક્ષાની જવાબદારી લીધી.

(3) અયોધ્યાનો રાજવી તેના પોતાના વિસ્તારોમાં તેના અધિકારીઓના અમલ હેઠળ એવા પ્રકારનો વહીવટ સ્થાપે કે જેથી ત્યાં રહેતી પ્રજાના જાનમાલની સુરક્ષા થઈ શકે અને નવાબ કંપનીના અધિકારીઓની બનેલી સમિતિની સૂચનાને સુસંગત સલાહ આપે અને નીતિનો અમલ કરે.

આ ત્રીજી જોગવાઈનાં ઘણાં અર્થઘટન થઈ શકતાં હતાં, અને તેને આધારે જ 1816માં અયોધ્યાને ખાલસા કરવામાં આવ્યું.

### 11.4.3અયોધ્યા રાજવંશનો અસ્તકાળ અને પતન : 1801-1856 (Decline and Fall of the Awadh Dynasty : 1801-1856)

અયોધ્યાના શાસકો પાસેથી પ્રદેશો પડાવી લેવા ઉપરાંત કંપની રાજ્યની અંતર વિકલ્પે સત્તાનું નવું કેન્દ્ર

પણ ઊભું કરી રહી હતી. રાજ્ય ક્ષેત્રાતિત અધિકાર હેઠળ પોતાના આધારિતોને રક્ષણ આપવાનું વર્તુળ વધારીને એક પછી એક રેસિડેન્ટોએ નીચેથી ટોચ સુધી કંપનીનું આગવું વગનું ક્ષેત્ર ઊભું કર્યું. કંપનીના લશ્કરમાં ભરતી કરાયેલા કે નિવૃત્ત થયેલા અયોધ્યા વિસ્તારના સિપાહીઓ આ વગના ક્ષેત્રની સૌથી નીચેની સપાટીએ હતા. નવાબની નીતિથી દૂર કરવામાં આવેલા પરંતુ કંપનીના ટેકાથી ફરી તેમને સ્થાને મૂકવામાં આવેલા એવા તાલુકાદારો આ ક્ષેત્રના મધ્ય ભાગમાં હતા. જ્યારે નવાબપદ માટેના નિષ્ફળ ઉમેદવારો કે પદભ્રષ્ટ કરાયેલા નવાબોના સગાંસંબંધીઓ અને મિત્રો આરક્ષિતો તરીકે આ વગક્ષેત્રની ટોચે હતા. 19મી સદીની શરૂઆત સુધીમાં બ્રિટિશ વગ અને સત્તા એટલી કક્ષાએ વધી ગયાં કે ખુદ નવાબ અસફ-ઉદ્-દૌલાની માતા બહુબેગમે પોતાનું વસિયતનામુ કંપનીની તરફેણમાં બનાવ્યું, જે મુજબ પોતાના આશ્રિતો, પોતે નક્કી કરેલી દરગાહ અને કરબલાના પવિત્ર સ્થળ માટે ધર્મ-દાન તરીકે ફાળવવામાં આવેલી રકમ સિવાયની બાકીની તેની બધી સંપત્તિ કંપની સરકારને આપવામાં આવે. જ્યારે નવાબ સાદતઅલીએ કંપનીની આ આરક્ષણની નીતિના થતા અયોગ્ય ઉપયોગ માટે વાંધો લીધો ત્યારે રેસિડેન્ટે જાહેર કર્યું કે રેસિડેન્ટના અધિકારની બાબતમાં દરમિયાનગીરી કરવી એ તેના મત મુજબ સંપૂર્ણ રીતે અસ્વીકાર્ય છે.

આમ, અયોધ્યામાં જ વિકલ્પ તરીકે પોતાનું આગવું રાજકીય સ્થાન સ્થાપીને કંપનીએ અયોધ્યાના શાસકોની રહીસહી સત્તા અને સ્થાનને ધક્કો પહોંચાડ્યો. ઉપરાંત કંપનીએ મોઘલ બાદશાહની જે કંઈ પ્રતિષ્ઠા રહી હતી તેને ઉતારી પાડવા સામ્રાજ્યના વિસ્તારોના વિવિધ શાસકોને તેનાથી સ્વતંત્ર થવા પ્રોત્સાહન આપ્યું.

અયોધ્યાનું રાજ્ય વાસ્તવમાં કંપની પર આધારિત હતું, તેમ છતાં કંપની હજી પોતાના વ્યાપક હેતુઓ માટે નવાબોથી પોતે સ્વતંત્ર છે તે બતાવવા માગતી હતી. કંપનીના અધિકારીએ નવાબ ઘાઝી-ઉદ્-દીન હૈદરને 1819માં મોઘલ બાદશાહની ઔપચારિક સર્વોપરિતાને જાકારો આપવા પોતે મોઘલ બાદશાહથી સ્વતંત્ર છે તેવી જાહેરાત કરવાનું પ્રોત્સાહન આપ્યું અને નવાબે પણ ઔપચારિક રીતે સ્વતંત્ર થવાની જાહેરાતથી બીજા શાસકો માટે દૃષ્ટાંત પૂરું પાડ્યું. એ રીતે મોઘલ સમ્રાટના વિકલ્પ તરીકે અખિલ ભારતીય કક્ષાએ સર્વોપરિતાના કેન્દ્ર તરીકે પોતાને સ્થાપવાનો કંપનીએ તખ્તો તૈયાર કર્યો. હવે કંપની માટે એટલું જ બાકી રહ્યું હતું કે મોઘલ સમ્રાટ અને નવાબને કેવી રીતે ઉતારી પાડીને તેમની નાલેશી કરવી અને પોતાની સર્વોપરિતા પુરવાર કરવી. અયોધ્યાના શાસકો માત્ર ઔપચારિક રીતે જ સર્વોપરિતાનો દાવો કરતા હતા. પરંતુ હવે આ ઔપચારિકતાનો પણ ત્યાગ કરવાની તેમને ફરજ પાડવામાં આવી.

નવાબ ઘાઝી-ઉદ્-દીને પોતા માટે પાદશાહ-એ-ઘાઝી અને શાહ-એ-ઝમાન ખિતાબનો ઉપયોગ કર્યો હતો. પરંતુ તેના પુત્ર અને વારસ નાસીર-ઉદ્-દીન હૈદરને કંપનીએ આ ખિતાબ ધારણ ન કરવા અને તેને બદલે માત્ર પાદશાહ-એ-અવધ અને શાહ-એ-જહાં ખિતાબ રાખવા ફરજ પાડી. આ ખિતાબના ઉપયોગ સામે પણ વાંધો લેવામાં આવ્યો, અને હવે માત્ર આંતરિક પત્ર-વ્યવહારમાં જ તેનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી એ રીતે કંપનીએ અયોધ્યાના શાસકોના ભૌતિક તેમજ નૈતિક અધિકાર ક્ષેત્ર પર અંકુશ વધારવાનું ચાલુ રાખ્યું અને છેવટે તેનું તાર્કિક પરિણામ 1856માં અયોધ્યાને ખાલસા કરવામાં આવ્યું. હવે બ્રિટિશ રેસિડેન્ટે ચીફ કમિશ્નર તરીકે અયોધ્યાનો વહીવટ સંભાળી લીધો.

### તમારી પ્રગતિ ચકાસો - 1

1. અયોધ્યા-શાસનની નબળાઈઓના સ્રોત કયા હતા ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. નીચેનાં વિધાનોમાંથી ખરાં પર નિશાની કરો :

   (અ) અયોધ્યા રાજ્યના એકીકરણ માટે કાર્ય કર્યું. અયોધ્યામાં મોટા ભાગના જમીન ધરાવનારાઓએ

   (બ) અયોધ્યાની રાજકીય સ્થિરતા માટે કાર્ય કર્યું.

   (ક) સંગઠિત થઈને કંપનીનાં લશ્કરોને હરાવવા માગતા હતા.

   (ડ) પોતાને અવધના પ્રાંતીય શાસકો કરતાં અગાઉ હક ધરાવતા અને તેમનાથી સ્વતંત્ર ગણ્યા.

3. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ અયોધ્યાના નવાબ પર સહાયકારી જોડાણપદ્ધતિ શા માટે લાદી ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

4. સહાયકારી યોજનાથી કોને ફાયદો થયો ? કઈ રીતે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 11.5 ઉત્તર ભારતના બીજા ભાગોમાં વિસ્તરણ (Expansion in other parts of North India)

નવાબ શુજા-ઉદ્-દૌલાએ ઇટવા અને રોહિલખંડ 1774માં જીત્યા પછી, અને 1801માં રોહિલખંડને કંપનીના પ્રદેશમાં જોડી દીધા પછી ઉત્તર ભારતમાં અયોધ્યા ઉપરાંત માત્ર પંજાબ જ મુખ્ય સત્તા તરીકે બાકી રહ્યું.

જૂન 1839માં મહારાજા રણજીતસિંહના મૃત્યુ પછી પંજાબમાં રાજકીય અસ્થિરતા સર્જાઈ અને સરકારો ઝડપથી બદલાવા લાગી. પંજાબની ગાદી પર ખડકસિંહ, નવનિહાલસિંહ, ચાંદકૌર, શેરસિંહ અને છેવટે દલીપસિંહને ઝડપથી એક પછી એક એમ બેસાડવામાં આવ્યા. કાવતરા અને દગાફટકાનું રાજકારણ ખેલાયું, અને સરકાર બદલવામાં લશ્કરે મહત્ત્વનો ભાગ ભજવ્યો. ગાદી માટેના દાવાદારોની તરફેણમાં કે તેમને દૂર કરવા લોહિયાળ અને લાંબાં યુદ્ધ થયાં.

### 11.5.1 પંજાબમાં બ્રિટિશ હિત (The British interest in Punjab)

1830ના દાયકાથી અંગ્રેજો પંજાબમાં રસ લેતા થયા હતા. જયારે મહારાજા રણજીતસિંહના પૌત્રનાં લગ્ન-પ્રસંગે બ્રિટિશ લશ્કરના વડા સર હેન્રી ફેનને હાજરી આપવા આમંત્રણ આપવામાં આવ્યું તે વખતે તેણે આ પ્રસંગનો ઉપયોગ પંજાબના સૈન્યને હરાવવા માટે કેટલી લશ્કરી તાકાતની જરૂર છે તેના અંદાજ માટે કર્યો. ફરી, ઑક્ટોબર, 1843માં ભારતના ગવર્નર જનરલ એલનબરોએ બ્રિટનની સરકાર સાથે પંજાબના લશ્કરી કબજાની શક્યતા અંગે ચર્ચા કરી હતી. પરંતુ પાંચ વર્ષ સુધી અફઘાનિસ્તાનમાં વિગ્રહની પરિસ્થિતિને લીધે ભારતીય લશ્કર નબળું પડી ગયું હતું, આ કારણસર બ્રિટિશ સરકારને પંજાબના શક્તિશાળી લશ્કર સામે પગલાં ભરવાનું સલાહભર્યું ન લાગ્યું.

### 11.5.2 પંજાબની જીતની પદ્ધતિ (The Mode of Conquest of Punjab)

થોડા સમયમાં અંગ્રેજોને પંજાબ સામે લશ્કરી પગલાં ભરવાની તક પ્રાપ્ત થઈ. તે માટે ત્યાં સરકારમાં આવતાં પરિવર્તન, અધિકારીઓમાં લાંચરુશવતનું દૂષણ, લશ્કરમાં શિસ્તનો અભાવ અને લાહોરની વસ્તી તેમજ વેપારી વર્ગના પંજાબની સરકાર તરફ વધતો અસંતોષ વગેરે કારણો હતાં. તેને લીધે શાસકવર્ગ અને પ્રજાની ખુમારી ઘટી ગઈ હતી. આ ઉપરાંત પંજાબની સરકારના ઉચ્ચ સ્થાને બેઠેલા-વડાપ્રધાન રાજા લાલસિંહ, લશ્કરનો વડો મીસાર તેજસિંહ અને લાહોર દરબારમાં વગ ધરાવતા ઉમરાવોમાં ડોગરા રાજા ગુલાબસિંહ વગેરે અંગ્રેજોના મિત્ર બની ગયા હતા.

તેથી જ્યારે 13 ડિસેમ્બર, 1845માં કંપની અને પંજાબ વચ્ચે પ્રથમ વિગ્રહ શરૂ થયો તે વખતે લશ્કર અને સરકારમાં ઉચ્ચ સ્થાને બેઠેલા અધિકારીઓ સાથેનું અંગ્રેજોનું જોડાણ નિર્ણાયક પુરવાર થયું. લાલસિંહની લાપરવાહીને લીધે કંપનીનું લશ્કર હારમાંથી બચી ગયું. શીખ લશ્કરે કંપનીના પીછે હઠ કરતાં લશ્કર પર દબાણ લાવવાનો પ્રયાસ જ ન કર્યો.

નેતાગીરીની નિષ્ફળતાને લીધે પંજાબનું શક્તિશાળી લશ્કર હારી ગયું, અને 8 માર્ચ, 1846ને દિવસે નાલેશીભરી લાહોરની સંધિ કરવામાં આવી, જે મુજબ અંગ્રેજોએ જલંધર દોઆબનો પ્રદેશ ખાલસા કર્યો, અને જમ્મુ તથા કાશ્મીરનો પ્રદેશ રાજા ગુલાબસિંહને 50 લાખ રૂપિયાની રકમ બદલામાં સુપરત કર્યો, પંજાબના લશ્કરને ઘટાડવામાં આવ્યું, હવે તેમાં 20,000ના પાયદળ અને 12,000ના અશ્વદળનો સમાવેશ થતો હતો. તે સાથે લાહોરમાં બ્રિટિશ લશ્કરને મૂકવામાં આવ્યું, ત્યાર પછી, 16 ડિસેમ્બર, 1846ને દિવસે બીજી સંધિ કરવામાં આવી, જે હેઠળ લાહોરમાં રહેલા બ્રિટિશ રેસિડેન્ટને રાજાની સગીર વયને લીધે સ્થપાયેલી કાઉન્સિલ દ્વારા રાજ્યના દરેક ખાતાની બાબતોને લગતી વિશાળ સત્તા આપવામાં આવી. પંજાબમાં રાખવામાં આવેલાં બ્રિટિશ લશ્કરના ખર્ચની જવાબદારી પણ લાહોર સરકાર પર નાખવામાં આવી.

આ બધું કર્યા છતાં અંગ્રેજ સરકારને હજી સંતોષ થયો ન હતો. તેમનો હેતુ તો પંજાબને ખાલસા કરવાનો હતો. તેથી મુલતાનના દીવાને 1848માં અંગ્રેજોના રક્ષણ હેઠળ લાહોર દરબાર સામે બળવો કર્યો ત્યારે આ બળવો બધા વિસ્તારમાં ફેલાય તેની અંગ્રેજો રાહ જોતા હતા, જેથી આ બળવાને દબાવવાના બહાના હેઠળ પંજાબને જીતી શકાય. ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસીએ બ્રિટનની ગૃહ સરકારને લખ્યું, તેમાં તેણે ઉલ્લેખ કર્યો કે ''રાજા શેરસિંહ અને તેનું લશ્કર આ બળવામાં જોડાયું છે. સરદાર ચત્તરસિંહના નેતૃત્વ હેઠળનું દરબારનું લશ્કર પણ તેમાં સામેલ થયું હતું. આમ, લશ્કર અને પંજાબના લોકોના લાહોર દરબાર સામેનો અસંતોષ વધતાં જે કટોકટી પેદા થઈ છે તેની ઘણા મહિનાથી રાહ જોવાતી હતી. તેથી હવે આપણે શીખ રાષ્ટ્ર અને પંજાબ રાજ્ય સાથે યુદ્ધ થવાની અણી પર જ નથી પરંતુ યુદ્ધની વચ્ચે જ છીએ.''

1849ના આ વિગ્રહમાં શીખ લશ્કરોની સંપૂર્ણ હાર થઈ અને પંજાબને ખાલસા કરવામાં આવ્યો. આમ, અંગ્રેજોએ જે રાજ્યનું રક્ષણ કરવાનું હતું તેને જ પચાવી પાડ્યું. આથી કંપની સરકારનો વિસ્તાર છેક પંજાબથી બંગાળ સુધી વિસ્તર્યો.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. તનખ્વાહ અથવા જમીનસોંપણી પર ટૂંક નોંધ લખો.

.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................

2. અયોધ્યા પર રાજકીય અંકુશ જમાવવા ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ કયા ઉપાયો યોજ્યા ?

.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................

3. પંજાબની જીત માટે અંગ્રેજોને કયાં પરિબળોની મદદ મળી ?

.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................

4. ડેલહાઉસીની ખાલસાનીતિનું શું પરિણામ આવ્યું ?

.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................

## 11.6 સારસંક્ષેપ (Conclusion)

આ એકમમાં આપણે ઉત્તર ભારતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા અયોધ્યા અને પંજાબ જેવી બે મુખ્ય પ્રાદેશિક સત્તાઓની જીત માટે કયાં કારણો જવાબદાર હતાં તેનો અભ્યાસ કર્યો. જ્યારે અયોધ્યાનું શાસક મંડળ બ્રિટિશ દબાણ હેઠળ સહેલાઈથી તાબે થયું અને 1856માં અંગ્રેજોએ અયોધ્યાને ખાલસા કર્યું. તેમ છતાં 1857માં તેમની સામે બગાવતમાં ઊતરેલા લોકોને શાંત કરવાનું અંગ્રેજો માટે સહેલું ન હતું, કંપનીએ

ધીમેધીમે પગપેસારો કરીને આખા પ્રાંતમાં સત્તા ઝૂંટવી લઈને રાજયને ખાલસા કર્યું તેનો આઘાત અયોધ્યાના ખેડૂતો, જમીનદારો અને સિપાઈઓને વધારે લાગ્યો.

## 11.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. જુઓ વિભાગ 11.2
2. ડ;
3. જુઓ વિભાગ 11.3
4. જુઓ વિભાગ 11.3

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. જુઓ પેટા વિભાગ 11.4.1.
2. જુઓ વિભાગ 11.4 તમે દબાણ, મુસદ્દીગીરી અને વિકલ્પે નવું સ્વીકૃત કેન્દ્ર સ્થાપવા માટેના પ્રયાસોનો ખ્યાલ મેળવી શકશો.
3. જુઓ પેટા વિભાગ 11.5.2
4. જુઓ પેટા વિભાગ 11.5, 11.5.1, 11.5.2




નકશો-2 - અંગ્રેજો દ્વારા ભારતમાં પ્રદેશ પ્રાપ્તિનો અનુક્રમ

# એકમ : 12 ભારતીય સરહદો બહાર બ્રિટિશ વિસ્તરણ : (British Expansion Beyond Indian Frontiers)

રૂપરેખા


12.0 હેતુઓ અને પ્રસ્તાવના
12.1 ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વ્યાપાર
12.1.1 ભારત સાથે વ્યાપાર
12.1.2 ચીન સાથે વ્યાપાર
12.1.3 વિસ્તરણ માટેનાં સામાન્ય કારણો
12.2 સામુદ્રધુનીઓની વસાહત
12.2.1 પીનાંગ
12.2.2 સુમાત્રા
12.2.3 સિંગાપોર
12.2.4 સામુદ્રધુનીઓની વસાહત - તાજનું સંસ્થાન
12.3 બર્મા
12.3.1 આંગ્લ-બર્મા વિગ્રહ-1
12.3.2 આંગ્લ-બર્મા વિગ્રહ-2
12.4 ગૌણ વસાહતો
12.4.1 બોર્નીઓ અને ફિલિપ્પાઈન્સ
12.4.2 આંદોમાન અને નિકોબાર
12.4.3 શ્રીલંકા
12.4.4 મોરેશિયસ
12.5 નેપાલ
12.6 અફઘાનિસ્તાન
12.7 સારસંક્ષેપ
12.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
12.9 ચાવીરૂપ શબ્દો


## 12.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમનો હેતુ તમને ભારત બહાર અંગ્રેજોના સાંસ્થાનિક વિસ્તરણના ઇતિહાસથી માહિતગાર કરવાનો છે. તેમાં સાંસ્થાનિકરણ માટેના પ્રયાસોનું ટૂંકમાં વર્ણન છે. સાથે એ પણ સમજાવવામાં આવ્યું છે કે આ વિસ્તરણ કેવી રીતે અને શા માટે થયું. આ એકમ વાંચ્યા પછી તમે -

- ભારત બહાર બ્રિટિશ વ્યાપાર અને વિસ્તરણ માટેનાં સામાન્ય કારણો શીખશો.
- એ જાણી શકશો કે ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ કેવી રીતે અને ક્યાં પોતાની વગ ફેલાવી, અને
- જે વિસ્તારો પર સીધો કબજો ન સ્થાપતાં ત્યાં કેવી રીતે પોતાની વગ જમાવી.

અગાઉના એકમોમાં તમે સામ્રાજ્યવાદના સ્વરૂપ વિશે વાંચી ગયા છો, તમે એ પણ વાંચી ગયા છો કે કઈ રીતે બંગાળની સંપત્તિનો ઉપયોગ બાકીના ભારતને જીતવા અને ઇસ્ટ ઇન્ડિયા કંપનીના માલિકોને સમૃદ્ધ બનાવવા માટે કરવામાં આવ્યો. આ એકમ તમને સંસ્થાનવાદના લક્ષણ એવા સતત વિસ્તરણ અંગે તેમજ એક સંસ્થાનની સંપત્તિના ઉપયોગથી બીજા સંસ્થાન પર કબજો જમાવીને તેને સુદૃઢ બનાવવા અને વિસ્તારવા અંગે પરિચિત કરશે.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતની સંપત્તિનો ઉપયોગ દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયાના પ્રદેશોમાં પોતાનું સ્થાન મજબૂત બનાવવા માટે કર્યો. ભારતનો મુખ્ય મથક તરીકે ઉપયોગ કરીને અંગ્રેજોએ 1757થી 1857ના સમય દરમિયાન દક્ષિણમાં શ્રીલંકા, દક્ષિણ-પશ્ચિમમાં મોરેશિયસ, ઉત્તર-પશ્ચિમમાં અફઘાનિસ્તાન, ઉત્તરમાં નેપાળ, તેમજ દક્ષિણ-પૂર્વમાં આંદામાન-નિકોબાર, બર્મા, મલાયા અને ફિલિપ્પાઈન્સ પર અંકુશ સ્થાપ્યો. માત્ર એશિયાની મુખ્ય ભૂમિ - ચીન, સિયામ, લાઓસ, કંબોડિયા અને વિયેટનામ પ્રમાણમાં આ અંકુશ બહાર રહ્યાં. પરંતુ ત્યાં પણ ખાસ કરીને ચીનની બાબતમાં, અંગ્રેજોએ 1842 પછી પોતાની વિશેષ વગ સ્થાપી.

આ વિસ્તરણનો ઇતિહાસ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ભારત અને ચીનમાંની મહત્ત્વાકાંક્ષા અને સફળ ભાવિ પર આધારિત હતો.

## 12.1 ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વ્યાપાર (East India Company's Trade)

ભારત અને ચીન સાથેનો એક જ સમયે ચાલતો વ્યાપાર ઇસ્ટ ઇન્ડિયા કંપનીના હેતુ માટે ઉપયોગી

હતો, ઈસ્ટ ઇન્ડિયા કંપની ચીનની બજારમાં ભારતનો માલ મોકલતી અને એ રીતે સૌથી વધારે નફો કમાતી. પરંતુ આ ઉપરાંત તેના બીજા પણ ફાયદા હતા. હવે આપણે આ વ્યાપારની વિગતો તપાસીએ.

### 12.1.1 ભારત સાથે વ્યાપાર (Trade With India)

તમે જોઈ ગયા કે પ્લાસી (1757) અને બક્સર (1764)નાં યુદ્ધને પરિણામે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ બંગાળ પ્રાંત પર કાનૂની સત્તા પ્રાપ્ત કરી. એશિયાની મુખ્ય ભૂમિ પર સીધા બ્રિટિશ અંકુશ હેઠળ આવનાર જો મહત્ત્વનો પ્રદેશ હોય તો તે આ બંગાળ પ્રાંત હતો.

1770ના દાયકા સુધીમાં બંગાળનું સંપૂર્ણ રીતે શોષણ કરવામાં આવ્યું અને તેનું અર્થતંત્ર તૂટી ગયું. પરિણામે ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો નફો પણ ઘટી ગયો. કંપનીએ વેપારમાં આવતી ભારે ખોટનો અહેવાલ ઇંગ્લૅન્ડ આપવાની શરૂઆત કરી. આ ખોટે બે રીતે મુશ્કેલી સર્જી; તેથી ઇંગ્લૅન્ડમાં કંપનીના શૅરહોલ્ડરોની ડિવિડન્ડની આવક ઘટી ગઈ અને તેની ચીન સાથેના ખૂબ નફાકારક વેપાર પણ અસર પડી. ચીનની ચા, રેશમ અને નાનકીનમાં તૈયાર થતાં 'નાનકીન કાપડ'ની યુરોપમાં ખૂબ નફાકારક બજાર હતી. કંપની પાસે આ વ્યાપારનો ઇજારો હતો. પરંતુ આ વખતે ચીનાઓએ પોતાનો માલ માત્ર ચાંદીને બદલે વેચવાનું નક્કી કર્યું હતું. ખોટને પહોંચી વળવા કંપનીને ઇંગ્લૅન્ડની પાર્લામેન્ટ સમક્ષ નાણાકીય સહાય માટે વિનંતી કરવી પડી. પરંતુ પાર્લામેન્ટે કંપનીના વહીવટ પર અંકુશ મૂકવાની શરતે જ નાણાકીય સહાય કરવાની તૈયારી બતાવી. એ રીતે કંપનીને 1773નો પાર્લામેન્ટનો નિયામકધારો-રેગ્યુલેટિંગ એક્ટ સ્વીકારવાની ફરજ પડી.

એ દરમિયાન ઇંગ્લૅન્ડ ઔદ્યોગિક ક્રાંતિમાંથી પસાર થતું હતું, અને ઇંગ્લૅન્ડનાં ઔદ્યોગિક હિતો કંપનીના પૂર્વના વ્યાપારને લગતા ઇજારાને નાબૂદ કરવાની માગણી કરતાં હતાં. તેમની પાર્લામેન્ટ સમક્ષ લઘુતમ માગણી એ હતી કે કંપનીનાં બજારોમાં વ્યાપાર માટે તેમને પણ હિસ્સો મળવો જોઈએ. ભારતમાં એ સમયે કંપની પ્રાદેશિક અંકુશ પ્રાપ્ત કરવા દેશી રાજ્યો સાથે ભારે ખર્ચાળ એવા સશસ્ત્ર ઘર્ષણમાં ઊતરી હતી. બીજી બાજુ તેની આવકનું સ્વરૂપ વ્યાપાર-વાણિજ્યને બદલે જમીન-મહેસૂલમાં ફેરવાતું જતું હતું. એટલે કે કંપનીની મુખ્ય પ્રવૃત્તિ વ્યાપારને બદલે સરકારના સંચાલનની બની.

### 12.1.2 ચીન સાથેનો વ્યાપાર (Trade with China)

જ્યારે કંપની ભારતમાં પોતાનું સ્થાન મજબૂત કરતી જતી હતી તે વખતે તેના ચીન સાથેના વ્યાપારમાં પણ વૃદ્ધિ થતી જતી હતી. ભારતની જેમ ચીનના વ્યાપાર પર પણ તેનો ઇજારો હતો.

કંપનીનો ચીન સાથેનો પ્રથમ વ્યાપારી સંપર્ક 1701માં સ્થપાયો. ત્યાર પછીનાં પચાસ વર્ષોમાં તેના રેશમ, નાનકીન કાપડ અને ચાના વ્યાપારમાં નફાકારક વૃદ્ધિ થઈ. પરંતુ કંપનીની દૃષ્ટિએ આ વ્યાપારને બે મુખ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો :

- ચીનની સરકારે આ વ્યાપાર પર અંકુશ મૂકીને તેને કેન્ટોનના બંદર પૂરતો મર્યાદિત રાખ્યો હતો; અને
- ચીન વિનિમયમાં ચાંદી જ માગતું હતું અને તેમાં પણ ખાસ કરીને ચાંદીનો સ્પેનિશ ડૉલર.

  1757થી બંગાળની આવક પર અંકુશ જમાવ્યા પછી આ બીજી મુશ્કેલીનું તો નિવારણ થઈ શક્યું, પરંતુ 1789થી બંગાળની આવક ખૂબ ઘટી ગઈ. ત્યાર પછીનાં વર્ષો દરમિયાન કંપની ચીનના વ્યાપારના બદલામાં
- ચાંદીને સ્થાને મધ્ય ભારતના માલવા વિસ્તારમાં ઉત્પન્ન થતા અફીણની નિકાસ કરવા માગતી હતી; અને
- દક્ષિણ-પૂર્વ એશિયામાંથી કીમતી મસાલા પ્રાપ્ત કરીને ચીન અને યુરોપમાં તેની નિકાસ કરવા માગતી હતી. આ કારણસર કંપનીને દક્ષિણ-પૂર્વ એશિયામાં વગ સ્થાપવાની જરૂર જણાઈ.

### 12.1.3 વિસ્તરણ માટેનાં સામાન્ય કારણો (General Causes for Expansion)

ભારત બહાર અંગ્રેજોનાં હિતોના વિસ્તરણ માટે બે કારણો મુખ્ય હતાં :

- **બજારો અને નિકાસ :** ભારતમાં પ્રાપ્ત કરેલ માલ માટે નવી બજારો મેળવવાની આવશ્યકતા, ચીન સાથેના વ્યાપારના બદલામાં નિકાસ માટે જરૂરી વસ્તુઓ, અને દક્ષિણ તેમજ દક્ષિણ-પૂર્વ એશિયામાં લશ્કરને તૈયાર રાખવા અને તેને જરૂરી પુરવઠા માટે માલસામાનની આવશ્યકતા;
- **લશ્કરી વ્યૂહરચના :** ભારતીય સામ્રાજ્યનું અને ચીન તેમજ ભારતના વ્યાપારમાર્ગોનું રક્ષણ કરવાની આવશ્યકતા.

આ ઉપરાંત બીજાં બે ગૌણ કારણો જવાબદાર હતાં : એક, યુરોપમાં બ્રિટિશ વિદેશનીતિ પરનાં કેટલાંક દબાણ; અને બીજું, ભારતમાંની અમલદારશાહીની નીતિ અને હિતો. આ પરિબળોનું મહત્ત્વ બદલાતી જતી પરિસ્થિતિના સંદર્ભમાં ઓછુંવત્તું હતું, જે અંગે આ એકમમાં ચર્ચા કરવામાં આવશે.

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. ભારત બહાર ઈસ્ટ ઇન્ડિયા કંપનીને વિસ્તરણ કરવાની કેમ જરૂર જણાઈ ?

   ..........................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

2. ચીન સાથેના વ્યાપારમાં બંગાળનું મહત્ત્વ શા માટે હતું ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

3. ઈસ્ટ ઇન્ડિયા કંપનીને બ્રિટિશ સંસદના નિયામકધારા (1773)નો શા માટે સ્વીકાર કરવો પડ્યો ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

## 12.2 સામુદ્રધુનીઓની વસાહતો

ભારત બહાર પ્રથમ અંગ્રેજ વસાહત મલાક્કાની સામુદ્રધુનીના વિસ્તારમાં સ્થપાઈ. 19મી સદીમાં આ વસાહત સામુદ્રધુનીની વસાહત તરીકે ઓળખાઈ.

### 12.2.1 પીનાંગ (Penang)

1592માં પ્રથમ અંગ્રેજ જહાજ એડવર્ડ બોનાવેન્ચર (The Edward Bonventure)મલાક્કા સામુદ્રધુનીના પીનાંગ ટાપુમાં આવી પહોંચ્યું. 1600 સુધીમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મલય દ્વીપસમૂહમાં બાર ફેક્ટરીઓ સ્થાપી હતી. પરંતુ 1625થી કંપનીને મલાયાનો મસાલાનો વેપાર નફાકારક ન લાગ્યો. તેથી તેણે ભારતના વેપાર પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. ખાનગી બ્રિટિશ વ્યાપારીઓએ સામુદ્રધુનીના વિસ્તારમાંથી ભારતમાં કલઈ, હાથીદાંત અને મરીની નિકાસ કરી, અને તેના બદલામાં ભારતમાંથી કાપડની નિકાસ સામુદ્રધુનીના વિસ્તારમાં કરીને આ વિસ્તાર સાથે પોતાનો વ્યાપારી સંપર્ક જાળવી રાખ્યો.

કંપનીના ચીન સાથેના વ્યાપારમાં વધારો થવાથી ભારતથી ચીન આવ-જવાના સામુદ્રિક માર્ગમાં વચ્ચે રોકાણ કરવા માટે સુરક્ષિત બંદરની જરૂર જણાઈ. આ વિસ્તરણની જરૂર 1782 પછી વિશેષ જણાઈ કે જ્યારે ફ્રેંચ નૌકા અધિકારી ડી સફ્રેનએ ઉત્તર સુમાત્રાના એચેહેસ (Achehese)બારાનો ઉપયોગ કરીને બંગાળના અખાતમાંથી અંગ્રેજોની બધી વ્યાપારી પ્રવૃત્તિને અટકાવી દીધી. અંગ્રેજો માટે તેમનાં વહાણોની મરામત માટેનું પશ્ચિમ ભારતના કિનારા પર હમણાં સુધીનું એક માત્ર બારું મુંબઈ હતું.

આમ, 1784માં ફ્રાસીઆ લાઇટે(Fracia Light) ઈસ્ટ ઇન્ડિયા કંપની વતી કેદાહ(Kedah) ના સુલતાન સાથે સમજૂતી કરી, જે હેઠળ પીનાંગ ટાપુ પર અંગ્રેજી વસાહત સ્થાપવાની સુલતાને પરવાનગી આપી. કંપનીએ તેના બદલામાં પડોશીઓના આક્રમણ સામે સુલતાનને લશ્કરી મદદ આપવાનું વચન આપ્યું. મદ્રાસની સરકારે આ સમજૂતીને આખરી મંજૂરી એટલા માટે ન આપી કે તેને પરિણામે કંપનીને કોઈ પ્રકારના ફાયદા વગર બિનજરૂરી યુદ્ધમાં સંડોવાવું પડે. આથી કેદાહના સુલતાને પીનાંગ ટાપુ પાછો લેવા લશ્કરી પગલું ભર્યું, પરંતુ ફ્રાસીઆ લાઇટે સુલતાનના લશ્કરને હાર આપી. પરિણામે 1791માં નવી સંધિ કરવામાં આવી, જે મુજબ સુલતાનને વાર્ષિક રકમની ચુકવણીના બદલામાં પીનાંગ ટાપુ અંગ્રેજોને સુપરત કરવામાં આવ્યો. ઉપરાંત અંગ્રેજોને પીનાંગ ટાપુ સામે મલાયાની મુખ્ય ભૂમિની જમીનની પટ્ટી પર અંકુશ રાખવાની છૂટ આપવામાં આવી. આમ, અંગ્રેજો બંગાળના અખાતની પૂર્વ બાજુએ મોટું નૌકામથક સ્થાપી શક્યા. અંગ્રેજોને તેનો મુખ્ય ફાયદો એ થયો કે સુમાત્રાના મરીનો વ્યાપાર કે જે દુનિયાના મરીના કુલ ઉત્પાદનના 60%જેટલો હતો તે હવે પીનાંગ જળમાર્ગ દ્વારા જ કરવામાં આવતો હતો.

1805માં પીનાંગને પણ મુંબઈ અને મદ્રાસની જેમ ગવર્નરના વહીવટ હેઠળ પ્રેસીડેન્સી બનાવવામાં આવ્યો. પીનાંગની વસાહતના નિભાવનો ખર્ચ બંગાળની સરકાર આપતી. ત્યાંના પચાસ જેટલા બ્રિટિશ અધિકારીઓનો પગાર બંગાળના નાણાખાતા દ્વારા આપવામાં આવતો, અને આ વર્ષો દરમિયાન તેની સરેરાશ ખોટ પણ બંગાળ સરકાર ભરપાઈ કરતી.

### 12.2.2 સુમાત્રા (Sumatra)

એ દરમિયાન 1783માં અંગ્રેજોએ સુમાત્રામાં રીયુઉ(Riau)ના બુગી (Bugi) રાજ્યકર્તાઓ સાથે પણ સંપર્ક

સ્થાપી દીધો. બંગાળની કંપની સરકારને લાગ્યું કે રીયુની વસાહત ચીન સાથેના વ્યાપારના જળમાર્ગને સુરક્ષિત રાખશે અને મલયદ્વીપ સમૂહના વ્યાપારના પ્રવેશ દ્વાર તરીકે રીયુનો ઉપયોગ થશે. પરંતુ 1784માં ડચોએ બુગી રાજવીઓ પર આક્રમણ કરતાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીને પોતાની યોજના પડતી મૂકવી પડી. આ સમયે યુરોપના બનાવોની અસર આ વિસ્તાર પર પડી. 1787માં ઇંગ્લેન્ડ અને પ્રશિયાની સંયુક્ત દરમિયાનગીરીથી હોલેન્ડની સરકારને ઉથલાવવામાં આવી. ઇંગ્લેન્ડે હોલેન્ડની નવી સરકાર સમક્ષ માગણી મૂકી કે ડચોને ભારતમાં વ્યાપારી છૂટછાટ આપવામાં આવે તેના બદલામાં શ્રીલંકામાં ત્રિકોમાલી અને રીયુ પર અંગ્રેજોને અંકુશ સ્થાપવાની છૂટ આપવામાં આવે. તે સાથે એ સમજૂતી પણ કરવામાં આવે કે સુમાત્રાની પૂર્વમાં અંગ્રેજોના વહાણવટા પર પ્રતિબંધ મૂકવામાં આવે. હોલેન્ડ આ બાબતો અંગે સંમત ન થયું.

એ દરમિયાન ફ્રાન્સમાં ક્રાંતિ થઈ, અને ફ્રાન્સનાં ક્રાંતિકારી સૈન્યોએ 1794માં હોલેન્ડને હરાવ્યું. હવે હોલેન્ડની નવી સરકાર ઇંગ્લેન્ડ વિરોધી બની. તેથી તેનો બદલો લેવા અંગ્રેજોએ ભારત તથા શ્રીલંકામાંનાં ડચ સંસ્થાનો, સુમાત્રાનો પશ્ચિમ કિનારો, મોલુક્કા, સુલાવેસીમાં મીનાડો, મલાક્કા તેમજ રીયુ પર કબજો જમાવ્યો.

પરંતુ જાવામાંનાં ડચ સંસ્થાનોનો કબજો લેવામાં ન આવ્યો, કારણ કે 1790ના દાયકાના બીજા ભાગમાં ગવર્નર જનરલ વેલેસ્લી ભારતમાં યુદ્ધોમાં રોકાયેલો હતો, અને પશ્ચિમમાં ઇજિપ્ત માર્ગે ફ્રેંચો ભારત માટે ધમકીરૂપ બન્યા હતા. પરંતુ યુરોપમાં ફરીથી હોલેન્ડ જ્યારે નેપોલિયન સાથે જોડાયું ત્યારે ઇંગ્લેન્ડમાં પાર્લામેન્ટની વતી ભારતમાં કંપનીની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખતા બોર્ડ ઑફ કન્ટ્રોલે ઑગસ્ટ, 1810માં ગવર્નર જનરલ મિન્ટોને સૂચના આપી કે દક્ષિણ-પૂર્વ એશિયામાં ફ્રેંચોને નવું મથક સ્થાપતાં અટકાવવા માટે જાવામાંથી ડચોને હાંકી કાઢવામાં આવે એ રીતે જાવા પર અંકુશ જમાવવો અને તે માટે એકસો યુદ્ધજહાજો અને 1200નું સૈન્ય મોકલવામાં આવે.

1813 પછી યુરોપમાં શાંતિ સ્થપાતાં હોલેન્ડ સાથે ઇંગ્લેન્ડે મૈત્રીસંબંધો બાંધ્યા, પરિણામે દક્ષિણ-પૂર્વ એશિયાના ડચ સંસ્થાનો તેને પાછાં આપવામાં આવ્યાં. પરંતુ અંગ્રેજોએ શ્રીલંકા અને પીનાંગ પર લશ્કરી વ્યૂહરચનાને ધ્યાનમાં રાખીને કબજો ચાલુ રાખ્યો. તે સમય સુધીમાં મલયદ્વીપ સમૂહના વ્યાપારનું મહત્ત્વ ઓછું થયું, કારણ કે લવિંગ અને જાયફળ જેવા મલયદ્વીપ સમૂહના મસાલા વ્યાપારની મહત્ત્વની વસ્તુઓનું વાવેતર મોલુક્કા બહાર પણ થવા લાગ્યું. વધારામાં, માળવામાં પેદા થતું અફીણ ચીન સાથેના વ્યાપારમાં બીજી વસ્તુઓનું ઝડપથી સ્થાન લેવા લાગ્યું. આમ, ડચોને મલય સામુદ્રધુનીના વિસ્તારમાં તેમનાં સંસ્થાનો પાછાં સુપરત કરવા માટે આ કારણો પણ જવાબદાર હતાં.

### 12.2.3 સિંગાપુર (Singapore)

અંગ્રેજોના જાવા પરના કબજા વખતે ત્યાંના લેફ. ગવર્નર સ્ટેમ્ફર્ડ રેફલ્સે(Stamford Raffles)એવી દહેશત વ્યક્ત કરી કે જો દક્ષિણ-પૂર્વ એશિયાનો વિસ્તાર ડચોને સુપરત કરવામાં આવે તો તેઓ આ વિસ્તારમાંથી અંગ્રેજ વ્યાપારને સંપૂર્ણ નષ્ટ કરશે. તે સમયનો ભારતનો ગવર્નર-જનરલ લૉર્ડ હેસ્ટિંગ્સ રેફલ્સ સાથે આ બાબત અંગે સંમત થયો અને તેણે રેફલ્સને મલયદ્વીપ સમૂહમાં યોગ્ય સ્થળે વસાહત સ્થાપવાની છૂટ આપી. રેફલ્સે ત્યાંની આંતરિક બાબતોમાં દરમિયાનગીરી કરીને 1819માં સિંગાપુરના ટાપુમાં અંગ્રેજ ફેક્ટરીઓ ખોલવા અને ત્યાં બ્રિટિશ ભારતીય લશ્કરી થાણું સ્થાપવા માટે સુલતાન પાસેથી પરવાનગી મેળવી.

સિંગાપુર વિસ્તારમાં અંગ્રેજ પગપેસારા સામે ડચોએ વાંધો લીધો અને યુદ્ધની ધમકી આપી. કંપનીના સંચાલકોને પણ લાગ્યું કે રેફલ્સે ત્યાં લશ્કરી થાણું સ્થાપીને ભૂલ કરી છે. તેમણે રેફલ્સના ટેકા અંગે હેસ્ટિંગ્સ પાસેથી સ્પષ્ટતા માગી હતી. પરંતુ 1825 સુધીમાં સામુદ્રધુની વિસ્તાર મારફતે થતા બે-તૃતિયાંશ જેટલા વ્યાપારને લીધે કંપનીને ખૂબ ફાયદો થયો હતો. તેથી તે પહેલાં એટલે કે 1824માં બ્રિટનની સરકારે હોલેન્ડને સમજાવ્યું કે જોહોરના સુલતાન પાસેથી સિંગાપુર બ્રિટનને સુપરત કરવામાં આવે, કારણ કે આ સમયે જોહોરના સુલતાન પર ડચ અંકુશ હતો.

### 12.2.4 સામુદ્રધુનીઓની વસાહત - તાજનું સંસ્થાન (Straits Settlements crown colony)

છેવટે 1867માં સામુદ્રધુનીઓની વસાહતોના બનેલાં ત્રણ મુખ્ય બંદરો-પીનાંગ, મલાક્કા અને સિંગાપોરને ભારતીય વહીવટીતંત્રથી અલગ પાડવામાં આવ્યાં. અને સીધાં બ્રિટનના અંકુશ હેઠળ મૂકવામાં આવ્યાં. સામુદ્રધુનીઓના વિસ્તારમાં ત્યાર પછીના વિસ્તરણ માટે વ્યૂહાત્મક તેમજ વ્યાપારી કારણો જવાબદાર હતાં. આ વિસ્તરણ માટે લશ્કર અને નાણું ભારતમાંથી લેવામાં આવ્યું, અને પીનાંગની જેમ વહીવટી ખર્ચનો બોજ પણ ભારત પર નાખવામાં આવ્યો, પરંતુ સિંગાપોરના કબજા પછી પ્રાપ્ત થયેલો નફો ભારતમાં ન આવતાં સીધો ઇંગ્લેન્ડ જ મોકલવામાં આવતો.

## 12.3 બર્મા (Burma)

બર્માની બાબતમાં જુદા પ્રકારનાં વ્યૂહાત્મક તેમજ વ્યાપારી કારણો જવાબદાર હતાં. બર્મા કલઈ, મરી

અને હાથીદાંત જેવી કીમતી વસ્તુઓની નિકાસ કરતું. તેથી પણ વધારે મહત્ત્વની બાબત એ હતી કે બર્મા કલકત્તામાં સ્થપાયેલ જહાજ બાંધવાના તથા મરામત કરવાના નાના પરંતુ મહત્ત્વના ઉદ્યોગ માટે ઇમારતી લાકડું પૂરું પાડતું હતું. ઉપરાંત અઢારમી સદીના અંત વખતે ઇરાવદી નદીનો ડેલ્ટા-મુખત્રિકોણનો પ્રદેશ બંગાળ અને દક્ષિણ-પૂર્વ વિસ્તારની વધતી જતી અંગ્રેજી વસાહતોને ચોખાનો પુરવઠો પૂરો પાડનાર મહત્ત્વનો વિસ્તાર હતો.

તે પહેલાં 1753માં નીચલા બર્માના કિનારા પર નેગ્રેઇસ (Negrais)માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ વસાહત સ્થાપવાનો પ્રયાસ કર્યો હતો. 1758-59માં બર્માના રાજવી એલઉંગપયા(Alungpaya) એ સકારણ બર્માના વિદ્રોહીઓને મદદ કરવા માટે અંગ્રેજો પર આક્ષેપ કર્યો, અને 1759માં નેગ્રેઇસમાં વસતા બધા અંગ્રેજોને મારી નાખવામાં આવ્યા. તેમ છતાં કંપનીના સંચાલકોએ આ પરિસ્થિતિ સામે પ્રત્યાઘાત વ્યક્ત ન કર્યો, કારણ કે તેમની દૃષ્ટિએ નેગ્રેઇસનું ખાસ મહત્ત્વ ન હોવાથી યુદ્ધ કરવું એ ખર્ચાળ બાબત હતી. ત્યાર પછી લગભગ વીસ વર્ષ સુધી કંપની બર્મા અંગેની બાબતોથી દૂર રહી. બર્મા સાથેનો અંગ્રેજોનો સંપર્ક લગભગ નહિવત્ રહ્યો. તેમ છતાં બર્મા તેના એશિયન પડોશી રાજ્યો તરફ આક્રમક જ રહ્યું. 1823-24માં બર્માના લશ્કરે બળવાખોરોનો પીછો કરતાં આસામ અને મણિપુરમાં પ્રવેશ કર્યો અને તેના પર કબજો જમાવ્યો, અને ચિત્તાગોંગ પર આક્રમણ કરવાની તૈયારી કરી. આસામ, મણિપુર અને ચિત્તાગોંગના પ્રદેશો પર ભારતમાં અંગ્રેજોએ પોતાની સત્તા હોવાનો દાવો કર્યો, પરિણામે બ્રિટિશ ભારતીય લશ્કરે બર્મા પર આક્રમણ કર્યું, જે પ્રથમ આંગ્લ-બર્મા વિગ્રહ (1824-26) તરીકે ઓળખાય છે.

## 12.3.1 આંગ્લ-બર્મા વિગ્રહ-1 (Anglo-Burmese War-I)

1824માં અંગ્રેજોએ બર્મા પર આક્રમણ કર્યું, તે વખતે બંગાળ લશ્કરની ત્રણ રેજીમેન્ટોએ તેમને જ્યારે ચિત્તાગોંગની સામે બર્માના આરાકાન વિસ્તાર પર કૂચ કરવાનો આદેશ આપવામાં આવ્યો ત્યારે બળવો કર્યો. જોકે મુખ્ય આક્રમણ તો સમુદ્રમાર્ગે કરવામાં આવ્યું હતું. બર્માના લશ્કરનો સહેલાઈથી પરાજય થયો અને બર્માના રાજવીને સંધિ કરવાની ફરજ પડી (યાંદાબોની સંધિ-24 ફેબ્રુઆરી, 1826). તેને પરિણામે અંગ્રેજોએ આસામ, મણિપુર, આરાકાન, તાવોય અને મેરગુઈ પર અંકુશ જમાવ્યો. આમ રાજવીએ બર્માનો મોટા ભાગનો દરિયાકિનારાનો પ્રદેશ ગુમાવ્યો. તેની પાસે બર્માનો ઉપલો અને મધ્યપ્રદેશ, પેગુ અને ઇરાવદી નદીના મુખનો પ્રદેશ બાકી રહ્યો. તેને રાજધાનીમાં બ્રિટિશ રેસિડેન્ટે રાખવાની અને £. 10,00,000નો દંડ ભરવાની ફરજ પડી. આ વિગ્રહ પાછળ કંપની સરકારને ઘણો ખર્ચ કરવો પડ્યો, અને 15,000 સૈનિકો મૃત્યુ પામ્યા.

## 12.3.2 આંગ્લ-બર્મા વિગ્રહ-2 (Anglo - Burmese War-II)

બ્રિટિશ રેસિડેન્ટે બર્માની સરકાર પર એવો આક્ષેપ કર્યો કે સરકારનો તેના પ્રત્યેનો વ્યવહાર ગૌરવભર્યો ન હતો, તેથી તેણે 1839માં બર્મા છોડ્યું. આ સમય દરમિયાન ચીન સાથેના વ્યાપારમાં વૃદ્ધિ થઈ હતી, અને દક્ષિણ-પૂર્વ એશિયામાં બ્રિટિશ વસાહત પણ વિસ્તરી હતી. તેથી અંગ્રેજો માટે પોતાનાં જહાજોને દુરસ્ત કરાવવા સહેલાઈથી બર્માનું ઇમારતી લાકડું પ્રાપ્ત કરવા અને વધતા જતા વસાહતીઓ માટે ચોખાનો પુરવઠો મેળવવા ઇરાવદી ત્રિકોણ પ્રદેશમાં પ્રવેશ કરવો જરૂરી હતો. 1852માં તે વખતના ગવર્નર જનરલ ડેલહાઉસીએ અંગ્રેજોની પ્રતિષ્ઠાને ફરીથી સ્થાપવા માટેના બહાના હેઠળ બર્મા પર આક્રમણ કર્યું અને તે સાથે બીજો બર્માવિગ્રહ શરૂ થયો. 1853 સુધીમાં અંગ્રેજોએ પેગુ ઉપરાંત ટોંગુ(Taungoo) સુધીનો પ્રદેશ પોતાના અંકુશ હેઠળના બર્માના પ્રદેશમાં ભેળવી દીધો. બર્માના રાજા મિન્ડોન મીનને પોતાની રાજધાની માંડલેમાં ખસેડવાની ફરજ પડી. હવે અંગ્રેજોએ બંગાળના ઉપસાગરના સમગ્ર કિનારા પર અંકુશ સ્થાપ્યો. પાછળથી 1885માં અંગ્રેજોએ છેવટે આખા બર્માને જીતી લીધું. તે માટેનું બહાનું એ આપવામાં આવ્યું કે રાજા થીબોમીન જુલમગાર છે, અને એશિયા પર અંકુશ જમાવવાના અંગ્રેજોના પ્રયાસને નબળા પાડવા વિયેટનામમાં ફ્રેંચો સાથે કાવતરું કરે છે. બર્માને ભારતનો એક પ્રાંત બનાવવામાં આવ્યો.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. બે આંગ્લ-બર્મા વિગ્રહ પર પાંચ પંક્તિઓ લખો.


.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................

2. નીચેનાં વિધાનો વાંચીને ખરાં (√) ખોટાં (×)ની નિશાની કરો :

(અ) 1791ની સંધિ હેઠળ અંગ્રેજોએ દર વર્ષે કેદાહના સુલતાનને 6000ની રકમ આપી.

(બ) અંગ્રેજો પોતાના ચીન સાથેના વ્યાપારના જલમાર્ગને સુરક્ષિત રાખવા સુમાત્રામાં વસાહત સ્થાપવા માગતા હતા.

(ક) અંગ્રેજો સામુદ્રધુનીઓની વસાહતો પર અંકુશ જમાવીને મુખ્યત્વે ડચોને પાઠ ભણાવવા માગતા હતા.



આકૃતિ-6 ભારતીય સૈનિક

3. અંગ્રેજોએ સિંગાપુરનો શા માટે કબજો લીધો ?

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 12.4 ગૌણ વસાહતો (Lesser Setllments)

વ્યૂહાત્મક દૃષ્ટિએ ગૌણ વસાહતોમાં બોર્નીઓ, ફિલિપાઇન્સ, આંદામાન-નિકોબારના ટાપુઓ, શ્રીલંકા અને મોરેશિયસનો સમાવેશ થતો હતો. આ વસાહતોએ હૉલેન્ડ, સ્પેન, ફ્રાંસ અને ડેન્માર્ક જેવી બીજી સાંસ્થાનિક સત્તાઓનું ધ્યાન પણ ખેંચ્યુ હતું. આ વિસ્તારોમાં બ્રિટિશ પ્રયાસોને હવે જોઈએ.

### 12.4.1 બોર્નીઓ અને ફિલિપ્પાઈન્સ (Borneo and Phillipines)

1701માં મરીના વ્યાપારના હેતુથી ઈસ્ટ ઇન્ડિયામાં કંપનીએ બોર્નીઓના દક્ષિણ કિનારા બેંજરમાસીન(Banjermassin)માં કિલ્લાથી સુરક્ષિત એવી ફેક્ટરી સ્થાપી. પરંતુ સ્થાનિક બાબતોમાં દરમિયાનગીરી તેના અધિકારીઓ અપ્રિય બન્યા તેથી 1707માં તેમને હાંકી કાઢવામાં આવ્યા. અંગ્રેજ જહાજોએ 1756 સુધી બોર્નીઓ સાથે છૂટોછવાયો સંપર્ક જાળવી રાખ્યો, આ વખતે ડચોએ મરીના વેપાર પર પોતાનો ઈજારો જમાવ્યો.

1762માં અંગ્રેજોએ બોર્નીઓમાં બીજી વાર વસાહત માટેનો પ્રયાસ કર્યો. આ વખતે યુરોપમાં સપ્તવર્ષીય યુદ્ધ ચાલુ હતું, 1762માં જયારે સ્પેને ઇંગ્લેન્ડ સામે યુદ્ધ જાહેર કર્યું તે વખતે બંગાળથી અંગ્રેજ નૌકાદળને સ્પેનિશ સંસ્થાન ફિલિપ્પાઇન્સમાં મોકલવામાં આવ્યું. ઑક્ટોબર 1762માં આ નૌકાદળે મનીલા પર કબજો જમાવ્યો. મનીલામાં સ્પેન દ્વારા કેદમાં રાખવામાં આવેલા સુલુના સુલતાનને અંગ્રેજોએ મુક્ત કર્યો. તેના બદલામાં સુલતાને બોર્નીઓની ઉતરે આવેલો બલમ્બન્ગન(Balambangan) ટાપુ અંગ્રેજોને સુપરત કર્યો. સપ્તવર્ષીય યુદ્ધને અંતે પેરિસની સંધિ (1763) હેઠળ 1764માં સ્પેનને મનીલા એ શરતે પાછું આપવામાં આવ્યું કે રોયલ ફિલિપ્પાઇન્સ કંપની ભારતીય કાપડ માત્ર અંગ્રેજ વ્યાપારીઓ પાસેથી જ ખરીદે. 1775માં સ્થાનિક લોકોએ બલમ્બન્ગનમાં અંગ્રેજોએ બાંધેલા કિલ્લા પર આક્રમણ કરીને તેને નષ્ટ કર્યો, ત્યાર પછી કંપનીને બોર્નીઓ અને ફિલિપ્પાઇન્સનું મહત્ત્વ ન જણાતાં વસાહત સ્થાપવાનો પ્રયાસ ન કર્યો. તે સમયથી કંપનીએ સંસ્થાનો સ્થાપવા અને વ્યાપાર કરવા સામુદ્રધુની વિસ્તાર પૂરતા જ પ્રયાસો મર્યાદિત બનાવ્યા.

### 12.4.2 આંદામાન અને નિકોબાર (Andaman and Nicobar Islands)

હિંદી મહાસાગરમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ બીજી ગૌણ વસાહતો સ્થાપી, તેમાં આંદામાન અને નિકોબારના ટાપુઓ, શ્રીલંકા તથા મોરેશિયસનો સમાવેશ થતો હતો.

આંદામાન અને નિકોબારના ટાપુઓ અને શ્રીલંકાનું વ્યૂહાત્મક મહત્ત્વ ચીન સાથેના વ્યાપારી જળમાર્ગ પર આવેલા સ્થાન તરીકેના સંદર્ભમાં હતું. 1789માં અંગ્રેજોએ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં પોર્ટબ્લેર ખાતે વસાહત સ્થાપી, તેનો હેતુ ચીન જતાં વહાણોને દુરસ્ત કરવાનો હતો. પરંતુ કંપનીએ પીનાંગ અને ત્રિંકોમાલી પર કબજો જમાવ્યા પછી 1796માં પોર્ટબ્લેરનો ઉપયોગ કરવાનું બંધ કર્યું. ત્યાર પછી કંપનીએ પોર્ટબ્લેરમાં ફરીથી 1857માં ગુનેગારોને સજા કરવાના સંસ્થાન તરીકે ઉપયોગ શરૂ કર્યો. એ દરમિયાન 1756માં ડેન્માર્કે નિકોબાર ટાપુ પર કબજો જમાવ્યો હતો, અને નાના સંસ્થાન તરીકે તેનો ઉપયોગ નાળિયેર તથા નાગરવેલના પાનના વેપાર માટે કર્યો. 1809માં અંગ્રેજોએ ભારતમાંની ડેનિશ ફેક્ટરીઓ પર કબજો જમાવવાની સાથે નિકોબારમાંથી પણ તેમને દૂર કર્યા.

### 12.4.3 શ્રીલંકા (Shri Lanka)

17મી સદીમાં ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ શરૂઆતમાં પૂર્વમાં ડચ સત્તાના કેન્દ્ર તરીકે કોલંબો પસંદ કર્યું, પરંતુ 18મી સદીથી ડચોએ જાવામાં પોતાની સત્તા સ્થાપી, તેથી શ્રીલંકાનું મહત્ત્વ માત્ર સ્થાનિક જ રહ્યું. 18મી સદીમાં શ્રીલંકાનું બંદર ત્રિંકોમાલી હિંદી મહાસાગરમાં વહાણો લાંગરવાનું મહત્ત્વનું સ્થળ બન્યું, જેનો ઉપયોગ બંગાળમાંથી ચોખા, માલદીવ ટાપુઓમાંથી હોડી, મલબારથી arecanut ઉપરાંત મસાલા, લવિંગ, મરી વગેરે વસ્તુઓ લાવવા ડચો કરતા.

પરંતુ 1790ના દાયકા દરમિયાન યુરોપીય વિગ્રહોમાં ડચ સરકારે ફ્રેંચોનો પક્ષ લીધો. તેથી અંગ્રેજોએ ડચોને શ્રીલંકામાંથી હાંકી કાઢ્યા, ફેબ્રુઆરી, 1796માં શ્રીલંકા પર હવે ડચોને બદલે અંગ્રેજોની સત્તા સ્થપાઈ, અને 1798માં શ્રીલંકાને તાજના સંસ્થાન તરીકે જાહેર કરવામાં આવ્યું. તેથી ભારતમાંથી ઈસ્ટ

ઇન્ડિયા કંપનીના વહીવટને બદલે તેના પર સીધો ઇંગ્લૅન્ડની સરકારનો વહીવટ સ્થપાયો.

### 12.4.4 મોરેશિયસ (Maurititus)

શ્રીલંકાની જેમ હિંદી મહાસાગરમાં ભારતની દક્ષિણ-પશ્ચિમે આવેલો મોરેશિયસ ટાપુ પ્રમાણમાં ઓછું આર્થિક મહત્ત્વ ધરાવતું સંસ્થાન હતું. 1721માં ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ મોરેશિયસ પર સત્તા સ્થાપી અને તેને ઇલ દ ફ્રાન્સ(Ele de France)નું નવું નામ આપ્યું. ઇસ્ટ ઇન્ડિયા કંપનીનાં જહાજો પર હુમલો કરવા માટેના નૌકામથક તરીકે તેનો વિકાસ કરવામાં આવ્યો. બીજા અને ત્રીજા આંગ્લ-ફ્રેંચ વિગ્રહો વખતે ફ્રેંચ જહાજોએ મોરેશિયસથી આવીને મદ્રાસ તેમજ કોરોમંડલ કિનારા પરનાં અંગ્રેજી થાણાં પર આક્રમણ કર્યું હતું. જોકે તેમાં તેમને સફળતા મળી ન હતી.

1810માં મોરેશિયસમાંથી ફ્રેંચ સત્તા નાબૂદ કરવા ભારતના ગવર્નર - જનરલ મિન્ટોએ ત્યાં નૌકાસૈન્ય મોકલ્યું. તેના પર કબજો સ્થાપ્યા પછી તે (ઇલ દ ફ્રાન્સ) તેના જૂના ડચ નામ - મોરેશિયસ તરીકે ઓળખાવા લાગ્યું, અને તેની નજીકનો ટાપુ, ઇલ દ બુર્બોન, હવે રિયુનિયન તરીકે ઓળખાયો. જોકે ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ મોરીશિયસના વહીવટની જવાબદારી ન લીધી, તેનો વહીવટ બ્રિટિશ સરકારને સુપરત કરવામાં આવ્યો. તેથી તે તાજનું સંસ્થાન બન્યું.

## 12.5 નેપાલ (Nepal)

આપણા સમય દરમિયાન મુખ્ય ભૂમિ પર ભારત બહાર દક્ષિણ-પૂર્વ એશિયામાં અંગ્રેજોનું વિસ્તરણ મુખ્યત્વે નેપાલ અને અફઘાનિસ્તાન પૂરતું હતું.

1767માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ સૌપ્રથમ નેપાલમાં દરમિયાનગીરી કરી. તે વખતે કંપનીની કલકત્તાની કાઉન્સિલે પટણાથી નેપાલ પર આક્રમણ કરવાનો આદેશ આપ્યો, તે પહેલાં પણ આ પર્વતાળ પ્રદેશમાં શાંતિ જોખમાઈ હતી. ગોરખા રાજા પૃથ્વીનારાયણ શાહે નેપાલનું રાજ્ય પ્રાપ્ત કરવા માટે નેપાલની ખીણમાં આક્રમણ કર્યું, તેથી નેપાળ અને પટણા વચ્ચેનો વ્યાપાર ખોરવાયો. આ કારણસર કંપનીએ કેપ્ટન કિન્લોકને પટણાથી પૃથ્વીનારાયણ શાહ પર આક્રમણ કરવા આદેશ આપ્યો. પરંતુ ગોરખાઓએ આ આક્રમણ પાછું હઠાવ્યું.

અઢારમી સદીના અંતમાં દક્ષિણ એશિયામાં અંગ્રેજો એક મહત્ત્વની સત્તા તરીકે સ્થાપિત થયા. ગવર્નર-જનરલ વેલેસ્લીએ ભારતમાં કંપનીના પ્રાદેશિક વિસ્તાર માટે તેમજ કંપનીની સત્તાને વધારે મજબૂત બનાવવાના હેતુસર તેની 'સહાયકારી જોડાણ'ની યોજના હાથ ધરી. આ સમયે 1801માં અંગ્રેજોએ નેપાલ સાથે સંધિ કરી (જેના પર ઑક્ટોબર, 1801માં હસ્તાક્ષર કરવામાં આવ્યા). આ સંધિ મુજબ નેપાલે કાઠમંડુમાં બ્રિટિશ રેસિડેન્ટને રહેવાની પરવાનગી આપી. રેસિડેન્ટની મુખ્ય જવાબદારી નેપાલના અર્થતંત્ર વિશે અને ખાસ કરીને તિબેટમાંથી આવતા સોના વિશેની માન્યતા અને નેપાલના સમૃદ્ધ ઇમારતી તેમજ અન્ય પ્રકારનાં લાકડાંનાં જંગલો અંગે માહિતી પ્રાપ્ત કરવાની હતી, પરંતુ નેપાલ સરકારની દુશ્મનાવટને લીધે માર્ચ, 1803માં રેસિડેન્ટને ભારત પાછા આવવું પડ્યું, ત્યાર પછીના દાયકા દરમિયાન અંગ્રેજો અને નેપાલી સરકાર વચ્ચે તેમની વચ્ચેની 1,100 કિમીની લાંબી સરહદને લીધે સરહદી ગામડાં પરના કબજા અંગે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થયા.

ઑક્ટોબર, 1814માં તે સમયના ગવર્નરજનરલ લૉર્ડ હેસ્ટિંગ્સે નેપાલ સામે વિગ્રહ શરૂ કર્યો. જનરલ માર્લે, ઑક્ટરલોની, વૂડ અને કર્નલ નિકોલસના સંયુક્ત નેતૃત્વ હેઠળ કંપનીનાં લશ્કરોએ ઝડપી જીત માટે સરહદો પર એકીસાથે આક્રમણ કર્યું. પરંતુ તેમણે ગોરખાઓની લડવાની તાકાતને ઓછી આંકી હતી. વાસ્તવમાં તેમને હરાવતાં એક વર્ષથી પણ વધારે સમય લાગ્યો. છેવટે ડિસેમ્બર, 1815માં નેપાલ સાથે સેગુઇલીની (Saguili)સંધિ કરવામાં આવી, જે મુજબ અંગ્રેજોએ સતલજ ટેકરીઓ, ગઢવાલ અને કુમાંઉનના વિસ્તાર પર કબજો જમાવ્યો, ફરી એક વાર નેપાલે કાઠમંડુમાં અંગ્રેજ રેસિડેન્ટનો સ્વીકાર કર્યો. તેરાઇનાં સમૃદ્ધ જંગલોનો પ્રદેશ પ્રાપ્ત કર્યા પછી અંગ્રેજોને લાગ્યું કે નેપાલ આર્થિક અને વ્યૂહાત્મક દૃષ્ટિએ વધારે ઉપયોગી નથી. તેથી તેમણે નેપાલની આંતરિક બાબતોકમાં વિશેષ રસ ન દાખવ્યો.

## 12.6 અફઘાનિસ્તાન (Afghanistan)

1830ના દાયકા દરમિયાન કંપનીના અધિકારીઓ માટે નેપોલિયનના સમયના ફ્રાન્સ અને ઝારશાહી રશિયા સામે બફર રાજ્ય તરીકે અફઘાનિસ્તાનનું મહત્ત્વ હતું. 1836માં અફઘાનિસ્તાનના શાસક દોસ્તમહમદે અંગ્રેજો સાથે મિત્રાચારી માટે હાથ લંબાવ્યો, તેના બદલામાં તે અંગ્રેજોની મદદથી પંજાબના શીખ રાજવી મહારાજા રણજીતસિંહ પાસેથી પેશાવરની ખીણનો વિસ્તાર ફરી પ્રાપ્ત કરવા માગતો હતો તે સમયના ગવર્નર જનરલ ઑકલૅન્ડ રણજીતસિંહ સાથેના સંબંધોમાં દરમિયાનગીરી કરવા માગતો ન હોવાથી તેણે દોસ્તમહમદની આ દરખાસ્તનો સ્વીકાર ન કરતાં સામે પ્રસ્તાવ મૂક્યો કે અફઘાનિસ્તાન રશિયા, ફ્રાન્સ કે તુર્કી જેવા બીજા દેશો સાથે મૈત્રીસંબંધો ન બાંધવાનું વચન આપે, પરંતુ દોસ્ત મહમદે રશિયા પ્રત્યે મિત્રાચારીનું વલણ દાખવ્યું. તેથી ઑકલૅન્ડે લશ્કરી તાકાતથી દોસ્તમહમદને પદભ્રષ્ટ કરવાની યોજના ઘડી, કંપનીના સંચાલકોએ પણ તે અંગે સંમતિ આપી. આ યોજના હેઠળ, 26 જૂન, 1838માં

અફઘાનિસ્તાનના પદભ્રષ્ટ થયેલા રાજવી, શાહશુજા, રણજીતસિંહ અને અંગ્રેજો વચ્ચે ત્રિપક્ષી સંધિ થઈ. આ સંધિ પછી ત્રણે પક્ષોનાં લશ્કરોએ કાબૂલ પર આક્રમણ કર્યું, અને દોસ્તમહમદને પદભ્રષ્ટ કરી શાહશુજાને અફઘાનિસ્તાનનો રાજવી બનાવ્યો.

''સિંધુનું લશ્કર(Army of Indus) તરીકે ઓળખાતા આ લશ્કરે એપ્રિલ, 1839માં કંદહાર પર કબજો જમાવ્યો, અને જુલાઈમાં ઘઝની જીત્યું, દોસ્તમહમદ આ હારથી નિરાશ થયો અને કાબુલની ઉત્તર-પશ્ચિમે આવેલા ગામ બેમીઅન (Bemian)માં નાસી છૂટ્યો, શાહશુજાને અફઘાનિસ્તાનનો રાજવી બનાવવામાં આવ્યો અને બ્રિટિશ લશ્કરોને ભારત પાછા લાવવાને બદલે કાબૂલ, જલાલાબાદ, કંદહાર અને ગઝનીમાં રાખવામાં આવ્યાં.

એ દરમિયાન, સપ્ટેમ્બર, 1840માં દોસ્તમહમદે ખોલૂમના વલી પાસેથી લશ્કરી મદદ મેળવીને અંગ્રેજો પર હુમલો કર્યો, પરંતુ તેને નિષ્ફળતા મળી. નવેમ્બરમાં દોસ્તમહમદે શરણાગતી સ્વીકારી, કેદી તરીકે તેને કલકત્તા મોકલવામાં આવ્યો.

1841ની વસંતમાં અફઘાનિસ્તાનના લોકો અંગ્રેજો વિરોધી થતા ગયા. સપ્ટેમ્બર, 1841માં ઘણા સ્થળે તેમની સામે ખુલ્લો બળવો ફાટી નીકળ્યો. કાબૂલ શહેરમાં અંગ્રેજોને મારી નાખવામાં આવ્યા અને તેમની લશ્કરી છાવણીને ઘેરી લેવામાં આવી. ગઝની, જલાલાબાદ અને કંદહારમાં પણ એ જ પ્રકારની પરિસ્થિતિ સર્જાઈ, અને કોહિસ્તાન ખાતે રાખવામાં આવેલી આખી ગોરખા બટાલિયનને મારી નાખવામાં આવી. છેવટે ડિસેમ્બર, 1841માં અંગ્રેજોએ નાલેશીભરી શરતો સ્વીકારી, જે મુજબ ત્રણ જ દિવસમાં તેમનાં લશ્કરો અફઘાનિસ્તાન ખાલી કરી જાય. ભારત પાછાં ફરતાં સૈન્યો હિમથી ઢંકાયેલા ઘાટોમાંથી પસાર થતાં હતાં તે વખતે તે અફઘાન હુમલાઓનાં ભોગ બન્યાં અને મોટા ભાગનો નાશ કરવામાં આવ્યો.

મે, 1842થી અંગ્રેજ સૈન્યોએ ફરી સંગઠિત થઈ અફઘાનિસ્તાન પર આક્રમણ કર્યું અને જલાલાબાદ અને કંદહાર પર ફરીથી કબજો જમાવ્યો. સપ્ટેમ્બરમાં ભારતમાંથી આવેલા નવા લશ્કરની મદદથી કાબૂલ જીતવામાં આવ્યું. આ લશ્કરી જીત પાછળ અંગ્રેજોને મોટું નુકસાન વેઠવું પડ્યું. નાણાં અને સૈન્યના ભોગ ઉપરાંત એક વસ્તુ સ્પષ્ટ રીતે પુરવાર થઈ કે બ્રિટિશ સૈન્યો અજેય નથી. તેમને પણ અફઘાન લોકોની જેમ યોગ્ય વ્યૂહરચનાથી હરાવી શકાય તેમ છે. ત્યારથી અંગ્રેજોએ પોતાની પ્રવૃત્તિ ભારતની ઉત્તર-પશ્ચિમ સરહદો પૂરતી મર્યાદિત રાખવાનો નિર્ણય કર્યો.

**તમારી પ્રગતિ ચકાસો - 3**

1. મોરેશિયસ અંગ્રેજોને શા માટે જીતી લીધુ ?

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

2. અફઘાન વિગ્રહનું કંપનીના અધિકારીઓએ કેવી રીતે સમર્થન કર્યું ?

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

3. નેપાલ વિગ્રહનું શું પરિણામ આવ્યું ?


............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

4. આંદામાન અને નિકોબારમાં અંગ્રેજોએ શા માટે વસાહત સ્થાપી ?

............................................................................
............................................................................
............................................................................

.......................................................................................................

.......................................................................................................




નકશો-3 - બ્રિટિશ હિંદનું સામ્રાજ્ય અને પડોશી દેશો

## 12.7 સારસંક્ષેપ (Conclusion)

આ એકમમાં આપણે જોયું કે અંગ્રેજો ભારત બહારના પ્રદેશોમાં રસ દાખવતા થયા. તેમનો હેતુ છેક ફિલિપ્પાઈન્સ સુધીના પ્રદેશો પર અંકુશ જમાવીને પોતાના વેપારની સુવિધા વધારવાનો હતો. મોરેશિયસ અને શ્રીલંકા પર અંકુશ સ્થાપવા પાછળ તેમનો હેતુ તેમના ભારતના સામ્રાજ્ય અને તેના વ્યાપારમાર્ગોનું વિશેષ રક્ષણ કરવાનો હતો અને નેપાલ તેમજ અફઘાનિસ્તાનની બાબતમાં બન્યું તેમ અંગ્રેજોએ મુસદ્દીગીરી અને યુદ્ધનો માર્ગ લીધો. આ બધી પ્રવૃત્તિ પાછળનો ખર્ચ ભારતે ભોગવવો પડ્યો. તેમણે સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા પોષવા ભારતીય લશ્કરનો ઉપયોગ કર્યો. આમ, ભારતને ભોગે જ ઇંગ્લેન્ડે આખા દક્ષિણ એશિયા અને હિંદી મહાસાગરની એશિયન ભૂમિ પર પોતાનું આધિપત્ય જમાવ્યું.

## 12.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. જુઓ પેટા વિભાગ 12.1.3
2. જુઓ પેટા વિભાગ 12.1.2
3. જુઓ પેટા વિભાગ 12.1.1

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. જુઓ પેટા વિભાગ 12.3.1 અને 12.3.2
2. (અ) √ (બ) √ (ક) ×
3. જુઓ પેટા વિભાગ 12.2.3

**તમારી પ્રગતિ ચકાસો - 3**

1. જુઓ પેટા વિભાગ 12.4.4
2. જુઓ પેટા વિભાગ 12.6
3. જુઓ પેટા વિભાગ 12.5
4. જુઓ પેટા વિભાગ 12.4.2

## 12.9 ચાવીરૂપ શબ્દો

**ફ્રેંચ ક્રાંતિકારી યુદ્ધો :** 1790થી લગભગ અઢી દાયકા સુધી ફ્રેંચ લશ્કરો યુરોપીય યુદ્ધમાં સામેલ થયાં હતાં. ફ્રેંચ લશ્કરોએ સૌપ્રથમ જે પ્રદેશો જીત્યા તેમાં હૉલેન્ડ પણ હતું. હૉલેન્ડમાં શાસકોને દૂર કરીને ત્યાં પ્રજાસત્તાક તંત્ર સ્થાપવામાં આવ્યું. આ પ્રજાસત્તાક સરકારે 1815માં નેપોલિયનના આખરી પતન સુધી ફ્રેંચોના પ્રયાસોને સહકાર આપ્યો.

**નાનકીન :** કપડાનો પ્રકાર જે ચીનમાં કીઆંગુ પ્રાંતના મુખ્ય શહેર નાનકીનમાં તૈયાર થતું હતું. નાનકીનનો અર્થ ''દક્ષિણની રાજધાની'' થાય છે. જેવી રીતે ચીનની અત્યારની રાજધાની બેજિંગનો અર્થ ''ઉત્તરની રાજધાની'' થાય છે.

**અફીણ અને ચીની વ્યાપાર :** 18મી સદીના છેલ્લા દાયકાઓ દરમિયાન એશિયાના કિનારાના વિસ્તાર સાથે વેપાર કરતા યુરોપીય વેપારીઓ (આ વેપારીઓ કોઈ પણ ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે જોડાયેલા હતા) એ ચીનમાં અફીણ માટે ઝડપી વિસ્તરતી ગેરકાયદેસર બજાર શોધી કાઢી, 1820માં ચીનમાં 60,000 કિલો ગ્રામથી પણ વધારે અફીણ ગેરકાયદેસર લાવવામાં આવતું હતું. 1830થી આ જથ્થો દર વર્ષે 20,00,000 કિલોગ્રામ સુધી પહોંચ્યો. ચીનાઓ તેના બદલામાં સ્પેનિશ ચાંદીના ડૉલર ચૂકવતા. 1835-36 દરમિયાન દા.ત., ચીને અફીણ પાછળ 45,00,000 ડૉલરનો ખર્ચ કર્યો.

# એકમ : 13 સામ્રાજયવાદી વિચારસરણી : પૌર્વાત્યવાદીઓનો ભારત વિશેનો ખ્યાલ અને ઉપયોગિતાવાદીઓ (Imperial Ideology : Friertalist Construction of India and The utilitarions)

**રૂપરેખા**


13.0 હેતુઓ અને પ્રસ્તાવના

13.1 શરૂઆતની છાપ

13.2 વૉરન હેસ્ટિંગ્સ અને ભારત વિશેની બ્રિટિશ છાપ

13.2.1 વિલિયમ જોન્સ

13.2.2 હેસ્ટિંગ્સનો વ્યવહારુ અભિગમ

13.3 સંસ્થીકરણ

13.4 એવેન્જેલીકનવાદ અને બીજાં નવાં વલણો

13.4.1 સુધારા માટેનો વિવાદ

13.4.2 સંરક્ષણ-જાળવણી અને મનરો

13.5 ઉપયોગિતાવાદીઓ

13.5.1 કાનૂનનો પ્રશ્ન

13.5.2 જમીન-મહેસૂલનો પ્રશ્ન

13.5.3 સામ્રાજયનું ઊપસતું છબી-દર્શન

13.6 સારસંક્ષેપ

13.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

13.8 ચાવીરૂપ શબ્દો

13.9 સંદર્ભ-ગ્રંથો


## 13.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે -

- ભારત વિશેની બ્રિટિશ સમજ કેવી રીતે ઘડાઈ તે જાણશો,
- ઘણા વર્ષો દરમિયાન કેવી રીતે આ સમજમાં પરિવર્તન આવ્યું તે વિશે જાણશો, અને
- વર્ષો દરમિયાન ભારત વિશેની સમજમાં આવેલાં પરિવર્તનો માટેનાં કેટલાંક કારણો વિશે જાણશો.

હમણાં સુધી તમે મોઘલ સામ્રાજયના અસ્તકાળ પછી રચાયેલાં નવાં પ્રાદેશિક રાજયો અને ત્યાર પછી ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદ્ભવ તેમજ પગપેસારા પર દૃષ્ટિપાત કર્યો. આ સમયે અંગ્રેજોમાં ભારત વિશે કેવા પ્રકારના વિચારો તેમજ છાપ ઊપસી તે તપાસીશું. જેમજેમ ભારતમાં અંગ્રેજોના હેતુઓ અને ઉપયોગિતા અંગે પરિવર્તન આવતું ગયું તેમતેમ ભારત વિશેની તેમની છાપ અને વિચારોમાં પણ પરિવર્તન આવ્યું તે જોવાનો પ્રયાસ કરીશું.

## 13.1 શરૂઆતની છાપ (The Early Images)

બહુ શરૂઆતમાં ભારત વિશે અંગ્રેજોના મનમાં ઊભી થયેલી છાપ તેમના પોતાના પશ્ચિમના અનુભવો અને તેમની સામુદ્રિક શોધખોળની મુસાફરીના સંદર્ભમાં સર્જાઈ હતી. એડવર્ડ ટેરી અને જોન ઓવિંગ્ટન જેવા શરૂઆતમાં આવેલા પ્રવાસીઓએ 1689માં ભારતમાં મોઘલ શાસનને 'મુસ્લિમ આપખુદશાહીના એક વધારાના દૃષ્ટાંત' તરીકે વર્ણવ્યું હતું. બર્નિયર જેવા પ્રવાસીઓનાં ઓટોમન અને પર્શિયન સામ્રાજયો વિશેનાં લખાણો વાંચનારા જે અંગ્રેજો શરૂઆતમાં ભારત આવ્યા તેમને તો એમ જ લાગ્યું કે મોઘલો વિશેના તેમના અભ્યાસમાં કંઈ નવું ન હતું, સર વિલિયમ ટેમ્પલ જેવા લોકોએ તો એમ માની લીધું કે ગ્રીક સંસ્કૃતિના સમયમાં લાયકરગસ અને પાયથાગોરાસને પ્રાપ્ત થયેલું શિક્ષણ તેમને ભારતીઓએ જ આપ્યું હતું. તેમ છતાં પડેલી સામાન્ય છાપ મુજબ 17મી સદીના ભારતમાં શિક્ષણની પ્રાચીન પ્રણાલી ન હતી. ટેરીની દલીલ મુજબ પ્રાચીન વિદ્યા અને જ્ઞાનની જાળવણી કરનારા બ્રાહ્મણો ભ્રષ્ટ થઈ ગયા હતા. અંગ્રેજો ભારતના પશ્ચિમ કિનારાના વિસ્તારમાં જે લોકોના સંપર્કમાં આવ્યા તેમનામાં પણ તેમણે આ પ્રકારની અવનતિનાં લક્ષણો જોયાં તે માટે એવી દલીલ કરવામાં આવી કે 'આ લોકો ઉદ્યમી, આજ્ઞાંકિત, કરકસરિયા અને ડરપોક' હતા. અને સંકુચિત માનસ ધરાવતા હતા. તેમની માનસીક જડતાના દૃષ્ટાંત માટે વારંવાર જ્ઞાતિપ્રથાનો ઉલ્લેખ કરવામાં આવતો.

એકંદરે ભારતીય લોકો વિશેની આ છાપ ચાલુ રહી. પરંતુ કાયમી ધોરણે પોતાનાં હિતોની સ્થાપના સાથે અંગ્રેજોને ભારતીય વાસ્તવિકતાનો પણ સ્વીકાર કરવો પડ્યો.

## 13.2 વૉરન હેસ્ટિંગ્સ અને ભારત વિશેની બ્રિટિશ છાપ (Warren Hastings and The British Image of India)

ભારતના લોકો અવનતિની દિશામાં છે એવી પ્રચલિત છાપ 18મી સદીના ભારતમાં અંગ્રેજોના અનુભવ પરથી વધારે પ્રબળ થઈ. તે સાથે શરૂઆતના અંગ્રેજ વહીવટકારો ભારતના ભવ્ય ભૂતકાળ વિશે પણ વધારે સભાન હતા. આ દેશના યોગ્ય વહીવટ માટે ભારત વિશે સંપૂર્ણ માહિતી અને ભૂતકાળનું જ્ઞાન તેમને આવશ્યક લાગ્યું.

વૉરન હેસ્ટિંગ્સે આ કાર્ય ગંભીરતાપૂર્વક શરૂ કર્યું. આ હેતુ પરિપૂર્ણ કરવા માટે આ કાર્યને સમર્પિત એવા વહીવટકારોની જરૂર હતી કે જે મકાત્ર સંપત્તિ પ્રાપ્ત કરવા માટે જ ભારતમાં આવ્યા ન હોય. આમ, આવા ઉદ્દેશથી તેણે વિદ્યાકીય સંસ્થાની સ્થાપના કરવાના પ્રયાસ કર્યા. આ વિદ્યાકીય સંસ્થા સૌપ્રથમ ભારતના સુવર્ણકાળનું જ્ઞાન પ્રાપ્ત કરે અને ત્યાર પછી તે ભારતના વહીવટીતંત્રમાં સામેલ થતા અંગ્રેજ અધિકારીઓને આપી શકે. ભારત વિશેનો આ ખ્યાલ, જેને ઘણીવાર પૌર્વાત્ય ખ્યાલ-છબી કે દર્શન તરીકે ઓળખવામાં આવે છે - તે માત્ર વૉરન હેસ્ટિંગ્સ પૂરતો જ મર્યાદિત ન હતો.



આકૃતિ-7 ભારતમાં વૉરન હેસ્ટિંગ્સ (Warren Hastings in India)

### 13.2.1 વિલિયમ જૉન્સ (William Jones)

આ હેતુ માટે અંગ્રેજ કાનૂનવિદ્ વિલિયમ જૉન્સે ભારતના ભૂતકાળનો અભ્યાસ કરવાના ગંભીર પ્રયાસ શરૂ કર્યા. બ્રિટિશ રાજકારણમાં વીગ પ્રણાલીના ટેકેદાર જૉન્સે અંગ્રેજોને ભારત વિશે વધારે જાણકારી આપવા મથામણ કરી. ભારત આવ્યા પછી જૉન્સને ખ્યાલ આવ્યો કે ભારતને સમજવા માટે માત્ર વ્યક્તિગત પ્રયાસ પૂરતા નથી, તે માટે મહેનત અને જ્ઞાનના સંગઠિત પ્રયાસની જરૂર છે. એ રીતે એશિયાટિક સોસાયટી જેવી ખ્યાતનામ સંશોધનસંસ્થાની સ્થાપના કરવામાં આવી.

એશિયાટિક સોસાયટીનું મુખ્ય કાર્ય એશિયામાં તેમજ એશિયા બહારથી તેના વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું હતું, તે માટે વિલિયમ જૉન્સના પ્રયાસ અને વૉરન હેસ્ટિંગ્સની દૃષ્ટિનો સંયોગ થયો. સોસાયટીને ગવર્નર જનરલનો સંપૂર્ણ ટેકો અને સહકાર પ્રાપ્ત થયાં. એ રીતે ભારતીય સમાજના ધાર્મિક, સામાજિક, ભાષાકીય અને રાજકીય પાસાના ઊંડા અભ્યાસનો યુગ શરૂ થયો. માત્ર ઉપરછલ્લી છાપ લઈને જતા અગાઉના પ્રવાસીઓ કરતાં આ જુદા પ્રકારનો અભ્યાસ હતો.


એશિયાટિક સોસાયટીએ વ્યાકરણને લગતાં પર્શિયન અને સંસ્કૃત લખાણો, પુરાણો તેમજ કાલિદાસની કૃતિઓના ભાષાંતરનું મોટું કાર્ય કર્યું. ઉપરાંત એશિયાટિક સોસાયટીના સભ્યોએ ભારતીય સમાજ અને ધર્મ પર મોટી સંખ્યામાં સંશોધન-લેખો પ્રગટ કર્યા. પરિણામે એશિયાટિક સોસાયટી દ્વારા જોન્સનું મુખ્ય પ્રદાન આખા યુરોપમાં ભારતીય સંસ્કૃતિ વિશે રંગદર્શી અને કલ્પનાયુક્ત આકર્ષણનો ઝડપી ફેલાવો કરવાનું હતું.

### 13.2.2 હેસ્ટિંગ્સનો વ્યવહારુ અભિગમ (Hastings in Practise)

જ્યારે એશિયાટિક સોસાયટીને પ્રોત્સાહન આપવા પાછળ હેસ્ટિંગ્સનાં પોતાનાં વ્યવહારુ કારણોવધારે હતાં, તે સમયે તે એવા નિર્ણય પર આવ્યો હતો કે ક્લાઇવ દ્વારા સ્થપાયેલી 'બેવડી સરકાર'ની (દ્વિશાસન)ને સ્થાને ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ બંગાળના વહીવટીતંત્રની સંપૂર્ણ જવાબદારી લઈ લેવી જોઈએ. પરંતુ તે વહીવટીતંત્રમાં અંગ્રેજી કાયદા કે અંગ્રેજી પદ્ધતિ દાખલ કરવાની તરફેણમાં ન હતો. તેનો મુખ્ય વિચાર 'જિતાયેલા લોકો પર તેમની જ પદ્ધતિથી શાસન કરવાનો હતો. તેને લાગ્યું કે બ્રિટિશ શાસનના ઝડપી ફેલાવાને લીધે લોકોમાં બ્રિટિશ વિરુદ્ધ વિવિધ પ્રકારના પૂર્વગ્રહો પેદા થયા હતા. તે આ પૂર્વગ્રહોને દૂર કરવા માગતો હતો. બીજું, તે બ્રિટિશ શાસન સાથે ભારતીય સંસ્થાઓનો મેળ બેસાડવા માગતો હતો. એનો અર્થ એ થયો કે તે માટે અહીંના લોકોની રીતભાત, તેમના રિવાજ વગેરે વિશે ઊંડું સંશોધન કરવું અને ભારતીય સાહિત્ય અને કાનૂનનો ઝીણવટભર્યો અભ્યાસ કરવો અનિવાર્ય હતું. આ હેતુસર હેસ્ટિંગ્સના એક અધિકારી હેલહેડે (Halhed) 'જેન્તુ કાયદા' (Gentoo Laws) તરીકે ઓળખાતા ધાર્મિક અને સામાજિક રિવાજને લગતા કાયદાઓની યાદી તૈયાર કરી. આ દેશના લોકોને સમજવા અને તેમની સાથે મેળ અને સમાધાન સાધવા માટે આ કાયદાઓ મદદરૂપ થશે એવો ખ્યાલ બાંધવામાં આવ્યો. એ રીતે હેલહેડ વ્યાપારમાં વધારો કરવા અને પ્રદેશો પ્રાપ્ત કરીને ભારતમાં બ્રિટિશ શાસનને મજબૂત બનાવવા માગતો હતો.

## 13.3 સંસ્થીકરણ (Institutonalization)

ભારતના સમૃદ્ધ ભૂતકાળની ખોજ માટેના શરૂઆતના પ્રયાસોનું મહત્ત્વ બ્રિટિશ સામ્રાજ્યવાદી વ્યવહારુ જરૂરિયાતોના સંદર્ભમાં ધીરેધીરે ઓછું થવા લાગ્યું. ભવિષ્યના વહીવટકારોને વ્યવહારુ તાલીમ આપવાની બાબતને ધ્યાનમાં લઈને વેલેસ્લીએ વૉરન હેસ્ટિંગ્સની પ્રણાલી અનુસરી અને 1800માં કલકત્તામાં ફોર્ટ વિલિયમ કૉલેજની સ્થાપના કરી.



આકૃતિ-8 હુક્કા સાથે મેળ બેસાડતો અંગ્રેજ

ફોર્ટ વિલિયમ કૉલેજનો પાયાનો હેતુ વહીવટ માટેના નવા તાલીમાર્થીઓને 'દેશી' - ભારતીય ભાષાઓનો અભ્યાસ કરાવવાનો હતો અને એ રીતે 'દેશી' લોકોના સીધા પરિચયમાં આવીને ભારતના ભૂતકાળને વધારે નક્કર સ્વરૂપમાં અનુભવ કરાવવાનો હતો. દા.ત., પર્શિયન ભાષાનો અભ્યાસ વહેવારુ હેતુસર કરાવવામાં આવ્યો. કારણ કે મોટા ભાગનાં દેશી રાજ્યો પોતાના દૈનિક વહીવટમાં તેમજ સરકારી નોંધો માટે પર્શિયન ભાષાનો ઉપયોગ કરતાં હતાં. આમ, ભારતના ભૂતકાળ વિશેનું જ્ઞાન તેમજ દૈનિક વહીવટી જરૂરિયાતો માટે ભાષાકીય જ્ઞાનને બંધબેસતું કરવામાં આવ્યું.

વિવિધ દેશી રાજ્યોમાં નિયુક્ત થયેલા બ્રિટિશ પ્રતિનિધિઓ - રેસિડેન્ટોએ ફારસી ભાષાના જ્ઞાન અને ઉપયોગની સાથે રજવાડાંના દરબારની સંસ્કૃતિ અને જીવનશૈલી પણ અપનાવવા પ્રયાસ કર્યા. ભારતીય રજવાડાં સાથે તાદાત્મ્ય સ્થાપવા બ્રિટિશ રેસિડેન્ટે ઘણીવાર ભારતીય પોષાકો પણ ધારણ કર્યા, અને દરબાહી ઉમરાવોની જેમ મોટો રસાલો પણ રાખ્યો. રેસિડેન્ટ ઘણીવાર દરબારી રીતરસમ પણ અપનાવતો, પરંતુ દેશી રાજ્યમાં રાજવીએ જે નિર્ણયો લેવાના હોય તેમાં આખરી શબ્દ તો પોતાનો જ રાખતો અને રાજવીએ તેને જ અનુસરવાનું હતું. બ્રિટિશ સત્તાને આધીન હોવા છતાં દેશી રાજવીઓ પોતાની સાંસ્કૃતિક સ્વતંત્રતા જાળવી રાખતા હતા.

પોતાની પ્રાદેશિક જીતોને દઢીભૂત કરવા અને વહીવટી માળખાને વધારે સુગ્રથિત બનાવવા માટે અંગ્રેજોએ કાનૂન અને જમીન જેવી સ્થાવર મિલકતને લગતી સંસ્થાઓના અધિકાર ક્ષેત્ર પર કબજો જમાવવાની શરૂઆત કરી. એ દરમિયાન બ્રિટનમાંથી ઔદ્યોગિક ક્રાંતિને લીધે બ્રિટન બહાર કાચો માલ અને બજારો માટે જરૂર ઊભી થઈ, સ્વાભાવિક રીતે બ્રિટનના ઉપયોગિતાવાદીઓએ બ્રિટિશ રાજકારણીઓને ભારતમાં તેમને અનુકૂળ થાય એવી નીતિ ઘડવાની ફરજ પાડી.



આકૃતિ-૭ ભારતીય પોશાકમાં નૃત્ય જોતો કર્નલ પોલિયર

## 13.4 એવેન્જેલીકનવાદ અને બીજાં નવાં વલણો (Evangelicalism and other New Trends)

અંગ્રેજોને પોતાની નવી જરૂરિયાતોને સંતોષવી હોય તો ભારતીય સંસ્થાઓ અને કાયદાઓને જાળવી રાખવા અંગેના જે વિચારો હતા તેમાં પણ પરિવર્તન લાવવું જરૂરી બન્યું. કારણ કે ઔદ્યોગિક ક્રાંતિને લીધે સર્જાયેલી પરિસ્થિતિના સંદર્ભમાં નવી જરૂરિયાતો અને પ્રણાલીકાગત ભારતીય સમાજના રીતરિવાજો એકબીજા સાથે સુસંગત ન હતા. જો નવી ચીજ-વસ્તુઓનો પ્રવેશ બજારમાં કરાવવો હોય તો આ વસ્તુઓની માગ માટે રુચિ પેદા કરવી પણ જરૂરી બની. એનો અર્થ એ થયો કે છેવટે સમાજના ઉપલા સ્તરમાં નવી સાંસ્કૃતિક જીવનશૈલીનો ફેલાવો કરવો.

શરૂઆતના સમય દરમિયાન જ્યારે ભારતના ભૂતકાળ અંગેના સંશોધનના સંદર્ભમાં સંસ્થાઓ સ્થપાઈ તે વખતે નવું સંશોધન અને કંપનીની આર્થિક તેમજ વહીવટી જરૂરિયાતો વચ્ચે સમાધાન કરવામાં આવ્યું હતું. એટલે ''ભારતીય સમાજ વિશે જાણકારી મેળવો, પરંતુ એ સમાજમાં કંઈ પરિવર્તન ન લાવો.''

આ પ્રકારનું સમાધાન શ્રી રામપોરના ખ્રિસ્તી મિશનરીઓને ન ગમ્યું, તેઓ તે સમયના અધઃપતન પામેલા ભારતીય સમાજને 'સુધારવા' માગતા હતા. શ્રી રામપોરના મિશનરીઓ આ કાર્ય ભારતીય પ્રણાલીને માન આપીને શાંતિથી કરાવવા માગતા હતા. પરંતુ ત્યાર પછીના ચાર્લ્સ ગ્રાંટ જેવા મિશનરીઓ 'ભારતીય અસંસ્કારિતા'ના ખુલ્લા વિરોધી હતા. આ પ્રકારના વિરોધવાળું વલણ એ એવેન્જેલીકનવાદની ખાસ વિશિષ્ટતા હતી. સાથેસાથે આ મિશનરીઓની ઇચ્છા ભારતને 'સુસંસ્કૃત' બનાવવાની હતી, અને એ રીતે ભારતીય સમાજને ખ્રિસ્તી બનાવીને જ તેને સુધારી શકાય એવી તેમની માન્યતા હતી. ગ્રાંટે એમ જ માની લીધું કે બ્રિટનનું એક મોટું પુણ્ય કાર્ય અહીંના સમાજને સુધારવાનું છે.

**સામ્રાજ્યવાદી વિચારસરણી પૌર્વાત્યવાદીઓનો ભારત વિશેનો ખ્યાલ અને ઉપયોગિતાવાદીઓ.**

આ વલણની સાથે બ્રિટિશ ઉદારમતવાદી વલણનું સંયોજન થયું. આ ઉદારમતવાદી વલણનો પ્રવક્તા મેકોલે હતો. તેની દૃષ્ટિએ ભારતમાં અંગ્રેજી વહીવટનું મુખ્ય કાર્ય અહીંના લોકોને આજ્ઞાંકિત રાખવા કરતાં તેમને સુધારવાનું છે. બ્રિટનના વ્યાપારી વર્ગે આ અભિગમને ટેકો આપ્યો, કારણ કે આ પ્રકારના સુધારાને લગતા ઉદ્દેશ્ય હેઠળના કાયદા દ્વારા ભારતમાં તેઓ મિલકત પ્રાપ્ત કરી શકે, અને ત્યાર પછી 'મુક્ત વ્યાપાર' હેઠળ ભારતમાં બ્રિટિશ માલ માટે બજાર ઊભું કરવાનો પ્રશ્ન પણ હલ કરી શકે. ચાર્લ્સ ગ્રાંટને સુધારાનું મિશન (ખ્રિસ્તી બનાવવાની પ્રવૃત્તિ) અને ભૌતિક સમૃદ્ધિની પ્રાપ્તિ એકબીજાને પૂરક બને તેવી શક્યતા દેખાઈ. એ રીતે બીજા ઉદારમતવાદી અંગ્રેજ સી. ઈ. ટ્રેવેલ્યેને 1838માં ભારતને 'બ્રિટિશ પરોપકારિતાનું ગૌરવશાળી સ્મારક' બનાવવાનું સ્વપ્ન સેવ્યું.

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. ભારત વિશે લખનારા અગાઉ આવી ગયેલા પ્રવાસીઓથી વિલિયમ જોન્સ કઈ રીતે જુદો પડતો હતો ?

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

2. અંગ્રેજોએ કલકત્તામાં ફોર્ટ વિલિયમ કોલેજ શા માટે સ્થાપી ?

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

3. વૉરન હેસ્ટિંગ્સ ભારતના ભૂતકાળનો અભ્યાસ શા માટે કરવા માગતો હતો ?

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

4. શ્રી રામપોરના ખ્રિસ્તી મિશનરીઓ અને ચાર્લ્સ ગ્રાંટ ભારતની બાબતો અંગે વૉરન હેસ્ટિંગ્સ સાથે સંમત થયા હતા ?

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................


## 13.4.1 સુધારા માટેનો વિવાદ (The Battle for improvements)

સમૃદ્ધિ અને સંસ્કારના પ્રણેતા તરીકેની બ્રિટનની જે કલ્પના હતી તેના એક ભાગ તરીકે ભારતને 'સુધારવા માટેનો વિચાર' 18મી સદીના અંત ભાગમાં અને 19મી સદીની શરૂઆતમાં આકાર લેવાનો હતો. એ રીતે કોર્નવૉલિસે કાયમી જમાબંધી દ્વારા જમીનદારોનો નવો વર્ગ ઊભો કર્યો. કોર્નવૉલિસની એવી ધારણા હતી કે સંપત્તિનું મુખ્ય સાધન ખેતી હોવાથી 'મિલકતનો જાદુઈ સ્પર્શ' જમીન મારફતે મૂડી તેમજ બજાર પેદા કરશે. વધારે સમૃદ્ધ જમીનદારોનો વર્ગ રાજ્ય પ્રત્યે વફાદાર રહેશે, અને અંગ્રેજો દ્વારા સ્થપાયેલું કાનૂનનું શાસન પણ જમીનના વ્યવસાયમાં સાહસ કરનારો નવો વર્ગ પેદા કરશે. આ વર્ગ વેપારી પ્રવૃત્તિને આગળ ધપાવશે. વહીવટકાર તરીકે જૉન શોરે કાયમી જમાબંધી અંગેના વિચારને બહુ નજીકથી વિકસતો

જોયો હતો. તેનો એવો અનુભવ હતો કે કાયમી જમાબંધીનો પ્રયોગ સુધારાવધારા સાથે ધીમી ગતિથી દાખલ કરવો. જોકે તે પણ કોર્નવાલિસના સુધારા અંગેના સ્વપ્ન સાથે સંમત હતો.

## 13.4.2 સંરક્ષણ-જાળવણી અને મનરો (Preservation and Munro)

દક્ષિણ ભારતમાં કોર્નવૉલિસની નીતિનો મુખ્ય ટીકાકાર મનરો હતો. મનરોને તેના સાથી અંગ્રેજ અધિકારીઓ - માલ્કમ અને મેટકાફે પણ ટેકો આપ્યો. તેમની દૃષ્ટિએ 'કોર્નવૉલિસ પદ્ધતિ'ને ભારતીય ઈતિહાસ, પ્રણાલી કે અનુભવ માટે થોડી પણ સહાનુભૂતિ ન હતી. વિદેશી એવી અંગ્રેજ પ્રણાલીમાંથી તારવેલા સિદ્ધાંતોને આધારે કોઈ રાજકીય વ્યવસ્થા કે સમાજની રચના કરવામાં આવે એવા વિચારના જ તેઓ વિરોધી હતા. આ કારણસર અંગ્રેજી કાયદાના શાસન હેઠળ સરકારમાં કારોબારી અને ન્યાયતંત્રની સત્તાઓને અલગ રાખવાની કોર્નવૉલિસની નીતિનો તેમણે વિરોધ કર્યો હતો.



આકૃતિ-10 તત્ત્વચિંતક એડમંડ બર્કની પ્રતિમામાંથી લેવાતી ઈતિહાસની પ્રેરણા

મનરોના મત મુજબ રાજકારણમાં પ્રયોગ તેમજ વહેવાર એમ બંનેનું સંમિશ્રણ હોવું જરૂરી છે. ભારતમાં હજી બ્રિટિશ શાસનને થોડો સમય થયો હતો. આ સમય કાયમી ઉકેલો માટે બહુ ટૂંકો ગણાય, તેથી તેણે રૈયતવારી દરમાં નિયમિત સમયે ફેરફાર કરવો જરૂરી છે તેવો મત વ્યક્ત કર્યો. (જુઓ વિભાગ IV) તેની દલીલ એ હતી કે ભારતના કાયમી વારસાના આધાર સમા ગ્રામ્ય સમુદાયોની જાળવણી જરૂરી છે, અને કાયદો-વ્યવસ્થાને લગતો કોઈ પણ પ્રશ્ન એવી પદ્ધતિથી હલ કરવામાં આવે કે જેમાં ન્યાયતંત્ર અને કારોબારી એકબીજાથી અલગ ન હોય. એ રીતે મનરોને લાગ્યું કે બ્રિટિશ શાસનના હેતુને સુસંગત ખેડૂત વર્ગને ન્યાય અને સુરક્ષા પ્રાપ્ત થઈ શકશે. ભારતના વિવિધ વારસાના સંરક્ષણના વિચારને ખ્યાલમાં રાખીને મનરો અને તેના સાથીઓએ ભારતમાં કેન્દ્રીય કાયદા દ્વારા એક જ પ્રકારના શાસનનો વિરોધ કર્યો, તેઓ ભારતીય વહીવટીતંત્રમાં વિવિધતાની તરફેણમાં હતા.

ભારતીય માનસને સંપૂર્ણ રીતે બદલાવવાનું કાર્ય આમ વધારે જટિલ બનવાનું હતું. ઉદારમતવાદી મેકોલેએ શિક્ષણ દ્વારા આ પરિવર્તન લાવવાનો ખ્યાલ આપ્યો. તેની દૃષ્ટિએ ભારતમાં બ્રિટનની મુખ્ય જવાબદારી શિક્ષણ દ્વારા એ પરિવર્તન લાવવાની છે. પરંતુ તેનો વિરોધ કરનારાઓમાં પૌર્વાત્યવાદીઓ તેમજ ભારતીય સામાજિક સંસ્થાઓ અને સંસ્કૃતિનું જતન કરવા માગતા મનરો જેવા બીજા વ્યવહારવાદી ઍંગ્લો-ઇન્ડિયનો મુખ્ય હતા. એ રીતે 19મી સદીના મધ્ય ભાગમાં પાશ્ચાત્ય અથવા અંગ્રેજી શિક્ષણની ભૂમિકા અને તેના મહત્ત્વ વિશે મોટો વિવાદ સર્જાયો.

## 13.5 ઉપયોગિતાવાદીઓ (The utilitarians)

ઉપયોગિતાવાદીઓ ભારતને 'સુધારવા' અને 'સંસ્કારી' બનાવવા માટે ઉદારમતવાદી શિક્ષણનો વાંકોચૂંકો માર્ગ લેવા માગતા ન હતા. તેઓ બજારો વિસ્તારવા માટેની પરિસ્થિતિ સર્જવા કાયદો અને સ્થાવર-જમીન સંબંધી મિલકતની સુધારણાને લગતા પાયાના પ્રશ્ન પ્રત્યે ફરીથી ધ્યાન કેન્દ્રિત કરવા માગતા હતા. જેરેમી બેન્થામના માર્ગદર્શન હેઠળ તેઓ માનતા હતા કે કાનૂન અને જમીન સંબંધી મિલકતને લગતા પ્રશ્નો પરત્વેના વૈજ્ઞાનિક અને તાર્કિક અભિગમથી દાખલ કરેલા સુધારા વધુમાં વધુ લોકોનું વધારેમાં વધારે ભલું કરવાના સિદ્ધાંતને સંતોષી શકે.

### 13.5.1 કાનૂનનો પ્રશ્ન (The Question of Law)

ભારત પ્રત્યેના બ્રિટિશ વલણને ઘડવામાં ઉપયોગિતાવાદી વિચારોની અસર પાયાની હતી. બેન્ટિકના વહીવટ દરમિયાન કાનૂનના માધ્યમથી પરિવર્તન લાવવાના વલણે જોર પકડ્યું. બેન્ટિકના મત મુજબ ભારતમાં સતી અને બાળકીને 'દૂધપીતી' કરવા જેવા અનિષ્ટ રિવાજોને દૂર કરવા માટે ન્યાયતંત્ર કે કાનૂન મહત્ત્વનું સાધન બની શકે.

વિલિયમ બેન્ટિકે સતીને લગતા રિવાજ અંગે કરવામાં આવેલી અરજીના જવાબ તરીકે લખેલા પત્ર (પત્ર નં. 222, 14 જુલાઈ, 1830)માં સ્પષ્ટતા તરીકે હિંદુશાસ્ત્રના જાણકારો દ્વારા એ સ્પષ્ટ થયું છે કે હિંદુ-ધર્મના મુખ્ય શાસકો મુજબ વિધવા થયેલી સ્ત્રીઓએ બળીને મરવાની જરૂર નથી. પરંતુ પતિના મૃત્યુ પછી શુદ્ધ નૈતિક જીવન ગાળવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આમ, હિંદુઓએ શાસ્ત્રોની આજ્ઞાનો અનાદર કે સરકારના કાયદાનો ભંગ કરવા અંગે ચિંતા કરવાની જરૂર નથી. નૈતિક જીવન ગાળીને વિધવા સરકારના કાયદા તેમજ ધર્મના શુદ્ધ પાલનને અનુસરે છે, અને એ રીતે વર્તમાન પેઢીને સદાચારનું દૃષ્ટાંત પૂરું પાડે છે. બેન્ટિકે તેના આ જવાબમાં બુદ્ધિ અને કુદરતી ન્યાયને સુસંગત ધાર્મિક માન્યતા માટે સરકારની સહિષ્ણુતાની નીતિની પણ ખાતરી આપી હતી. પરંતુ માનવજીવન અને સમાજવ્યવસ્થા વિરોધી કોઈ પણ માન્યતાને ધાર્મિક માન્યતા તરીકે સરકાર સ્વીકારશે નહીં તેની પણ સ્પષ્ટતા કરી હતી. આ અંગે વધુ સ્પષ્ટતા મેળવવા તેણે અરજી કરનારાઓને ઇંગ્લૅન્ડની સર્વોચ્ચ અદાલત (કિંગ-ઇન-કાઉન્સિલ)માં પણ અપીલ કરવાની છૂટ આપી હતી.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીની લંડન ઑફિસમાં જેમ્સ મિલ જોડાયા પછી ઉપયોગિતાવાદીઓએ પૌર્વાત્યવાદીઓ, કોર્નવૉલિસ તેમજ મનરોના વારસા સામે વ્યવસ્થિત ઝુંબેશ ચલાવી અને ઉપયોગિતાવાદી ચિંતનના પાયા પર રાજકીય સુધારાના સંપૂર્ણ દર્શનને નક્કર આકાર આપવાના પ્રયાસ થયા. આપણને ત્યાર પછી બ્રિટિશ શાસનતંત્રમાં બેન્થામના સિદ્ધાંતથી પ્રેરિત એવા અનેક કાયદા અને કાનૂનસંગ્રહો ઘડાતા જોવા મળે છે. કેન્દ્રિય અને તાર્કિક એવી આ સુગ્રથિત રીતે વિકસેલી કાનૂનપદ્ધતિ સમાજના સૌથી નીચેના સ્તર સુધી પહોંચતી હતી. ઉપયોગિતાવાદી ફિલસૂફીના પ્રભાવ હેઠળની આ કાનૂન પદ્ધતિએ 'સંગઠિત હેતુ સાથે' કામ કરવા ભારતની બ્રિટિશ સરકારને માર્ગદર્શન આપ્યું.

### 13.5.2 જમીન-મહેસૂલનો પ્રશ્ન (The Question of Land-Revenue)

જેમ્સ મિલે જમીન-મહેસૂલના માળખામાં પરિવર્તન લાવવાની નીતિને ટેકો આપ્યો, જે ઉપયોગિતાવાદી અર્થતંત્ર સાથે સુસંગત હતી. જેમાં એક બાજુ મનરોની રૈયતવારી પદ્ધતિ (જુઓ વિભાગ IV) પ્રમાણે ખેડૂતોના સીધા સંપર્કમાં આવવાની નીતિ અને બીજી બાજુ, રિકાર્ડોના આર્થિક વિચારો મુજબ જમીન ધરાવનાર પર કર નાખવાની નીતિનો સમાવેશ થતો હતો. આ કર એ પ્રકારનો હોય કે માત્ર જમીનની માલિકીને આધાર ખેડૂત યાંત્રિક ઉત્પાદન અને વેપારને ભોગે વધારે ફાયદો ન મેળવી શકે, તેનો અર્થ એ થયો કે જમીન ધરાવનાર વ્યક્તિ ઉત્પાદન પાછળ થયેલા ખર્ચને બાદ કરીને પોતાના ચોખ્ખા ઉત્પાદનનો અમુક ભાગ જમીનની ઊપજ પરના કર તરીકે રાજ્યને આપે.

આ ગણોત-ભાડાના સિદ્ધાંતનો અમલ પ્રિંગલ જેવા અધિકારીઓએ મુંબઈ વિભાગમાં કર્યો. જમીનમાંથી 'ચોખ્ખી ઊપજ' (Net Produce) નક્કી કરવા વિગતવાર જમીનમાપણીની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો. ત્યાર પછી કરના દર નક્કી કરવામાં આવ્યા. પરંતુ વ્યવહારમાં આ મહેસૂલી કરનો દર ખૂબ ઊંચો જતો હતો. કેટલીક વાર ઊપજના પચાસથી સાઠ ટકા જેટલો થતો હતો. તેથી ભાડાના સિદ્ધાંત પર આધારિત જટિલ જમીનમાપણીની ગણતરીની પદ્ધતિનો ઉપયોગ બંધ કરવામાં આવ્યો. 1840ના દાયકાથી આ વિસ્તારોમાં પ્રણાલિકાગત ગણોતને ખ્યાલમાં રાખીને વહેવારુ પદ્ધતિ અપનાવવામાં આવી. પરંતુ સૈદ્ધાંતિક રીતે ઉપયોગિતાવાદી વિચારસરણી હેઠળ ભાડાના સિદ્ધાંતની નીતિનો ત્યાગ કરવામાં

આવ્યો ન હતો. વ્યવહારમાં ભલે પ્રણાલિકાગત માપણી મુજબ મહેસૂલનો દર નક્કી થતો હોય તેમ છતાં તે માટે ભાડાના સિદ્ધાંત મુજબની ગણતરીને જ વ્યાજબી ઠરાવવામાં આવી. થોડાક દાયકાઓ સુધી આ સિદ્ધાંતનું વ્યવહારુ મહત્ત્વ રહ્યું; પરંતુ કર ભરતા ખેડૂતોના અધિકારો અને ફરજોને નક્કી કરતા વિચારનું મહત્ત્વ ઘટી ગયું.

### 13.5.3 સામ્રાજ્યનું ઊપસતું છબી-દર્શન (The Emergine Vision of the Empire)

અંગ્રેજી ઉપયોગિતાવાદી વિચારમાં આપખુદશાહીનું વલણ તો હતું, પરંતુ ઈંગ્લૅન્ડ બહાર તેનો વિકાસ થયો ત્યારે તે સંપૂર્ણ રીતે આપખુદશાહીમાં પરિણમ્યો. ભલે ઉદારમતવાદી પ્રણાલીના વાતાવરણમાં ઉપયોગિતાવાદનો ઉદ્ભવ થયો હોય પંરતુ ભારતમાં તે લોકશાહી સરકારનો સ્વીકાર કરવા તૈયાર ન હતો. જેમ્સ મિલે ભારતમાં પછી કે નજીકના ભવિષ્યમાં કોઈ પણ સ્વરૂપની પ્રતિનિધિત્વવાળી સરકારના સ્વીકારનો સતત વિરોધ કર્યો.



આકૃતિ-12 જેમ્સ મિલ

ડેલહાઉસીના વહીવટ દરમિયાન બ્રિટિશ સામ્રાજ્યને સંગઠિત બનાવવાની પ્રક્રિયાએ ભારત વિશેની જુદા-જુદા પ્રકારની બ્રિટિશ સમજને હજી વધારે વિરોધાભાસી રીતે રજૂ કરી. ડેલહાઉસીએ તેની દેશી રાજ્યો પ્રત્યેની ખાલસાનીતિ દ્વારા મિલના દર્શન મુજબના બ્રિટનના કાર્યને-મિશનને આક્રમક રીતે આગળ ધપાવ્યું. તેણે બેન્થામની કેન્દ્રીકરણની પ્રણાલીને અનુસરીને જાહેર બાંધકામખાતુ અને તાર-ટપાલ ખાતાની સેવાઓના અખિલ ભારતીય ધોરણે એક જ વડા હેઠળ અલગઅલગ વિભાગ શરૂ કર્યા. એ રીતે ડેલહાઉસીએ બ્રિટિશ સામ્રાજ્યના કેન્દ્રીય માળખા હેઠળ કાર્યદક્ષ વહીવટીતંત્ર રચવાના વિચારને સંસ્થાકીય સ્વરૂપ આપ્યું. આ નીતિ મનરોના વિવિધ પ્રાદેશિક એકમોના શિથિલ સંઘથી બનેલા ભારત વિશેના દર્શનથી તદ્દન વિરોધી હતી.

તે સાથે ડેલહાઉસી કેટલીક બાબતોમાં ઉદારમતવાદી વલણ પણ અપનાવવા તૈયાર હતો. દાખલા તરીકે તે પોતાની ધારાકીય સમિતિને (કાઉન્સિલને) એ રીતે વિકસાવવા માગતો હતો કે જેમાં બિનસરકારી મંતવ્યના પ્રતિનિધિત્વનો પણ સમાવેશ થાય. આ ધારાકીય સમિતિના સંચાલન માટે તેણે બ્રિટિશ પાર્લામેન્ટની કાર્યવાહીને લગતા કેટલાક નિયમોની પણ જોગવાઈ કરી હતી. તેણે ધારાકીય સમિતિમાં ભારતીય સભ્યોને પણ દાખલ કરવાની તરફેણ કરી. અંગ્રેજી શિક્ષણના ફેલાવા માટે તે મેકોલેના મંતવ્ય સાથે સંમત હતો, અને તેના સાથી અધિકારી થોમસન સાથે તેણે બહોળા પ્રમાણમાં પ્રાદેશિક ભાષાઓમાં શિક્ષણ આપવાની પદ્ધતિને પણ પ્રોત્સાહન આપ્યું. આ રીતે ડેલહાઉસી આધુનિક ભારતનો ઘડવૈયો કહી શકાય.

પરંતુ કાયદો, જમીનને લગતી મિલકત અને શિક્ષણને લગતી નીતિના માધ્યમ દ્વારા ભારતીય સમાજમાં પરિવર્તન લાવવાનો ઉત્સાહ ધીરેધીરે ઘટતો ગયો. કાનૂનસંગ્રહ, મહેસૂલી વહીવટ, શિક્ષણ અને ભારતીય બ્રિટિશ સામ્રાજ્યના સંગઠન સાથે હવે સરકારનું ધ્યાન વહીવટીતંત્રની કાર્યદક્ષતા પર કેન્દ્રિત થયું. હવે વહીવટીતંત્રમાં કાર્યક્ષમતા અને તર્કસંગત વ્યાવહારિક દૃષ્ટિને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું. શાસનતંત્ર માટે હજી ઉપયોગિતાવાદી દલીલનો ટેકો લેવામાં આવતો હતો. દા.ત. મેકોલે હેઠળના વિવિધ કાનૂન-સંગ્રહોમાં પરિવર્તન લાવવા આ પ્રકારની દલીલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરંતુ એકંદરે સમાજમાં સુધારા કે પરિવર્તન લાવવાની ભાવના ઓછી થઈ ગઈ.

આ સમયના પાછળથી આવેલા વહીવટી અધિકારીઓએ હંમેશાં દાવો કર્યો કે બ્રિટિશરાજ કાનૂન દ્વારા ચાલતું તંત્ર છે. તેમ છતાં તે વખતે એ પણ દલીલ કરવામાં આવતી કે કાર્યક્ષમ વહીવટ માટે બળનો ઉપયોગ કરવો પણ જરૂરી છે અને તેને રાજકીય પરિવર્તન કે સુધારાની વિચારણા હેઠળ વાજબી ઠરાવવાની જરૂર નથી. બ્રિટિશ વહીવટના પોલાદી ચોકઠામાં રહીને સારી અને કાર્યક્ષમ સરકારના સિદ્ધાંત હેઠળ જ ભારતમાં પરિવર્તન લાવવા ઉપયોગિતાવાદી પ્રવૃત્તિને સ્થાન મળ્યું. ટૂંકમાં, ઉપયોગિતાવાદી સિદ્ધાંત કરતાં કાર્યક્ષમતાના સિદ્ધાંતને જ વધારે મહત્ત્વ આપવામાં આવ્યું.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. મનરો કોર્નવૉલિસનો શા માટે ટીકાકાર હતો ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

2. બૅન્ટિક ભારતમાં સામાજિક પરિવર્તન કેવી રીતે લાવવા માગતો હતો ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

3. જેમ્સ મિલ ભારતમાં લોકશાહી દાખલ કરવાની તરફેણમાં હતો ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

4. જમીન-મહેસૂલના પ્રશ્નને હલ કરવા ઉપયોગિતાવાદીઓએ કેવી રીતે પ્રયાસ કર્યો ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

5. ડેલહાઉસી દેશી રાજ્યોને ટકાવવા માગતો હતો ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

6. ડેલહાઉસીને આધુનિક ભારતનો ઘડવૈયો કહી શકાય ? સદૃષ્ટાંત ઉત્તર લખો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

## 13.6 સારસંક્ષેપ (Conclusion)

દરેક શાસનને પોતાના બૌદ્ધિક સમર્થનની જરૂર રહે છે. આ એકમમાં આપણે જોયું કે ભારતમાં તેની સત્તાના વિસ્તારના સમય દરમિયાન બ્રિટને આ દેશને સુધારવા માટેની પોતાની જવાબદારીઓની કલ્પના કરી; તો બીજી બાજુ, તેણે લૂંટ, આક્રમણ અને દ્રવ્યલોભના પોતાના સ્વાર્થી ઇતિહાસની સ્તુતિ કરી. સાથેસાથે તેણે પોતાના વહીવટકારોમાં હેતુનું સિંચન પણ કર્યું, આ હેતુનું સ્વરૂપ બધા વહીવટકારો માટે

એક જ પ્રકારનું ન હતું. આપણે જોઈ ગયાં તેમ વિલિયમ જોન્સ જેવા પૌર્વાત્યવાદીઓ, ચાર્લ્સ ગ્રાંટ જેવા ખ્રિસ્તીધર્મપ્રચારકો, જેમ્સ મિલ જેવા ઉપયોગિતાવાદીઓ અને મનરો કે ડેલહાઉસી જેવા અધિકારીઓની દૃષ્ટિએ જુદાજુદા હેતુઓ હતા. એ રીતે પૌર્વાત્યવાદીઓની ભારત વિશેની વિભાવના અથવા એવેન્જેલીકોની અહીંના લોકોના ''આત્માને બચાવવાની'' ઝુંબેશ અથવા નૈતિક તેમજ ભૌતિક સુધારાના સંદર્ભમાં ઉપયોગિતાવાદીઓની ''વધુમાં વધુ લોકોનું વધુમાં વધુ શ્રેય'' વિશેની ગણતરી વગેરે અંગેની વિચારપદ્ધતિ વચ્ચે પણ ઘણો તફાવત હતો. આ વિચારોની વિવિધતા હોવા છતાં ભારતમાં બ્રિટનના 'જીવનકાર્ય-મિશન' વિશે કરવામાં આવેલી કલ્પનાએ આ વિવિધ વિચારોને સાંકળીને તેમની પ્રવૃત્તિમાં એકતા પેદા કરી. વસ્તુદર્શી રીતે જોતાં આ વિચારો અને વ્યક્તિઓએ એક જ કાર્ય કર્યું અને તે ભારતમાં બ્રિટિશ સામ્રાજ્ય સ્થાપવાનું.

## 13.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. જુઓ પેટા વિભાગ 13.2.1
2. જુઓ વિભાગ 13.3
3. જુઓ પેટા વિભાગ 13.2.2
4. જુઓ વિભાગ 13.4

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. જુઓ પેટા વિભાગ 13.4.2
2. જુઓ પેટા વિભાગ 13.5.2
3. જુઓ પેટા વિભાગ 13.5.3
4. જુઓ પેટા વિભાગ 13.5.2
5. જુઓ પેટા વિભાગ 13.5.3

## 13.8 ચાવીરૂપ શબ્દો

**એવેન્જેલીકનવાદ :** 18મી સદીના ઇંગ્લેન્ડમાં ચાલેલું પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તી સંપ્રદાયનું આંદોલન જેમાં રૂઢિચુસ્ત સ્થાપિત દેવળની પ્રણાલી કરતાં વ્યક્તિગત અનુભવો અને ધર્મગ્રંથોના અભ્યાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## 13.9 સંદર્ભ-ગ્રંથો


**C. A. Bayly :** The New Cambridge History of India, Vol. II, I, *Indian Society and the Making of the British Empire.*

**P. J. Marshal :** The New Cambridge History of India. Vol. II, Bengal, *The British The British Bridgehead, Eastern India,* 1740-1827.

**R. C. Majumdar (ed.) :** *British Paramountcy and Indian Renaissance*, Vol. IX, Part-1 Bharatiya Vidya Bhavan (Publication).

**N. K. Sinha (ed.) :** *Economic History of Bengal*, Vol. 3.

**Michael H. Fisher :** *A Clash of Cultures : Awadh, The British and the Mughals.*

**Richard B. Barnett :** *North India Between Empires : Awadh, The Mughals and The British.*

**S. N. Sen :** Anglo-Maratha Relations, 1785-1796.

**Eric Stokes :** *English Utiliterians and India.*